પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

દેવા માટે દાન,
લેવા માટે જ્ઞાન અને ત્યાગવા
માટે અભિમાન સર્વશ્રેષ્ઠ છે.

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૦-૨-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૯૩

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

શોર્ટેક્ષ - વિશાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
98242 00970
અપ્પુ

ન્યુક્લિયર ડીલમાં ઈરાન ઝુકશે?

# યુદ્ધ થશે તો અમેરિકાની લશ્કરી તાકાત સામે ઈરાન વિશ્વ વેપારને "ખોરવી" નાંખશે?

## ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દઈએ, ટ્રમ્પનું ૧૦ દિવસનું અલ્ટીમેટમઃ અમેરિકાએ મધ્યપૂર્વમાં તેની તાકાત વધારી, હાલમાં બે એરક્રાફ્ટ કેરિયર, ૧૨ યુદ્ધ જહાજ, કેટલાય લડાકુ વિમાન, કેટલીય એર ડિફેન્સ સિસ્ટમ મધ્યપૂર્વમાં ગોઠવી દીધા

**અબતક, રાજકોટ**

અમેરિકા અને ઈરાન વચ્ચે આ સપ્તાહમાં ગમે ત્યારે યુદ્ધ શરુ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે. આ વચ્ચે ટ્રમ્પે બોર્ડ ઓફ પીસની બેઠકમાંથી ખામેનેઈને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દે. અમેરિકાનો દાવો છે કે ઈરાન અમારી શરતો માનતું નથી અને તેથી હવે તેની સામે લશ્કરી કાર્યવાહી કર્યા વગર છૂટકો જ નથી.

યુદ્ધ થશે તો અમેરિકાની લશ્કરી તાકાત સામે ઈરાન વિશ્વના વેપારને "ખોરવી નાંખશે?જો અમેરિકા અને ઈરાન વચ્ચે પૂર્ણ યુદ્ધ થાય તો ઈરાન વિશ્વના તેલ વેપારને ગંભીર રીતે અસર કરી શકે છે.તેલના ભાવ વધવાથી ભારત, ચીન, યુરોપ જેવા દેશોને મોટો ફટકો પડશે.

### યુદ્ધ થશે તો વિશ્વ આખાનું અર્થતંત્ર ડામાડોળ થઇ જશે

અમેરિકા અને ઈરાન યુદ્ધની સૌથી મોટી અસર તેલના બજાર પર પડી શકે. ઈરાન વિશ્વના મોટા તેલ ઉત્પાદક દેશોમાંનું એક છે અને તેની પાસે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ છે આ સાંકડી સમુદ્રી ધારીમાંથી વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ પસાર થાય છે. જો ઈરાને આને બ્લોક કર્યું અથવા તેલની સપ્લાયમાં વિક્ષેપ થઇ શકે. તેલની કિંમતોમાં ભારે ઉછાળો આવી શકે છે.અમેરિકા-ઈરાન યુદ્ધ વિશ્વ અર્થતંત્રને ખરેખર ડામાડોળ કરી શકે છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ અંગે જિનીવામાં વાતચીત ચાલી રહી છે, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રના ધમકીભર્યા નિવેદનો અને અમેરિકાના વધુ યુદ્ધ જહાજોના વિસ્તારને કારણે તણાવ વધ્યો છે.

ઈરાને સ્પષ્ટ કહ્યું છે કે જો અમેરિકા હુમલો કરશે તો તેઓ પહેલા કરતાં વધુ જોરદાર જવાબ આપશે, જેમાં હોર્મુઝ જળસંધિને લક્ષ્ય બનાવવાનો સમાવેશ થઈ શકે છે.

જો કે અમેરિકાનો આ હુમલો અગાઉ કરવામાં આવેલી ૧૨ દિવસની કાર્યવાહીની તુલનાએ ઘણો મોટો હુમલો હશે અને તે અનેક અઠવાડિયાઓ સુધી ચાલી શકે છે. અમેરિકાએ મધ્યપૂર્વમાં તેની તાકાત વધારી છે. હાલમાં બે એરક્રાફ્ટ કેરિયર, ૧૨ યુદ્ધજહાજ, કેટલાય લડાકુ વિમાન, કેટલીય એર ડિફેન્સ સિસ્ટમ મધ્યપૂર્વમાં ગોઠવવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ૧૫૦થી વધુ અમેરિકન લશ્કરી કાર્ગો વિમાનો અને શસ્ત્રો તથા દારૂગોળો પહોંચાડવા ઉડયા હતા. છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમેરિકાએ મધ્યપૂર્વમાં તેના લશ્કરી પુરવઠાની સંખ્યામાં વધારો કર્યો છે. તેમા ૫૦થી વધારે લડાકુ વિમાનોને મધ્યપૂર્વમાં ગોઠવ્યા છે. આ જબરદસ્ત લશ્કરી જમાવટે સમગ્ર વિશ્વમાં ડર પેદા કર્યો છે અને ગમે ત્યારે વધુ એક વિનાશક યુદ્ધ શરૂ થઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે આ યુદ્ધ શરૂ થયું તો કંઈ તાત્કાલિક પૂરુ નહીં થાય. આ યુદ્ધ અઠવાડિયાના અઠવાડિયાઓ સુધી જારી રહેશે.



વ્હાઈટ હાઉસના જણાવ્યા મુજબ ટ્રમ્પ ઈરાનના વલણથી ખાસ્સા નારાજ છે. એક લશ્કરી અધિકારીએ દાવો કર્યો કે આગામી સપ્તાહોમાં લશ્કરી કાર્યવાહી કરવામાં આવે તેવી સંભાવના ૯૦ ટકા છે. અમેરિકી સેનેટર ટ્રેડ- ક્રૂઝે કહ્યું છે કે, આયાતુલ્લાહ અલી ખોમેનેઈ પાસે હવે માત્ર એક જ વિકલ્પ રહ્યો છે તે છે સત્તા છોડવાનો ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ક્રૂઝે કહ્યું હતું, તેમનું રાજ્ય ખતમ થઈ ગયું છે મને નથી લાગતું કે પ્રમુખ ટ્રમ્પ તેની વાતોમાં આવી જાય.

### સોનું ભડકે બળશે, શેરબજારનો સોંથ બોલી જશે

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ ગંભીર બની રહી છે. જો યુદ્ધ થશે તો સોનું ભડકે બરશે હાલમાં જ તણાવને કારણે સોનું ૫,૦૦૦ ડોલર પ્રતિ ઔંસની આસપાસ પહોંચી ગયું છે. યુદ્ધ થશે તો સેફ-હેવન તરીકે સોનું વધુ ભડકે બળશે.કદાચ નવા રેકોર્ડ તોડશે. ભારતમાં એમસીએક્સ ગોલ્ડ પણ ભારે ઉપર જશે. શેર બજાર માં ભારે ઘટાડો જોવા મળશે. કારણ કે યુદ્ધથી ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચશે.યુદ્ધ ન થાય તે માટે વાતચીત ચાલુ છે અને ટ્રમ્પ કહે છે કે ડીલ થઈ શકે છે. પણ જો ન થાય તો મધ્ય પૂર્વમાં મોટો વિસ્ફોટ થઈ શકે છે, જેની અસર આખી દુનિયાના બજારો પર પડશે.

# એપ્રિલથી ૨૨ રાજ્યમાં મતદાર યાદી સુધારણા માટે એસઆઈઆર પ્રક્રિયા શરૂ થશે

## ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વહેલી તકે સુધારણા કામગીરી પૂર્ણ કરવા ચૂંટણી પંચનો નિર્દેશ

**અબતક, રાજકોટ**

બિહાર પછી પશ્ચિમ બંગાળ, આસામ સહિત ૧૨ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં મતદાર યાદીમાં એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે અને પૂરી થવાના તબક્કામાં છે. જોકે, વિવિધ રાજ્ય સહિત કેન્દ્ર શાસિત પ્રદેશમાં હવે આ પ્રક્રિયા ક્યારે શરુ થશે તો એના અંગે આજે ચૂંટણી પંચે સૌથી મહત્ત્વની માહિતી આપી હતી.દિલ્હી, હરિયાણા અને હિમાચલ પ્રદેશ સહિત ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) એપ્રિલમાં શરૂ થવાની સંભાવના છે. ચૂંટણી પંચે આ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને તેમની તૈયારીઓ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એસઆઈઆર સંબંધિત તેમની તમામ પ્રારંભિક તૈયારીઓ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે જેથી આ મેગા-અભિયાન એપ્રિલમાં કોઈ પણ અડચણ વિના શરૂ કરી શકાય.મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ચંડીગઢ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગણા અને ઉત્તરાખંડમાં એસઆઈઆરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને લખેલા પત્રમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણાનો આદેશ ગયા વર્ષે જૂનમાં આપવામાં આવ્યો હતો. બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી અને નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહી છે. આસામમાં એસઆઈઆરને બદલે 'સ્પેશિયલ રિવિઝન' ૧૦ ફેબ્રુઆરીએ પૂર્ણ કરવામાં આવ્યું હતું.ચૂંટણી પંચે જણાવ્યું છે કે ઉપરોક્ત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં એસઆઈઆર એપ્રિલ ૨૦૨૬માં શરુ થવાની અપેક્ષા છે, તેથી તેના સંબંધિત વિવિધ કામગીરી ઝડપથી પૂરી કરવામાં આવે. અહીં એ જણાવવાનું કે બિહારમાં એસઆઈઆરને લઈ રાજકારણ ગરમાયું હતું. એના પછી પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુમાં પણ એસઆઈઆર મુદ્દે ચૂંટણી પંચ પર વિપક્ષી પાર્ટીએ ગંભીર આરોપ મૂક્યો હતા. વિપક્ષના આરોપોને ચૂંટણી પંચે ફગાવ્યા હતા તેમ જ સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી તથા હાલમાં આ કેસ પણ વિચારણા હેઠળ છે.



# ટ્રમ્પે ગાઝા પટ્ટી માટે શાંતિ મંત્રણા યોજીઃ પાકે. ઝંપલાવ્યું તો ભારતે નિરીક્ષણ કર્યું

## ગાઝા પટ્ટીના પુનર્વિકાસ માટે આયોજિત પ્રથમ બેઠકમાં ભારતે સભ્ય તરીકે જોડાવવાને બદલે માત્ર ઓબ્ઝર્વર તરીકે સાવચેતી સાથે હાજરી આપી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા પટ્ટીના પુનર્વિકાસ માટે સ્થાપિત 'બોર્ડ ઓફ પીસ ઓન ગાઝા' ની પ્રથમ બેઠક ગુરુવારે વોશિંગ્ટન ડીસી સ્થિત 'ડોનાલ્ડ જે ટ્રમ્પ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ' ખાતે યોજાઈ હતી. ભારતે આ પહેલમાં સત્તાવાર સભ્ય તરીકે જોડાવાને બદલે માત્ર એક 'ઓબ્ઝર્વર' (નિરીક્ષક) દેશ તરીકે સાવચેતીપૂર્વક હાજરી આપી હતી. આ બેઠકમાં ભારતીય દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સ નામગ્યા ખામ્પાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ નવા બોર્ડ માટે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા તરફથી ૧૦ અબજ ડોલરનું ભંડોળ પૂરું પાડવાની જાહેરાત કરી છે.





આ બોર્ડનું માળખું ટ્રમ્પના વર્ચસ્વને કેન્દ્રમાં રાખીને બનાવાયું છે; જેમાં ટ્રમ્પને વીટો પાવર મળશે અને તેઓ રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી પણ આ બોર્ડના વડા તરીકે ચાલુ રહી શકશે. બોર્ડમાં બે વર્ષની મુદતની સામાન્ય સભ્યપદ ઉપરાંત, જે દેશો કાયમી સભ્યપદ મેળવવા માંગે છે તેમણે ૧ અબજ ડોલરની માતબર રકમ ચૂકવવી પડશે.

હાલમાં આ બોર્ડમાં આર્જેન્ટિના, આર્મેનિયા, અઝરબૈજાન, હંગેરી,

(અનુ. આઠમા પાને)

### "પૈસા બોલતા હૈ"... ટ્રમ્પની વધુ એક શેખી

### ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકીથી ભારત-પાક યુદ્ધ અટકયું

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની ટેરિફ-કેન્દ્રિત નીતિના વખાણ કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી સૈન્ય તંગદિલી દરમિયાન તેમણે બંને દેશો પર ૨૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી, જેના કારણે બંને દેશોએ યુદ્ધ રોકી દીધું હતું. ટ્રમ્પે આ નિવેદન તેમના દ્વારા સ્થાપિત 'બોર્ડ ઓફ પીસ'ની એક ઈવેન્ટમાં આપ્યું હતું. આ સમયે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ પણ હાજર હતા. ટ્રમ્પે પોતાની ભૂમિકાના વખાણ કરતા કહ્યું કે તેમણે બંને પરમાણુ સંપન્ન દેશો વચ્ચે "ભીષણ યુદ્ધ" અટકાવીને અઢી કરોડ લોકોના જીવ બચાવ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું કે, "તે સમયે યુદ્ધ ચાલી રહ્યું હતું, ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવી રહ્યા હતા. મેં બંને નેતાઓ સાથે ફોન પર વાત કરી. હું વડાપ્રધાન મોદીને સારી રીતે ઓળખતા હતા. મેં તેમને કહ્યું કે જો તમે આ વિવાદ નહીં ઉકેલો તો હું તમારી સાથે કોઈ વેપાર કરાર નહીં કરું અને તમારા દેશો પર ૨૦૦ ટકા ટેરિફ લગાવી દઈશ."ટ્રમ્પના જણાવ્યા અનુસાર, બંને દેશો લડવા માંગતા હતા, પરંતુ જ્યારે આર્થિક નુકસાનની વાત આવી ત્યારે તેઓ પાછળ હટી ગયા. ટ્રમ્પે કહ્યું, "જ્યારે પૈસાની વાત આવે છે, ત્યારે પૈસા જેવું બીજું કંઈ નથી. જ્યારે તેમને ઘણું મોટું આર્થિક નુકસાન થવાની સંભાવના દેખાઈ, ત્યારે તેમણે કહ્યું કે, અમારે લડવું નથી. આ દરમિયાન ૧૧ જેટ્સ તોડી પાડવામાં આવ્યા હતા જે ખૂબ મોંઘા હતા."

સુરક્ષા ક્ષેત્રે પણ આત્મનિર્ભર ભારત

# ૩૫૦૦ કિમી દૂર દુશ્મનના દાંત ખાટા કરી શકે તેવી ૭ હજાર ટનની સબમરીન નૌસેનામાં જોડાવા સજ્જ

## આ સબમરીન પાણીની અંદર એટલી શાંતિથી ચાલે છે કે દુશ્મન તેને પકડી શકશે નહીં

ભારતની સુરક્ષા રણનીતિમાં હવે એક નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. અત્યાર સુધી આપણે જમીન અને આકાશથી દુશ્મનોને જવાબ આપવા સજ્જ હતા, પણ હવે સમુદ્રના ઊંડા પેટાળમાં ભારતની તાકાત અનેકગણી વધી જશે. ભારતીય નૌસેના ટૂંક સમયમાં તેની ત્રીજી સ્વદેશી પરમાણુ સબમરીન 'INS અરિધમન' ને પોતાની સેનામાં સામેલ કરવા જઈ રહી છે. આ માત્ર એક સબમરીન નથી, પરંતુ દુશ્મનો માટે એક એવો 'અદ્રશ્ય યોદ્ધા' છે જે હિંદ મહાસાગરમાં ભારતની આણ વર્તાવશે અને પાડોશી દેશોની ઊંઘ હરામ કરી દેશે. તે સ્વદેશી છે, જે આત્મનિર્ભર ભારતની ઝલક આપે છે.



ભારતની દરિયાઈ શક્તિમાં ટૂંક સમયમાં અભૂતપૂર્વ વધારો થવા જઈ રહ્યો છે. ભારતની ત્રીજી સ્વદેશી પરમાણુ સબમરીન 'ઈંગજ અરિધમન' આ વર્ષે એપ્રિલ-મે મહિના સુધીમાં ભારતીય નૌસેનામાં સામેલ અંતિમ તબક્કામાં છે. આ અગાઉની 'અરિહંત' અને 'અરિઘાત' કરતા મોટી (૭,૦૦૦ ટન) છે. તે ૩,૫૦૦ કિમી દૂર સુધી નિશાન સાધી શકતી K-4 મિસાઈલથી સજ્જ હશે, જે આખા

(અનુ. આઠમા પાને)

# થાઈરોઈડ અને ઈન્ફેક્શનમાં વપરાતી દવાઓથી 'સાવધાન'!!!

## વ્યાપકપણે વપરાતી ડોક્સીસાયક્લાઈન અને કાર્બીમાઝોલ દવાની ગંભીર આડઅસરોથી સેફ્ટી વોર્નિંગ જાહેર કરી

**અબતક, રાજકોટ**

શું તમે પણ ખીલ, શ્વાસની તકલીફ કે થાઈરોઈડ માટે નિયમિત દવા લો છો? જો હા, તો સાવધાન થઈ જજો કારણ કે ભારત સરકારના ડ્રગ રેગ્યુલેટરે બે વ્યાપકપણે વપરાતી દવાઓ ડોક્સીસાયક્લાઈન અને કાર્બીમાઝોલ માટે નવી અને કડક સેફ્ટી વોર્નિંગ જાહેર કરી છે. રાષ્ટ્રીય કક્ષાની સુરક્ષા સમીક્ષા બાદ લેવામાં આવેલા આ મોટા નિર્ણય હેઠળ, હવે આ દવાઓના પેકિંગ અને માહિતી પત્રિકામાં ગંભીર આડઅસરોનો ઉલ્લેખ કરવો ફરજિયાત બનશે.

કેન્દ્રીય ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન અને ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ, ડોક્સીસાયક્લાઈન જેવી એન્ટિબાયોટિક, જે સામાન્ય રીતે શ્વાસના ચેપ, ખીલ અને પેશાબની નળીઓના ઈન્ફેક્શન માટે આપવામાં આવે છે, તેનાથી હવે માનસિક સ્વાસ્થ્ય પર અસર થવાનું જોખમ સામે આવ્યું છે. આ દવાની આડઅસરોમાં હવેથી બેચેની, ચિંતા, ચીડિયાપણું, ગભરામણ અને ચક્કર આવવા જેવા લક્ષણોનો ખાસ ઉલ્લેખ કરવો પડશે. ફાર્માકોવિજિલન્સ પ્રોગ્રામ ઓફ ઈન્ડિયા દ્વારા દર્દીઓના ડેટાની તપાસ કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે.



બીજી તરફ, થાઈરોઈડ (હાઈપરથાઈરોઈડિઝમ) ની સારવારમાં વપરાતી કાર્બીમાઝોલ દવા માટે પણ ગંભીર ચેતવણી

(અનુ. આઠમા પાને)

### શબ્દો વગર પ્રેમની ભાષા સમજાવતા આપણા મૂંગા મિત્રો

# ચાર પગ, બે આંખો અને અનંત વહાલ: આજે પાલતું પ્રાણી પ્રેમ દિવસ

## મનુષ્યની જેમ પ્રાણીઓને પણ પ્રેમની ઝંખના હોય છે, તેઓ આપણા જીવનમાં પ્રેમ અને આનંદ લાવે છે: જે પ્રાણીઓ પાસે ઘર નથી તેને દત્તક લઈને સહાયભૂત થવું અને તેને માટે આશ્રય સ્થાનો અને આહારની પણ વ્યવસ્થા કરવી જરૂરી

પ્રાચિન કાળથી માનવજાતી પશુ-પક્ષીઓ વચ્ચે જીવતો આવ્યો છે, ત્યારે બદલાતા યુગો સાથે માનવીએ જ પર્યાવરણ નષ્ટ કરતાં આ પ્રાણીઓનાં આવાસ છીનવાતા તે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. દુનિયામાં સૌથી વધુ આપણા પાલતું પ્રાણીઓ જ આપણા જીવનમાં પ્રેમ અને આનંદ લાવે છે. આજે લવ યોર પેટ ડે કે રાષ્ટ્રીય પાલતું પ્રાણી દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવાય રહ્યો છે, ત્યારે પૃથ્વીવાસીઓએ આપણી ઈકો સિસ્ટમ સાથે જોડાયેલા પશુ-પક્ષી અને પ્રાણીઓની જાળવણી કરવી જરૂરી છે. આપણે જ વિકાસની હરણફાળમાં તેના આવસો અને ખોરાક છીનવતા ઘણા પ્રાણીઓ પ્રજાતિઓ આજે લુપ્ત થઈ ગયા છે.પાલતું પ્રાણી ક્યારેય ખરીદશો નહીં, દત્તક લો.



પાળતુ પ્રાણી હજારો વર્ષોથી માનવ જીવનનો એક ભાગ રહ્યા છે. જ્યારથી આપણે સભ્યતામાં પહેલું પગલું ભર્યું છે, ત્યારથી પ્રાણીઓ આપણી સાથે જ રહ્યા છે. તે માત્ર પ્રાણી નથી પણ આપણા પરિવારનો હિસ્સો છે.

આજના યુગમાં ઘર આસપાસ કે ફ્લેટ પાસે કુતરા-બિલાડી-કબૂતર જેવા ઘણા પશુ પક્ષીઓ આવે છે, તેને ખોરાક પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. મોટાભાગના પ્રાણીઓ માટે લવ યોર પેટ દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે છેલ્લા દશકામાં આપણા સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ પ્રાણીઓ પાળવાનો ક્રેઝ વધ્યો છે. આજે તો યુવા વર્ગ પણ પોપટ, કબુતર, ડોગ, કેટ અને માછલી જેવા પેટને પાળી રહ્યા છે. ડોગ લવર તો તેના સંતાનો કરતાં પણ તેને વધુ પ્રેમ કરતા જોવા મળે છે. આપણે પાલતુ પ્રાણીને સાચો મિત્ર ગણી શકીએ. રસીકરણ અને કસરત અને તેની માંદગી સમયે તેનું ધ્યાન રાખવું, કારણકે તે મનુષ્યો અને તેમના પાલતુ પ્રાણીઓ વચ્ચે ભાવનાત્મક અને સામાજિક બંધનને મજબૂત બનાવે છે

પાલતુ પ્રાણી તમારી સાથે રહેવા શકય તેટલા પ્રયાસો કરે છે. વૈજ્ઞાનિક તારણો મુજબ પ્રાણીઓ રાખવાથી મનને શાંતી મળે છે. આજે મોટાભાગના લોકોને પ્રાણીઓનો ઉછેર કરવો ગમે છે. વર્ષ ૨૦૦૦ થી આ નેશનલ લવ યોર પેટ ડે ઉજવાય છે.મુખ્યત્વે અમેરિકામાં ઉજવાતા આ દિવસ હવે ભારત સહિત અન્ય દેશોમાં પણ ઉજવાય છે. નિષ્ણાંતો માને છે કે ઘરમાં પ્રાણી રાખવાથી તમારી માનસિક સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળે છે. પ્રાણીઓ તમારી એકલતા અને તણાવને દૂર કરે છે. આજના દિવસે તમારા પાલતુ પ્રાણીને લઈને બહાર ફરવા જાવ ને સરસ સેલ્ફી લો અને તેના માટે વિવિધ વસ્તુઓ લઈને તેને શણગારીને વિવિધ રમકડાંથી રમાડીને ખૂબજ પ્રેમ કરો.

આજે પાલતું પ્રાણી પ્રત્યે પ્રેમ-હૂંફ-કરૂણા દર્શાવવાનો દિવસ છે. માનવજીવન સાથે પશુ પંખીઓ આદી કાળથી જોડાયેલ છે. તેના વગર માનવ જીવન શકય નથી. પર્યાવરણની સુરક્ષા માટે પણ પાલતું પ્રાણી હોવા જરૂરી છે. આજે તો પ્રાણીઓ ઉપર થતી હિંસાઓ સામે કાયદાકીય જોગવાઈ છે. પણ વર્ષો અગાઉ આવું નહતુ માણસો પ્રાણીઓનાં શિકાર કરતા હતા, જેને કારણે ઘણા નાશ પામ્યા. પાલતુ'' શબ્દ સૌ પ્રથમ ૧૬મી સદીમાં શરૂ થયો, જે મૂળ રૂપે હાથથી ઉછેરેલા ઘેટાંનો ઉલ્લેખ કરે છે. આજે પેટ લવર કલબ દ્વારા વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે. જેમાં પોતાના પાળેલા ડોગ, કેટ, ઘોડો ,ગાય , ભેંસ, પોપટ, વિગેરે પશુ પંખીઓને પોતાના સંતાનો કરતાં પણ વધુ વહાલ કરી ને તેનો ઉછેર કરી રહ્યા છે. ઘર આંગણાનાં પશુ પક્ષી, પ્રાણી સાથે કુદરતી ખોળે જંગલમાં રહેતા જંગલી પ્રાણીઓ વિગેરેની રક્ષણ જતનની જવાબદારી આપણી છે, તે આજનો દિવસ સૌને યાદ કરાવે છે. આજે સમગ્ર દેશમાં પાળેલા જાનવરો પ્રત્યે આપણે રાષ્ટ્રીય પ્રેમ દિવસ ઉજવીએ છીએ. માનવજાતીએ સભ્યતાનું પગલુ માંડયું ત્યારથી જાનવરો આપણી સાથે વર્ષો પહેલા આદીકાળમાં ભેડીયા સદીઓથી માનવજાતી સાથે રહેતા હતા. બાર હજાર વર્ષ પહેલા કૂતરા બિલાડીને પણ કબ્રમાં દફનાવતાની નોંધ પૂરાણ ગ્રંથોમાં છે. આ બધા ઉપરથી નક્કી થાય કે માનવજાતને પ્રાણીઓ સાથે બહુ જૂનો નાતો છે. વિશ્વમાં પહેલીવાર ૧૬૦૦ના દશકામાં રમકડાનાં(ટોય બ્રીડ) ડોગની પ્રજાતિ રાખવાની શરૂઆત થઈ. સ્પેનમાં ૧૯૬૦માં પક્ષી બજાર શરૂ થઈ હતી, પછી તો અમેરિકન કેનલ કલબ દ્વારા ડોગ શો શરૂ થયા, જે આગળ જતા આ પ્રાણી પ્રેમ દિવસ તરીકે ઉજવણી થવા લાગી છે.ટાઈમ લાઈન મુજબ ૧૨૨૬ માં જાનવરો અને પર્યાવરણ સંરક્ષક સંત ફ્રાંસીસની યાદમાં ૪ ઓકટોબરે તથા ૧૯૨૫ માં જર્મનીમાં વિશ્વ પશુ દિવસ સાથે ૨૦૦૪માં અમેરિકામાં રાષ્ટ્રીય ડોગ ડે ઉજવાયો હતો. આજે ૨૧મી સદીમાં પાલતુ પશુ પક્ષી રાખવાનો ક્રેઝ વધ્યો છે. આજે તો નાના બાળકોથી મોટેરા તમામને પોતે પાળેલ ન હોય છતાં તે પ્રાણી પ્રત્યે પ્રેમ હુંફ લાગણી પ્રગટ કરે છે, અને તેને ભોજન પણ આપે છે. સ્ટ્રીટ ડોગ પ્રત્યે તથા તેની મુશ્કેલીમાં મદદ કરવાની યુવા વર્ગમાં સારી જાગૃતિ આવી છે. આજે તમારા પાલતુ જાનવર ને કંઈક નવીન બનાવો, ફરવા લઈ જાવ, હગ કરો સાથે પ્રેમ-હુંફ અને લાગણી સાથે શ્રેષ્ઠ લાલન પાલન કરો. આજના દિવસે કોઈ પાલતુ જાનવરને દત્તક પણ લઈ શકો છો. આજે કોઈ પણ જાતની શર્ત વગર તમારા પાળેલા ડોગ , કેટ, પોપટ વિગેરેને પ્રેમ કરો. કોઈપણ પાલતુ જાનવર આપણી પાસે આવે ત્યારે આપણો ચહેરો ખુશ થાય છે.



### માનવીએ સૌથી પહેલા વરૂ પાળવાનું શરૂ કર્યુ હતુ

દસ હજાર બીસી માં જંગલી રાજ્યમાંથી પાળેલા રાજ્યમાં રૂપાંતર કરવા માટે માનવીએ પ્રથમ પ્રાણી વરૂ ને પાળવાનું શરૂ કરેલ. કુતરાના પુરોગામી એ પ્રાણીને તાલીમ આપીને લોકો ઘરે રાખતા હતા. આ અગાઉ પ્રાચીન ઈજિપ્તમાં બિલાડી પાળવામાં આવતી હતી. ત્રણ હજાર બીસી માં રોમન પ્રજા રંગબેરંગી પોપટ પાળતા હતા. ૩૧૦૦ બીસીમાં ઈજિપ્તવાસીઓ શિકાર કરવા અને રક્ષણ માટે કુતરા પાળતા હતા. ૧૮૫૦ માં કેમેરાની શોધ થઈ ત્યારે પ્રથમવાર પોતાના પાલતું પ્રાણી સાથે ફોટોગ્રાફ લઈને આનંદ માળેલો, જે ફોટાની ૨૦૦૯ માં લીલામી કરતા ૮ હજાર ડોલર્સમાં વેચાયો હતો. આજના દિવસે લોકો પોતાના પ્રાણી ડોગ, બર્ડ, કેટ સાથેના ફોટા સોશિયલ મીડિયામાં શેર કરીને ઉજવણી કરે છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી

# ‘અર્હમ યુવા સેવા ગ્રુપ’નાં સથવારે ‘એનિમલ હેલ્પલાઈન’ દ્વારા દવાખાનામાં નિ:શુલ્ક સારવાર

## ૧૯૦૦૦ પશુઓની સારવાર અને ૫૬૪ મેજર ઓપરેશન કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ૨૨ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૨૨ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય','એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે.



અનેક સુવિધાઓથી સજજ પશુ દવાખાનામાં પશુ-પક્ષીઓ માટે ICU અને વેન્ટિલેટરની સુવિધા, ગંભીર બીમારી વાળા કેસ માટે તમામ પ્રકારના લોહીના, લીવર-કીડનીના રીપોર્ટની સુવિધા, પશુ અને પક્ષીઓની બ્લડલેસ આધુનિક મશીનો દ્વારા સર્જરી, પશુ-પક્ષીમાં તૂટેલા હાડકાના પ્લેટિન્ગના, પથરીના, પેટ અને આંતરડા, આંખ, કેન્સર વગેરેના ઓપરેશન, પશુઓ માટે ની આધુનીક મશીન વડે તપાસની સુવિધા,પશુ-પક્ષીના તમામ પ્રકારના રોગો માટેની સારવાર, પશુ-પક્ષીઓને તમામ પ્રકારની રસી આપવાની સુવિધા અને પશુ-પક્ષીઓની જાળવણી, માવજત, ખોરાક સંબંધી માર્ગદર્શન વિગેરે પ્રકારની અતિ આધુનિક તમામ પ્રકારની સારવાર દવાખાનામાં નિ:શુલ્ક આપવામાં આવે છે.


# વિશ્વમાં સૌ પ્રથમ હવાઈ ડાક સેવા પ્રયાગરાજ ખાતે ૧૧૫ વર્ષ પહેલા શરૂ થઇ હતી

## દર વર્ષે, અમદાવાદ સ્થિત ફોરેન પોસ્ટ ઓફિસમાંથી હવાઈ ડાક સેવા દ્વારા ૨ લાખથી વધુ ડાક અને પાર્સલ વિદેશમાં મોકલવામાં આવે છે: પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અબતક, રાજકોટ**

સમગ્ર વિશ્વમાં ડાક સેવાઓએ ઘણી લાંબી સફર કરી છે. ભારતનું સૌભાગ્ય છે કે વિશ્વની પ્રથમ હવાઈ ડાક સેવા અહીંથી શરૂ થઈ. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ઐતિહાસિક ઘટના ૧૧૫ વર્ષ પહેલાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ પ્રયાગરાજમાં બની હતી. યોગાનુયોગ એ વર્ષે કુંભ મેળાનું પણ આયોજન થયું હતું. તે દિવસે ફ્રેન્ચ પાઈલટ મોન્સિયર હેનરી પિકેટે નવો ઈતિહાસ રચ્યો હતો. તેઓ પોતાની સાથે ૬,૫૦૦ પત્રો લઈને પ્રયાગરાજથી નૈની સુધી વિમાનમાં ઉડાન ભરી હતી. વિમાન હેવિલેન્ડ એરક્રાફ્ટ હતું અને તેણે વિશ્વની પ્રથમ સરકારી ડાક વહન કરવાના નવા યુગની શરૂઆત કરી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના જણાવ્યા મુજબ, તે દિવસે ડાક ની ઉડાન જોવા માટે લગભગ એક લાખ લોકો પ્રયાગરાજમાં એકઠા થયા હતા જ્યારે સાંજે ૫.૩૦ વાગ્યે એક વિશેષ વિમાને યમુના નદીના કિનારેથી ઉડાન ભરી અને નદી પાર કરીને ૧૫ કિલોમીટરનું અંતર કાપ્યું અને પ્રયાગરાજની બહારની સેન્ટ્રલ જેલની નજીક આવેલા નૈની જંકશન પાસે ઉતર્યું. કાર્યક્રમનું સ્થળ એક કૃષિ અને વેપાર મેળો હતું જે નદીના કિનારે યોજાયો હતો



અને તેનું નામ 'યુપી પ્રદર્શન' હતું. આ પ્રદર્શનમાં બે ફ્લાઈંગ મશીન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. કેટલાક બ્રિટિશ અધિકારીઓ દ્વારા આ વિમાનની આયાત કરવામાં આવી હતી. તેના જુદા જુદા ભાગો હતા જે સામાન્ય લોકોની હાજરીમાં પ્રદર્શન સ્થળ પર ભેગાં કરવામાં આવ્યા હતા. ૧૧૫ વર્ષ પહેલા પ્રયાગરાજથી નૈની જંકશન સુધીની હવાઈ સફર માત્ર ૧૩ મિનિટમાં પૂર્ણ થઈ હતી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી હતી કે અમદાવાદ સ્થિત ફોરેન પોસ્ટ ઓફિસમાંથી દર મહિને ૨૦ હજારથી વધુ ડાક બેગ હવાઈ માર્ગે ભારત અને વિદેશમાં મોકલવામાં આવે છે. આમાંથી, દર મહિને ૨૦ થી ૨૫ હજાર ડાક બેગ ૨૦૦ થી વધુ દેશોમાં મોકલવામાં આવે છે. ૬૦ દેશો માટે સીધી બેગિંગ સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે અન્ય દેશો માટે, દિલ્હી અથવા મુંબઈ જેવા મુખ્ય શહેરોથી ફ્લાઈટ કનેક્ટિવિટી મુજબ વિદેશમાં ડાક મોકલવામાં આવે છે. ફોરેન પોસ્ટ ઓફિસ, અમદાવાદથી દર વર્ષે ૨ લાખથી વધુ પોસ્ટલ બેગ અને પાર્સલ વિદેશમાં મોકલવામાં આવે છે. તે જ સમયે, દેશની અંદર અમદાવાદથી દર મહિને ૧૯ હજારથી વધુ બેગ, જેમાં લગભગ ૮૦,૦૦૦ કિલો વજનના પોસ્ટલ અને પાર્સલનો સમાવેશ થાય છે જે હવાઈ માર્ગે મોકલવામાં આવે છે.

આજે વિશ્વભરમાં સંદેશાવ્યવહારના ઘણા માધ્યમો છે, પરંતુ પત્રોની જીવંતતાનું પોતાનું અલગ સ્થાન છે. આ પત્રો તેમના સમયના જીવંત દસ્તાવેજો છે. આમાંથી કેટલાક પત્રો સાહિત્યના પાનામાં રૂપાંતરિત થયા. આજે, વિમાન દ્વારા દેશ અને વિશ્વમાં ડાક પહોંચી રહી છે, પરંતુ તેનો ઈતિહાસ કુંભ અને પ્રયાગરાજ સાથે અતૂટ રીતે જોડાયેલો છે. આ પત્રો એવા સમયે વૈશ્વિકરણની વિભાવનાને વ્યાખ્યાયિત કરે છે જ્યારે વિદેશ જવું પણ એક દુ:સ્વપન હતું. હવાઈ મેલ સેવાએ માત્ર પત્રોને જ પાંખો નથી આપી પરંતુ લોકોના સપનાઓને ઉડાન પણ આપી છે. ભારત અને વિદેશ વચ્ચે બનેલી વિવિધ ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલી માહિતી અને પાસાઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં હવાઈ મેઈલ સેવાનું યોગદાન હંમેશા અવિસ્મરણીય રહેશે.

# પીએમ વિશ્વકર્મા હાટની મુલાકાત લઈ ગ્રેટર ચેમ્બરના આગેવાનોએ હસ્તકલાના કારીગરોને બિરદાવ્યા




**અબતક, રાજકોટ**

રાજકોટ લઘુ મધ્યમ અને નાના ઉધોગ વન વિભાગ અને કોટેજ રૂરલ ઉધોગના કમિશનરના સંયુકત ઉપક્રમે યોજાયેલા પીએમ વિશ્વકર્મા હાટ ૨૦૨૬ના હસ્તકલા મેળામાં લાકડાના ઉત્પાદનો, હસ્તકલા ,માટીકામ ,શિલ્પકાર ,સુવર્ણકાર અને ઈમીટેશન ઝવેરાત, લુહાર ,ધાતુના ઉત્પાદનો, ફૂટવેર, બાસ્કેટમેટ શાન ના ઉત્પાદનો ઢીંગલી રમકડા ઉત્પાદનો અને વિવિધ પ્રકારના હસ્તકલા ના પ્રદર્શન ની લેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના બધા અધિકારીઓએ મુલાકાત લઈ હસ્તકલાના કારીગરોને બિરદાવ્યા હતા. ગ્રેટર ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ ઝાલાવાડીયા ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બામરોલીયા, મયુરભાઈ શાહ અને પદાધિકારીઓએ વિશ્વકર્મા હાટ ની મુલાકાત લઈ એક એક સ્ટોલની પ્રદર્શિત વસ્તુઓ નું અવલોકન મૂલ્યાંકન અને કારીગરોની કલાનું ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કર્યું હતું આગેવાનોએ ગ્રાહકો અને ખરીદારો સાથે મુલાકાત કરી તેમના અભિપ્રાય લીધા હતા અને ટોલ ધારકોને પ્રોત્સાન આપ્યું હતું અને પ્રજાજનોને આ પ્રદૂષણની અચૂક મુલાકાત લેવા અપીલ કરી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૨-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ટેન્ગી પોટેટો રોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૨-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨૧-૨ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા શુદ ચોથ પંચક સાંજે ૭.૦૮ સુધી
**નક્ષત્ર** રેવતી
**યોગ** શુભ **કરણ:** બવ
**સુર્યોદય** ૭.૧૬ **સુર્યાસ્ત:** ૬.૪૬
**ચંદ્ર રાશી** મીન સાંજે ૭.૦૮થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૫ | ૪ | ૧ | |
| ૪ | ૧ | ૨ | | ૮ | ૭ | | | ૫ |
| ૫ | | | | ૩ | | ૬ | | ૮ |
| | | | | ૯ | | ૮ | ૭ | |
| ૨ | ૯ | | ૭ | | | | | |
| | | ૮ | | ૫ | | | ૬ | ૯ |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| | | ૫ | | | | ૭ | ૯ | ૩ |
| | ૨ | ૪ | ૫ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૮ | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૧.૨.૨૦૨૬, શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ ચોથ, રેવતી નક્ષત્ર, શુભ યોગ, વિષ્ટિ કરણ આજે સાંજે ૭.૦૬ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .

**વૃષભ (બ,વ,ઉ) :** તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :** કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.

**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ) :** તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.

**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.

**મકર (ખ,જ) :** નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.

**કુંભ (ગ,સ,શ ) :** સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.

# ગુજરાતમાં યુસીસીના અમલીકરણ માટે દિલ્હીમાં મહત્વપૂર્ણ ચર્ચા

## યુસીસીના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે: જસ્ટિસ રંજના દેસાઈ



**અબતક, રાજકોટ**

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) ના અમલીકરણ માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત યુસીસીના ડ્રાફ્ટની હાલની પરિસ્થિતિ, પ્રગતિ અને વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સમિતિના અધ્યક્ષ જસ્ટિસ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં યુસીસી ના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે અને દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર મળશે.

આ બેઠકમાં સમિતિ દ્વારા અત્યાર સુધી તૈયાર કરાયેલ કાયદાના મુસદ્દાની સમીક્ષા કરવામાં હતી. જેમાં લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, સમિતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે હેતુથી ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે તમામ સમુદાયોના હિતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. અગાઉ મેળવવામાં આવેલા નાગરિકોના સૂચનો અને વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનો સાથેની ચર્ચાઓ બાદ તૈયાર કરવામાં આવેલા અંતિમ તારણો અંગે સમિતિના સભ્યોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

આ બેઠકમાં સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત આઈએએસ અધિકારી સી. એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર, પૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રાંગધ્રામાં ડબલ ઋતુથી રોગચાળો વકર્યો: હોસ્પિટલો ઉભરાઈ

## ઋતુ ફેરના કારણે શરદીનો વાયરો: સમયસર દવા લેવા તાકીદ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકા તેમજ શહેરી વિસ્તારમાં વાયરલ ઈન્ફેક્શનના કેશો માં વધારો થઈ રહ્યો છે ત્યારે ધ્રાંગધ્રા ની સરકારી હોસ્પિટલમાં દરરોજના ૨૦૦ થી વધુ ઓપીડી ના કેશ આવી રહ્યા છે, ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી હવામાન માં થઈ રહેલા બદલાવ ને કારણે ઠંડી, અને ગરમી જેવી ડબલ ઋતુને લઈને વાતાવરણ જોવા મળી રહ્યું છે, ત્યારે જેને કારણે શરદી, ઉધરસ તાવ, જેવી બીમારીના કેશોમાં વધારો જોવા મળી રહ્યો છે, ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલ સહિત ખાનગી હોસ્પિટલોમાં પણ ઘણા કેશ આવતા હોવાનું જોવા મળ્યું છે. તાલુકા હેલ્થ ઓફીસ ડો હીરામણી એ જણાવ્યું કે થોડા દિવસોથી તાવ શરદી અને, ખાસી ના દદી વધ્યા છે દવાનું વેચાણ વધ્યું છે સામાન્ય દવાને લઈને કાબુમાં આવી જાય છે કોઈ ડરવાની જરૂર નથી.

# અમરેલીના નાના રાજકોટની શાળાના જર્જરીત ઓરડાની જગ્યાએ નવા કલાસ રૂમ બનાવવા મંજુરી

## જુના ઓરડા જોખમી બનતા બાળકોને આચાર્ય ઓફીસે ભણાવાય છે.



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના નાના રાજકોટ ગામે આવેલી પ્રાથમિક શાળામાં છેલ્લા ઘણા સમયથી બાળકોના જીવ જોખમમાં મૂકાયા હતા. આશરે ૪૦ થી ૪૫ વર્ષ જૂની આ શાળામાં કુલ ૬ ઓરડાઓ છે, જેમાંથી ૨ નળિયાવાળા ઓરડાઓ અત્યંત જર્જરિત હાલતમાં હતા. જે ઓરડામાં ૪૦ વર્ષ પહેલાં વાલીઓ ભણ્યા હતા, તે જ જર્જરિત હાલતમાં આજે તેમના સંતાનો ભણવા મજબૂર બન્યા હતા. ગમે ત્યારે મોટી જાનહાનિ થવાની ભીતિ વચ્ચે વાલીઓમાં રોષ અને ભયનો માહોલ જોવા મળ્યો હતો. વાલીઓ અને ગામના સરપંચ રાજેન્દ્ર દેસાઈની સતત રજૂઆતો બાદ આખરે તંત્રએ આ ભયજનક ઓરડાઓને તોડી પાડવાની મંજૂરી આપી દીધી છે. જોકે, શાળાના આચાર્ય અંકિતાબેન પટેલના જણાવ્યા પ્રમાણે જૂના ઓરડાઓ બંધ કરાતા હવે બેઠક વ્યવસ્થાની મોટી અછત સર્જાઈ છે. બાળકોના શિક્ષણ પર અસર ન પડે તે માટે હાલ કેટલાક વિદ્યાર્થીઓને આચાર્યની ઓફિસમાં કોમ્પ્યુટર લેબમાં તો કેટલાકને શાળાના પરિસરમાં બેસાડીને અભ્યાસ કરાવવો પડી રહ્યો છે. સમગ્ર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કિશોર મિયાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ૨ જર્જરિત ઓરડાઓને તોડવાની મંજૂરી અપાઈ ચૂકી છે. હાલમાં શિક્ષણ કાર્ય ચાલુ રાખવા માટે ઉપલબ્ધ ૪ પાકા સ્લેબવાળા ઓરડાઓમાં પાળી પદ્ધતિ થી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આરટીઈ ના નિયમો મુજબ શાળામાં હજુ પણ વધારાના રૂમોની જરૂરિયાત હોવાથી સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત નવા ઓરડા માટેની દરખાસ્ત પણ મોકલી દેવામાં આવી છે.


## જામનગર મહાનગરપાલિકા

**:: ટેન્ડર નિવિદા ::**

**(સને ૨૦૨૫-૨૬)**

જામનગર મહાનગરપાલિકાની લાઈટ શાખા (ફોન નં. ૨૫૫૦૧૩૧, એક્સ. ૫૪૩) દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmctender.nprocure.com પરથી મળી શકશે. આ ટેન્ડર તા.૨૧/૦૨/૨૦૨૬ થી ઓનલાઈન મૂકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજિત ખર્ચ રકમ (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (રૂ.) |
|---|---|---|---|
| 1. | LIGHTING WORK AT POLYTECHNIC COLLEGE RAILWAY CROSSING TO BEDI PORT JUNCTION UNDER SJMMSVY | 25.91 Lacs | 26,000/- |

કંટ્રોલિંગ અધિકારી (લાઈટ), જામનગર મહાનગરપાલિકા
કમિશનર, જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/પી.આર.ઓ./ ૦૩/૧૩૪/૨૦૨૫-૨૬, તા. ૧૯/૦૨/૨૦૨૬


# પટેલ કેળવણી મંડળ, જુનાગઢ

# પટેલ સમાજના આગેવાનો અને વાલીઓ જોગ સંદેશ






પટેલ કેળવણી મંડળ, જુનાગઢ છેલ્લા ૫૭ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે અવિરત સેવા આપી રહ્યું છે. સમાજના અગ્રણીઓની દૂરંદેશી વિચારધારા, દાતાશ્રીઓનો આર્થિક સહયોગ અને અનેક કાર્યકર્તાઓની નિસ્વાર્થ મહેનતના પરિણામે આજે આ સંસ્થા એક વટવૃક્ષ સમાન બની છે. વર્ષોથી સંસ્થા માત્ર શિક્ષણ પૂરું પાડતી સંસ્થા નથી રહી, પરંતુ સંસ્કાર, શિસ્ત અને નૈતિક મૂલ્યોનું સિંચન કરતી એક જીવનદાયિ સંસ્થા તરીકે વિકસિત થઈ છે.

આ સંસ્થા સંચાલિત વિવિધ ૮ યુનિટ ગુણવત્તાસભર શિક્ષણ પ્રદાન કરી રહ્યા છે. શિક્ષણ સાથે સંસ્કારનો સમન્વય એ સંસ્થાની ઓળખ છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ બૌદ્ધિક, શારીરિક અને સાંસ્કૃતિક માટે સતત પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. આધુનિક શિક્ષણ પદ્ધતિઓ, અનુભવી શિક્ષકો અને સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓના કારણે સંસ્થા પર સમાજનો વિશ્વાસ વર્ષોથી અડગ રહ્યો છે.

વિશેષરૂપે, ગર્લ્સ હોસ્ટેલ સંસ્થાનું હૃદય સમાન છે. અહીં રહેનારી દિકરીઓ માત્ર વિદ્યાર્થીનીઓ નથી, પરંતુ સમગ્ર સમાજની આશા અને ભવિષ્ય છે. હોસ્ટેલની વ્યવસ્થા સુચારુ રીતે ચાલે તે માટે હોસ્ટેલ ઈન્ચાર્જ અને કમિટિ દ્વારા કડક શિસ્ત અને પારદર્શક વહીવટ અપનાવવામાં આવે છે. સુરક્ષા, સ્વચ્છતા, પોષણયુક્ત ભોજન, અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ અને નિયમિત દેખરેખ આ તમામ બાબતોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી દિકરીઓ તથા તેમના વાલીઓ તરફથી કોઈ પણ પ્રકારની સત્તાવાર ફરીયાદ પ્રાપ્ત થયેલ નથી. સંસ્થાના સંચાલકો દિકરીઓને પોતાની દિકરીઓ સમજીને જ વહીવટ ચલાવે છે. દિકરીઓનું ભવિષ્ય ઘડવું એ જ અમારું મુખ્ય ધ્યેય છે. વાલીઓ સાથે સંવાદ અને સહકાર જળવાઈ રહે તે માટે સમયાંતરે બેઠક યોજવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન પણ બે જુદા જુદા ગ્રુપ સાથે મિટિંગ યોજાઈ ચૂકી છે, જેમાં કોઈ વાલીએ કોઈ નકારાત્મક મુદ્દો રજૂ કર્યો નથી.

છતાં, દુઃખ સાથે જણાવવું પડે છે કે છેલ્લા કેટલાક સમયથી સંસ્થાની પ્રતિષ્ઠા ખરડાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. કેટલાક સમાચારો અને પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થાને વિવાદમાં ખેંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ખાસ કરીને "૨૪ કલાક છોકરો હોસ્ટેલના બાથરૂમમાં રોકાયો" એવી વાત સદંતર ખોટી, આધારવિહિન અને ઉપજાવી કાઢેલી છે. આ પ્રકારના આક્ષેપો પાછળ કોઈ તથ્ય નથી. સંસ્થા હંમેશા નિયમોનું કડક પાલન કરતી આવી છે અને હોસ્ટેલની સુરક્ષા વ્યવસ્થા મજબૂત છે.

અંતમાં, ફરી એક વાર સમાજના તમામ આગેવાનો અને વાલીઓને વિશ્વાસ આપીએ છીએ કે સંસ્થા સંપૂર્ણ પારદર્શિતા, શિસ્ત અને જવાબદારી સાથે કાર્યરત છે. દિકરીઓની સુરક્ષા અને વિકાસ માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે અને લેવામાં આવશે.

આપ સૌનો વિશ્વાસ, સહકાર અને માર્ગદર્શન અમારે માટે અમૂલ્ય છે. ચાલો, મળીને સંસ્થાની પ્રતિષ્ઠા જાળવીએ અને આપણા સમાજની દિકરીઓને ઉત્તમ ભવિષ્ય આપી શકીએ. એકતા, વિશ્વાસ અને સંવાદ દ્વારા જ કોઈપણ ગેરસમજ દૂર કરી શકાય છે.

પટેલ કેળવણી મંડળ, જુનાગઢ, આપ સૌનો વિશ્વાસ જાળવવા પ્રતિબદ્ધ છે અને રહેશે.

# ગોંડલ બાયપાસ જતી એસટી બસો માટે ફિક્સ સ્ટોપ આપવા માંગ



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ બાયપાસ થતી એસટી બસો માટે ફિક્સ સ્ટોપ આપવા માંગ ઉઠી છે. યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા એ એસટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરતા જણાવ્યું હતું કે ગોંડલ થી બાયપાસ જતી એસટી બસ માટે કોઈ ફિક્સ સ્થળ ન હોવાથી મુસાફરો ખૂબ જ હેરાન થાય છે. હાલ બસ આશાપુરા ચોકડી, ઉમવાડા ચોકડી માર્કેટિંગ યાર્ડ તેમજ ગુંદાળા ચોકડી ઊભી રહે છે પરંતુ કોઈ ફિક્સ સ્ટોપ ન હોવાથી કંડકટર તેમજ મુસાફરોને ક્યાં સ્થળે ઉભું રહેવું તે બાબતે અસમંજસ છે. અનેક કિસ્સાઓમાં કંડકટર અને મુસાફરો વચ્ચે માથાકૂટ પણ થતી હોય છે. ગોંડલ બાયપાસ થી આશરે ૨૫૦ થી વધુ બસો પસાર થાય છે ત્યારે ફિક્સ બાયપાસ સ્ટોપ હોવો જરૂરી છે. અન્ય શહેરોમાં બનાવવામાં આવેલ બાયપાસ પિકઅપ પોઈન્ટ ની જેમ ગોંડલમાં પણ બાયપાસ પિકઅપ પોઈન્ટ બનાવવામાં આવે તો એસટી તંત્ર તેમજ મુસાફરોને ખૂબ જ ફાયદો થશે તો ઉમવાડા બાયપાસ ચોકડી ખાતે ફિક્સ સ્ટોપ આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.


## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

**જાહેર નોટીસ**

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારો લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓના ખાતા એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસની** મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ ઉપરોકત લોન ખાતેદારો/તેમના જામીનો લોન લેતી વખતે તેઓએ આપેલ સરનામાં વાળી જગ્યા છોડી અન્યત્ર જતાં રહેલ હોય કે અન્ય કોઈપણ કારણસર ઉપરોકત નોટીસ તેઓને બજતી ન હોય આથી આ જાહેર નોટીસ ધ્વારા તેઓને જાણ કરવાની કે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૬૦ની** મુદતમાં તેમના ખાતે નિકળતી બેંકની બાકી લેણી રકમ ચડત વ્યાજ વિગેરે સાથે ભરપાઈ કરી જવી. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ઉપરોકત કાયદાની જોગવાઈ પ્રમાણે બેંક પોતાનું લેણુ વસુલ કરવા તેઓની મિલ્કતો જપ્ત કરવા સહિતની આગળની કાર્યવાહી કરશે. જેની આ ખાતેદારોએ તેમજ તેમના જામીનોએ નોંધ લેવી.

| ક્રમ નં. | શાખાનું નામ | ધિરાણનો પ્રકાર તથા ખાતા નંબર | ખાતેદારોના નામ તથા સરનામા | જામીનના નામ તથા સરનામા | ખાતુ એન.પી.એ. થયા તારીખ અને વ્યાજદર | બાકી રકમ | તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકુ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ડો. યાજ્ઞિક રોડ | ઈન્ડસ્ટ્રીયલ લોન (લેન્ડ–બિલ્ડીંગ) ૧૫/૧૬૩/૧/૧૨૩ (SEC-5279) | **વખારીયા સૌરભ વિજયભાઈ** ફલેટ નં. ૩૦૨, સી–૧૨, રવિરત્ન પાર્ક–૨, યુર્નિવસીટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. **વખારીયા સૌરભ વિજયભાઈ** ઓફિસ નં. ૩૨૭, ત્રીજો માળ, "ખોડિયાર કોમ્પલેક્ષ", રજપુતપરા મેઈન રોડ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, રજપુતપરા, રાજકોટ–૩૬૦૦૦૧. **વખારીયા સૌરભ વિજયભાઈ** ફલેટ નં. ડી–૧૦૨, મંગલદીપ એપાર્ટમેન્ટ, પોસ્ટ ઓફિસ પાસે, માધાપર, રાજકોટ–૩૬૦૦૦૬. | **(૧) વખારીયા વિજય હરીભાઈ** ફલેટ નં. ૩૦૨, સી–૧૨, રવિરત્ન પાર્ક–૨, યુર્નિવસીટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. **વખારીયા વિજય હરીભાઈ,** ઓફિસ નં. ૩૨૭, ત્રીજો માળ, "ખોડિયાર કોમ્પલેક્ષ", રજપુતપરા મેઈન રોડ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, રજપુતપરા, રાજકોટ–૩૬૦૦૦૧. **વખારીયા વિજય હરીભાઈ,** ફલેટ નં. ડી–૧૦૨, મંગલદીપ એપાર્ટમેન્ટ, પોસ્ટ ઓફિસ પાસે, માધાપર, રાજકોટ–૩૬૦૦૦૬. **(૨) ધ્રુવ અમિતકુમાર રમણિકલાલ,** "નિધિ", શ્રદ્ધાનગર–૨, શેરી નં.૪, નેહરૂનગર, ૮૦ ફુટ રોડ, અટીકા થી આહિર ચોક, રાજકોટ–૩૬૦૦૦૨. | ૩૧/૧૨/૨૦૨૫ (PLR-3.75) ૧૦.૦૦% | (૩૧/૧૨/૨૦૨૫) **મુદલ રકમ :** ૩,૭૨,૮૪૭=૯૪ **વ્યાજ :** ૧૪,૭૧૩=૦૦ **અન્ય ખર્ચ :** ૩૯=૦૦ **કુલ રૂા.** ૩,૮૭,૫૯૯=૯૪ | રાજકોટ શહેરમાં રજપુતપરા મેઈન રોડ અઘાટ લેખવાળી જમીન પૈકીની જમીન ઉપર આવેલ "ખોડિયાર કોમ્પલેક્ષ" ના નામથી ઓળખાતા કોમર્શીયલ બિલ્ડીંગ માં ત્રીજા માળે આવેલ ઓફિસ નં. ૩૨૭ જેનો કારપેટ એરીયા ચો.ફુ.આ. ૧૬૦–૦૦ જેના ચો.મી.આ. ૧૪–૮૬ છે. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૬૩૨ તા.૧૭/૦૪/૨૦૧૩ થી સૌરભ વિજયભાઈ વખારીયા ના નામે છે તે મિલ્કત. **સીટી સર્વે વોર્ડ નં.૬, સીટી સર્વે નં.૬૧૩, ૬૧૪, ૬૧૫ અને ૬૧૬ પૈકી** |
| ૨ | રૈયારોડ | નાગરિક લઘુ ઉદ્યોગ વેપાર લોન ૨૧/૭૧૭/૨/૨૪૯૮ (SEC-5280) | **વોરા જીજ્ઞેશ નારણશંકર** ફલેટ નં.–૨૦૧, બીજો માળ, વીંગ–એલ, સિદ્ધી–૫, શેઠ નગર પાછળ, નાગેશ્વર સામે, જામનગર રોડ, રાજકોટ–૩૬૦૦૦૮. | **(૧) શેઠ જયશ્રીબેન હરેન્દ્રભાઈ,** ક્રિસ્ટલ–એ– ૧૦૫, રાધા પાર્ક–૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર સર્કલ પાસે, રાજકોટ–૩૬૦૦૦૬. **(૨) શેઠ અમિત હરેન્દ્રભાઈ,** ક્રિસ્ટલ–એ–૧૦૫, રાધા પાર્ક–૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર સર્કલ પાસે, રાજકોટ–૩૬૦૦૦૬. **શેઠ અમિત હરેન્દ્રભાઈ,** ઈમ્પોર્ટ એક્ષપોર્ટ, ઓફિસ નં.૨૦૨, સૈલેજા સંકુલ, આમ્રપાલી રેલવે ક્રોસીંગ પાસે, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. | ૩૧/૧૨/૨૦૨૫ (PLR-1.25) ૧૨.૫૦% | (૩૧/૧૨/૨૦૨૫) **મુદલ રકમ :** ૫,૪૩,૫૦૮=૦૦ **વ્યાજ :** ૪૧,૭૩૩=૦૪ **અન્ય ખર્ચ :** ૮૬=૦૦ **કુલ રૂા.** ૫,૮૫,૩૨૭=૦૪ | (૧) ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ માધાપર ના રેવન્યુ સર્વે નં. ૧૦ પૈકીની બીનખેડવાણ ની મંજુરીવાળી જમીન ના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧ થી ૪, ૯ થી ૧૩ તથા ૧૫ થી ૨૩ ની જમીન ઉપર આવેલ "સીધ્ધી–૫" માહેથી પ્લોટ નં. ૧૩, ૧૬, ૧૯, ૨૦, તથા ૨૩ ની કુલ જમીન ચો.મી.આ. ૨૩૬૬–૮૧ ઉપર આવેલ ઈમારતો પૈકી "વિગ–એલ" માહેથી સેકન્ડ ફલોરમાં આવેલ ફલેટ નં. ૨૦૧ જેના બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૬–૯૧, ચો.ફુ.આ. ૩૯૭–૧૩ (હાલે આ જમીનમાં રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ ના બાંધકામ વિકાસ પરવાનગી નં. રૂડા/ટેક/ડેવ/માધાપર/૯૧૨/૧૦/૪૫૮૩, તા.૦૮/૧૨/૨૦૧૦ થી બાંધકામ પરવાનગી મેળવેલ છે. તથા વપરાશ અંગેનું પ્રમાણપત્ર નં. રૂડા/ટેક/ડેવ/માધાપર/૯૧૨/૧૦ /૩૧૦૬, તા.૨૫/૦૬/૨૦૧૨ થી મેળવેલ છે.) જે રજી. વેચાણ દસ્તાવેજ નં.૬૩૭૦, તા.૨૨/૦૯/૨૦૧૫ નાં રોજ થી જીજ્ઞેશભાઈ નારણશંકર વોરાના નામે છે તે મિલ્કત. (૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.ક્ષ |
| ૩ | પરાબજાર | લેન્ડ એન્ડ બિલ્ડીંગ લોન સી.એમ.–આવાસ યોજના ૧૦/૭૨૦/૬/૩૪૫ (SEC-5282) | **અંસારી ઝૈબફાતમા ફિરોઝભાઈ** ફલેટ નં.૬૦૩, છઠો માળ, બિલ્ડીંગ નં. બી–૧૬, શ્રી વિનોબા ભાવે ટાઉનશીપ, જય પ્રકાશ નગર પાસે, ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૦૩. **અંસારી ઝૈબફાતમા ફિરોઝભાઈ** નારાયણ નિવાસ, બોધાણી શેરી, સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧. **અંસારી ઝૈબફાતમા ફિરોઝભાઈ** સ્લમ કવાટર નં. ૨૦૪, સીતારામ, જીલ્લા ગાર્ડન પાસે, બાપુનગર, રાજકોટ–૩૬૦૦૦૧. | **(૧) અંસારી ફિરોઝભાઈ જશમુનભાઈ,** ફલેટ નં. ૬૦૩, છઠો માળ, બિલ્ડીંગ નં. બી–૧૬, શ્રી વિનોબા ભાવે ટાઉનશીપ, જય પ્રકાશ નગર પાસે, ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૦૩. **અંસારી ફિરોઝભાઈ જશમુનભાઈ** નારાયણ નિવાસ, બોધાણી શેરી, સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧. **અંસારી ફિરોઝભાઈ જશમુનભાઈ** સ્લમ કવાટર નં.૨૦૪, સીતારામ, જીલ્લા ગાર્ડન પાસે, બાપુનગર, રાજકોટ–૩૬૦૦૦૧. **(૨) સોની ઉમેશકુમાર નાનચંદ,** પ્લોટ નં. ૮૩, સાગર કો–ઓપ. હાઉ. લી., શેરી નં. ૨, કોઠારીયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૨. **સોની ઉમેશકુમાર નાનચંદ** ગોલ્ડ વર્ક, દુકાન નં. ૨૦૮, રામેશ્વર કોમ્પલેક્ષ, સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧. | ૩૧/૧૨/૨૦૨૫ (PLR-5.95) ૭.૮૦% | (૩૧/૧૨/૨૦૨૫) **મુદલ રકમ :** ૨,૪૦,૧૦૦=૭૮ **વ્યાજ :** ૪,૭૫૨=૩૨ **અન્ય ખર્ચ :** ૧૭૭=૦૦ **કુલ રૂા.** ૨,૪૫,૦૨૯=૭૮ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ તાલુકાના રાજકોટના રેવન્યુ સર્વે નં. ૨૨/P પૈકી રાજય સરકારશ્રી ધ્વારા મંજુર અંતિમ ટી.પી. સ્કીમ નં. ૩૧ (રાજકોટ) ના અનામત પ્લોટના એફ.પી. નં. ૩૧/૩, ૩૧/૪, તથા ૩૧/એ પૈકી (સ્માર્ટ ઘર–૫ તથા ૬ પાર્ટ "શ્રી વિનોબા ભાવે ટાઉનશીપ) SEWS અનામત પ્લોટની જમીન ચો.મી.આ. ૯૨૨૫–૦૦ ઉપર ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : એ એચ એમ/૧૦૨૦૧૫/૪૫૩/થ–૧, તા.૧૫/૨/૨૦૧૬ ના ઠરાવથી શહેરી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે EWS-I આવાસ યોજના હેઠળ આવાસોનું રાજકોટ મહાનગર પાલીકા, રાજકોટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ યોજના માંહેથી બીલ્ડીંગ નં. B16 ના સીકસ્થ ફલોર ઉપર આવેલ ફલેટ નં.૬૦૩ જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૩૦–૦૦ છે તે ફલેટ જે રજીસ્ટર્ડ કન્વેયન્સ ડીડ અનુક્રમ નં. ૩૩૬૭ તા.૦૬/૦૩/૨૦૨૫ થી ઝૈબફાતમા ફિરોઝભાઈ અંસારીના નામે છે તે મિલ્કત. |

તા. ૧૯-૦૨-૨૦૨૬, રાજકોટ

અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

તંત્રી લેખ


# વિકાસને વેગ આપનારૂ ગુજરાતનું ઐતિહાસિક બજેટ

ગુજરાતના દેશના દરેક સંકલ્પોને સાકાર કરવામાં તેમના જ દિશાદર્શનમાં અવિરત વિકાસથી અગ્રેસર રહેતું રાજ્ય છે.અડગ વિશ્વાસ, અવિરત વિકાસની પ્રતિબધ્ધતા સાથેનું ગુજરાતનું બજેટ રજૂ કર્યું છે.

આ બજેટ કોઈપણ નવા કરવેરાનું ભારણ નાખ્યા વગર રાજ્યની અવિરત વિકાસ યાત્રાને જન કલ્યાણના અડગ વિશ્વાસથી આગળ ધપાવનારું છે. આજે રજૂ થયેલું બજેટ વિશ્વાસ આધારિત શાસન અને માનવ કેન્દ્રિત આર્થિક માળખાનું વિઝન પાર પાડનારું છે. સમાજના દરેક વર્ગો ખાસ કરીને ગ્યાન એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના એમ્પાવરમેન્ટ પર આ બજેટમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ૨૦૨૬-૨૭ના આ બજેટનું કદ ૪ લાખ ૮ હજાર કરોડનું છે એટલે કે ગયા વર્ષ કરતાં ૧૦.૨ ટકાનો વધારો બજેટ સાઈઝમાં થયો છે. બજેટના કુલ ખર્ચના ૬૫ ટકા વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવ્યા છે.એટલું જ નહીં, સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, માળખાકીય સુવિધાઓ તથા આર્થિક વિકાસ અને ગ્રીન ગ્રોથ એમ પાંચ સ્તંભ પર આધારિત આ બજેટ છે. એજ્યુકેશન, સ્પોર્ટ્સ, આર્ટ એન્ડ કલ્ચર માટે ૨૦ ટકા એટલે કે ૬૪ હજાર કરોડથી વધુ રૂપિયા ફાળવ્યા છે. શિક્ષિત, સક્ષ્મ, ઉત્કૃષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર યુવાશક્તિના નિર્માણ માટે બજેટમાં 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' માટે ૨૨૬ કરોડ રૂપિયાનું પ્રાવધાન કર્યું છે.આરોગ્ય સુખાકારી, સામાજિક સેવાઓ માટે ૧૯ ટકા તેમજ કૃષિ, સિંચાઈ, પાણી માટે શહેરી વિકાસ માટે ૧૧ ટકાની ફાળવણી થઈ છે તે સૌના સાથ, સૌના વિકાસની વડાપ્રધાનની નેમ સાકાર કરશે.

આ વર્ષે કેપિટલ એક્સપેન્ડિચર માટે જે ૩૯ ટકા રકમ ફાળવવામાં આવી છે તેનાથી સતત-અવિરત અને ગતિશીલ વિકાસની ગતિ પ્રુડન્ટ ફાયનાન્શીયલ મેનેજમેન્ટ ને કારણે વધુ તીવ્ર બનાવશે.

વડાપ્રધાન ગ્રીન ગ્રોથ માટે કરેલાં આહવાનને ઝિલી લઈને આ વર્ષના બજેટમાં ૧૫ હજાર કરોડથી વધુની રકમ ગ્રીન બજેટના ભાગરૂપે ફાળવી છે. વિઝનના કારણે આજે ગુજરાત ગ્લોબલ ટુરીઝમ મેપ પર ચમક્યું છે. પ્રવાસન ક્ષેત્રને વધુ નવી ઉંચાઈ મળે તે માટે વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરી છે. ભગવાન બિરસામુંડાની ૧૫૦મી ચાર આદિવાસી જિલ્લાઓના ૧૮ તાલુકાના ૫૧,૪૮૦ હેક્ટર વિસ્તારમાં ઉદ્વહન સિંચાઈ યોજનાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.આદિવાસી યુવાઓને ઘર આંગણે રોજગાર અવસર માટે આદિવાસી વિસ્તારોમાં ૫ નવી જી.આઈ.ડી.સી.ની સ્થાપનાની જાહેરાત કરાય છે.રાજ્યમાં ફ્યુચર રેડી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે ગુજરાત હાઈ-સ્પીડ કોરીડોરમાં રૂપિયા ૮૦૦ કરોડના રોકાણ દ્વારા નેક્સટ જનરેશન કનેક્ટિવિટીનું નિર્માણ થશે. હવેનો સમય એઆઈ અને ડિપ ટેકનો યુગ છે. ગુજરાતને એ.આઈ. અને ડિજીટલ ગવર્નન્સના ઈનિશ્યેટિવમાં અગ્રેસર રાખવા ૮૫૦ કરોડથી વધુની રકમ ફાળવી છે અને ડેટા ફ્યુઝન સેન્ટર તથા સેન્ટર ઓફ એક્સલન્સની જાહેરાત કરી છે.રાજ્ય સરકારે ૬ રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાનથી સંતુલિત આર્થિક વિકાસની નેમ રાખી છે તે માટે લગભગ ૭ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે અને વિકસિત ગુજરાત ૨૦૪૭નો માર્ગ વધુ ઉજ્જવળ બનાવ્યો છે.



# અમરેલીના વિકાસને મળશે નવી પાંખ: નગરપાલિકાનું રૂ.૧૧૩ કરોડનું વિકાસલક્ષી બજેટ મંજૂર

## નવો ટાઉનહોલ, આઈકોનિક રોડ્સ અને મોડેલ ફાયર સ્ટેશન બનશે શહેરની નવી ઓળખ રૂ૯.૩૧ લાખની પુરાંત સાથે જનસુખાકારી પર ભાર

**અબતક પ્રદીપ ઠાકર અમરેલી**

અમરેલી શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુવિધાઓમાં ધરખમ વધારો કરવાના સંકલ્પ સાથે અમરેલી નગરપાલિકા દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. કારોબારી સમિતિની મળેલી મહત્વની બેઠકમાં રૂ૧,૧૩,૪૪,૪૪,૦૦૦નું ફાળવણીલક્ષી બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું છે. આ બજેટની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં કોઈ પણ પ્રકારના વધારાના કરબોજ વગર રૂ ૯,૩૧,૦૦૦ની પુરાંત દર્શાવવામાં આવી છે, જે પાલિકાની આર્થિક શિસ્તનો પુરાવો આપે છે.

કારોબારી સમિતિના ચેરમેન મિનપ ધરજીયાની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં શહેરના આગામી વર્ષના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. બજેટમાં રસ્તા, પાણી અને ડ્રેનેજ જેવી પાયાની જરૂરિયાતોની સાથે શહેરના આધુનિકીકરણ અને સૌંદર્યીકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખાસ કરીને શહેરના લાઠી રોડ પર એક ભવ્ય અને અત્યાધુનિક નવો ટાઉનહોલ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે, જે અમરેલીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે. આ સાથે જ, આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે અમરેલીને સક્ષ્મ કરવા માટે જિલ્લા કક્ષાનું અત્યાધુનિક મોડેલ ફાયર સ્ટેશન પણ સાકાર કરવામાં આવશે.

શહેરના ટ્રાફિક અને રસ્તાઓની કાયાપલટ કરવા માટે બજેટમાં મોટી જોગવાઈ કરવામાં આવી છે. સેન્ટર પોઈન્ટથી મણીનગર રોડ, સિવિલ હોસ્પિટલ રોડ અને ભીડભંજન મહાદેવ મંદિરથી ચક્કરગઢ રોડ બાયપાસ એમ ત્રણ મુખ્ય માર્ગોને રૂ૫ કરોડના ખર્ચે 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત, 'શહેર સુંદર યોજના' અંતર્ગત રૂ ૧૨૫ લાખના ખર્ચે વિવિધ રસ્તાઓનું બ્યુટિફિકેશન કરવામાં આવશે. શહેરના આઉટગ્રોથ વિસ્તારોમાં રહેતા નાગરિકોની સુવિધા માટે રૂ૩૫ કરોડના ખર્ચે નવા રસ્તાઓ અને વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરી હાથ ધરવામાં આવશે.

પર્યાવરણ અને જળ સંરક્ષણ માટે પણ આ બજેટમાં ઉમદા અભિગમ અપનાવાયો છે. સેન્ટર બાયપાસ રોડ પર આવેલા ઐતિહાસિક રોકડીયા સરોવરને હવે 'અમૃત સરોવર' તરીકે વિકસાવવામાં આવશે, જે શહેરનું મુખ્ય પર્યટન સ્થળ બનશે. પર્યાવરણીય સંતુલન જાળવવા માટે શહેરમાં ઓક્સિજન પાર્કનું નિર્માણ, મોટા પાયે વૃક્ષારોપણ અને આંગણવાડીઓની સુરક્ષા માટે કમ્પાઉન્ડ વોલની કામગીરી કરવામાં આવશે. રમત-ગમતના ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન આપવા માટે સ્પોર્ટ્સ સંબંધિત સુવિધાઓમાં પણ વધારો કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે.

ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન () ગ્રાન્ટનો સદુપયોગ કરીને શહેરમાં રૂ ૫ કરોડના ખર્ચે આકર્ષક એન્ટ્રી ગેટ, આધુનિક લાઈટિંગ પોલ, બોક્સ કલ્વર્ટ અને પાણીના નવા બોર બનાવવાનું આયોજન છે.

આ બેઠકમાં કારોબારી સમિતિના અન્ય સભ્યો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સૌએ એકસૂરે અમરેલીના હિતમાં આ વિકાસલક્ષી બજેટને બહાલી આપી હતી. ચેરમેનશ્રીએ અંતમાં જણાવ્યું હતું કે આ બજેટનો મુખ્ય લક્ષ્યાંક અમરેલીને એક આધુનિક અને સુવિધાયુક્ત શહેર બનાવવાનો છે, જ્યાં દરેક નાગરિકને ઉત્તમ પ્રાથમિક સુવિધાઓ મળી રહે.

# અમરેલીના દેવભૂમિ દેવળીયા પ્રા.શાળાની વિદ્યાર્થિનીઓને સાયકલોનું કરાયું વિતરણ

## સરસ્વતી સાધના યોજના એસબીઆઈનો સહયોગ દિકરીઓ માટે બન્યું આશિર્વાદ રૂપ



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

દેવભૂમિ દેવળીયા ગામની પ્રાથમિક શાળા ખાતે દીકરીઓના શિક્ષણને વેગ આપવા અને તેમની સુવિધાઓમાં વધારો કરવાના ઉમદા હેતુથી સાયકલ વિતરણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સરકારની યોજના અને બેન્કિંગ ક્ષેત્રના સહયોગનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. આ પ્રસંગે દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે વિસ્તારના લોક પ્રતિનિધિ નાથાલાલ સુખડિયા, માધ્યમિક શાળાના આચાર્ય ભૂતૈયા, એસબીઆઈ બેન્કના મેનેજર સારિકાબેન વ્યાસ તથા પ્રાથમિક શાળાના આચાર્ય અમરીશભાઈ રાજ્યગુરુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સરકારની આ યોજના હેઠળ ધોરણ ૯ માં અભ્યાસ કરતી ચાલુ વર્ષની ૧૦ કન્યાઓ અને ગત વર્ષની ૮ કન્યાઓ મળી કુલ ૧૮ દીકરીઓને સાયકલની સહાય પૂરી પાડવામાં આવી હતી. સામાજિક જવાબદારી ફંડના ભાગરૂપે એસબીઆઈ દેવભૂમિ દેવળીયા શાખા દ્વારા ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની ૫ દીકરીઓને સાયકલ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# રાજુલામાં ખાનગી કંપનીની મનમાની સામે ખેડુતો દ્વારા આંદોલનના મંડાણ

## કંપનીએ સંપાદિત જમીન પર ઉધોગકાર ન કરી શરત ભંગ કરતા ખેડુતોએ જામીન પરત કરવા કરી માંગ



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા ખાતે ખેડૂતો દ્વારા ઉધોગ માટે સંપાદીત જમીન મુદ્દે ઉગ્ર વિરોધ શરૂ થયો છે. ખેડૂતોનો આરોપ છે કે કંપની દ્વારા કરોડો રૂપિયાની જમીન લઈ લેવામાં આવી છે, પરંતુ આજદિન સુધી કોઈ ઉધોગ કાર્યરત કરવામાં આવ્યો નથી.

ખેડૂતોને ભોળવીને જમીન હસ્તગત કરી લેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સાથે ખેડૂતો દ્વારા ઉપવાસ આંદોલન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ખેડૂતોની જમીન લેતા સમયે આપવા માં આવેલા ધંધા રોજગાર ના બાહેધરી પત્ર છતાં૧૯૯૨ થી આજ દિન સુધી કોઈ રોજગારી આપેલ નથી કે ઉધોગ સ્થપાયેલ નહીં હોવાથી અને હોલ્ડિંગ કંપની રોજગારી મળે અને ધંધા મળે તે હેતુ થી વેચેલ જમીન માં કોઈ ઉધ્યોગ નહીં સ્થપાતા છેલ્લા ઘણા વરસોથી ખેડૂતો પાસે રહેલ કબજા વાળી જમીનો ખેડૂતો ને શરત ભંગ થયેલ જમીનો ખેડૂતો ને પરત કરવાની માંગ પણ કરી છે.

આ બાબતે પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

ખેડૂત આગેવાન બાબુભાઈ રામ એ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ''મરી જઈશું પણ ખેડૂતોના હિતમાં જમીન પરત લઈશું.'' તેમણે જણાવ્યું હતું કે જો ખેડૂતોને ન્યાય નહીં મળે તો આ આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે

ખેડૂતો દ્વારા PSL Holder Company સામે આંદોલનના મંડાણ કરવામાં આવ્યા છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે અધિકારીઓ તથા કંપનીના સત્તાવાળાઓ ખેડૂતોને પોલીસ ને સાથે રાખી લેન્ડ ગ્રેબિંગના કેસ કરવાની ધમકી આપે છે.તેમજ વાંધા ઓ આપેલ હોવા છતાં એન્ટ્રી ઓ મંજૂર કરેલ છે છતાં તંત્ર કંપની ને છાવરે છેતેવો પણ ખેડૂતો ની આક્ષેપ કર્યો છે. મામલતદારને આવેદનપત્ર આજરોજ બાબુભાઈ રામની આગેવાની હેઠળ સનાભાઈ વાઘ, ગૌતમભાઈ ગુજરીયા, લલિતભાઈ ઓઝા,ભગવાનભાઈ ભાણાભાઈ વાઘ,સોમાભાઈ વાઘ,માજી સરપંચ લખમણ ભાઈ પી. વાઘ,ગૌ પ્રેમી કાળુભાઈ વાઘ, આતાભાઈ સરપંચ સહિતના મોટી સંખ્યામાં ખેડૂતો દ્વારા મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢના જોષીપરા અને ખામધ્રોળ વિસ્તારની અનેક સોસાયટીઓમાં અશાંત ધારો અમલમાં

## લાંબા સમયની અશાંત ધારો લાગુ કરવાની માંગ અને રજૂઆતનો સરકાર દ્વારા સુખદ અંત લવાતા રહીશોમાં રાહતની લાગણી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના જોષીપરા અને ખામધ્રોળ વિસ્તારના લોકોની ઉગ્ર માંગનો અંતે રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે, અને શહેરના જોષીપરા અને ખામધ્રોળ વિસ્તારની અમુક સોસાયટીમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જાહેરનામું બહાર પાડીને 'અશાંત ધારો' લાગુ કર્યો છે.જુનાગઢ શહેરના અને.ખાસ કરીને જોષીપરા અને ખામધ્રોળ વિસ્તારની અનેક સોસાયટીના રહીશો, અગ્રણીઓ દ્વારા રેલીઓ કાઢી, આવેદન પત્ર પાઠવી, વસ્તીના જન સાંખ્યિક ફેરફારો અને મિલકતોની બિનઅધિકૃત તબદીલીને કારણે સામાજિક તાણાવાણા પર અસર પડી રહી છે. તેવી જિલ્લા કલેકટરથી લઈને સરકાર અને મંત્રીઓને પોતાના વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરવામાં આવે તેવી ઘણા લાંબા સમયથી ઉગ્ર માંગ અને રજૂઆતો થઈ હતી. બાદમાં જોષીપરા, ખામધ્રોળ વિસ્તારની અનેક સોસાયટીના મહિલા સહિતના રહીશો, રાજકીય અગ્રણીઓ, વી.એચ.પી; બજરંગ દળના આગેવાનો કાર્યકરો, સંતો, મહંતો એ એક જૂથ થઈ વિશાળ રેલી યોજી, આવેદન પત્ર અપાયું હતું.

જૂનાગઢ શહેરમાં છેલ્લા લાંબા સમયથી ઉઠી રહેલી લોકોની માંગ અને થઈ રહેલી રજૂઆતોનો સરકારે સ્વીકાર કર્યો છે. તથા રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક જાહેરનામું બહાર પાડીને જૂનાગઢના જોષીપુરા વિસ્તારની સર્વોદય સોસાયટી, આદિત્યનગર, નંદનવન સોસાયટી અમૃતકલા સોસાયટી તથા ભગીરથ ડુપ્લેક્ષ તેમજ ખામધ્રોળ વિસ્તારની હેમાવન સોસાયટી, રાજમોતી સોસાયટી, પ્રેરણાધામ-૧- ૨, કલાપીનગર, પૂનમપાર્ક, સુદર્શન પાર્ક, શ્યામલ પાર્ક, ક્રિષ્ના પાર્ક, દ્વારકેશ નગર ગોકુલધામ સોસાયટી, અર્જુન પાર્ક સોસાયટી, ખોડીયાર નગર તથા રીવર વિલા સોસાયટીને 'અશાંત ધારો' હેઠળ આવરી લેવામાં આવી છે. તથા જાહેર નામામાં સમાવિષ્ટ વિસ્તારોને તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૩૧ સુધી એટલે કે, ૫ વર્ષ માટે અશાંત વિસ્તાર જાહેર કરાયા છે. અને જાહેરનામા મુજબ તમામ સત્તાઓ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને સોંપવામાં આવી છે.

અશાંત ધારો લાગુ થતા આ વિસ્તારોમાં સ્થાવર મિલકત, ઘર, દુકાન કે જમીનની તબદીલી એટલે કે વેચાણ કે ભાડે આપવાની પ્રક્રિયા સીધી રીતે થઈ શકશે નહીં. મિલકતની ખરીદી કે વેચાણ કરતા પૂર્વે મિલકત વેચનાર અને ખરીદનાર બંનેએ ફરજિયાતપણે જૂનાગઢમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી લેવી પડશે. અને જો મંજૂરી વિના કોઈ દસ્તાવેજ કરવામાં આવશે તો તે કાયદેસર રીતે માન્ય ગણાશે નહીં.

દરમિયાન જોષીપરા અને ખામધ્રોળ વિસ્તારની અનેક સોસાયટીના રહીશોની લાંબા સમયની અશાંત ધારો' લાગુ કરવાની માંગ કરી હતી, જે રજૂઆતનો સરકાર દ્વારા સુખદ અંત લવાતા અને હવે અમલ થતા સ્થાનિક રહીશોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

# જૂનાગઢમાં હોરી રસિયા મહોત્સવ યોજાયો



**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢ શહેરની નહેરુ પાર્ક સોસાયટીમાં આવેલ નોબલ ટાવર, દીપ ગગન, તથા નીલકંઠ એપાર્ટમેન્ટની મહિલાઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે મહિલા મંડળના સથવારે તાળીઓના તાલે અને ઢોલના ધબકારે હોળીના રસિયા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હર્ષના ઉત્સવ સમા આ પ્રસંગે મહિલા મંડળની તમામ બહેનોએ એક બીજા પર અબીલ ગુલાલ તેમજ પુષ્પવર્ષા કરી, હોળીના રસિયા મહોત્સવ ઉજવ્યો હતો, બાદમાં ધાણી, દાળિયા, મમરા, રેવડી, ખજૂર, મિસરીનો પ્રસાદ લીધો હતો અને હર્ષોલ્લાસ સાથે હોળીના રસિયા મહોત્સવ કાર્યક્રમ સંપન થયો હતો.

# ધોરાજીના સેવાભાવી આગેવાન રમણીક બાણગોરિયાનો આજે જન્મદિવસ



ધોરાજીના સેવાભાવી અને ધાર્મિક સામાજિક અને રાજકીય ક્ષેત્રે સક્રિય ખેડૂત પુત્ર અને નિવૃત પોસ્ટ માસ્તર રમણીકભાઈ બાણગોરીયા નો આજે જન્મદિવસ છે, તે વિવેકાનંદ પરિવાર, સિનિયર સિટીઝન ગ્રુપ, કડવા પટેલ સમાજ ની તમામ સંસ્થાઓમાં કારોબારી સભ્ય,કિસાન મોરચામાં ઉપપ્રમુખ તરીકે સેવારત રમણીકભાઈ એ લોકસભા, ધારાસભા, નગરપાલિકા માં ભાજપના સક્રિય કાર્યકર તરીકે અસરકારક યોગદાન આપી રાજકીય ક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી કરી છે કોઈપણ જાતના ભેદભાવ વગર સર્વ જ્ઞાતિ ની લોકસેવા માં અગ્રેસર અને શિક્ષણ ક્ષેત્રે ધોરણ ૧૨ સાયન્સ સ્કૂલ ચાલુ કરનાર કેળવણી કાર તરીકે રમણીકભાઈ ની લોકપ્રિયતા ખૂબ છે તેમને આજે જન્મદિવસે તમામ વર્ગમાંથી શુભેચ્છાઓ મળી રહી છે

# સોમવારથી ટેકાના ભાવે તુવેરની ખરીદી કરાશે

## તુવેરના ટેકાના ભાવે વેચાણ માટે રાજ્યના ૧.૩૩ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી

**અબતક, રાજકોટ**

વિધાનસભા સત્ર દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે રાજ્ય સરકાર કૃષિ અને પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી ૨૩ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે.

ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરીને ઉત્પાદનોની ખરીદી કરવામાં આવે છે.

વાવેતર શરૂ થયા પહેલા જ ભારત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે તુવેરનો ટેકાનો ભાવ રૂ. ૮,૦૦૦ પ્રતિ કિવન્ટલ (રૂ. ૧,૬૦૦ પ્રતિ મણ) જાહેર કરતા રાજ્યના ખેડૂતો દ્વારા તુવેરનું પુષ્કળ વાવેતર કરવામાં આવ્યું છે. તુવેરના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્યના કુલ ૧.૩૩ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે તુવેરના વેચાણ માટે નોંધણી કરાવી છે.

કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં તુવેર પાકના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને આશરે ૧૩૦ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે. આ ખરીદ કેન્દ્રો ખાતેથી આગામી તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ થી તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવાનો આજે કેબિનેટ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે.



તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલા ખેડૂતોએ એસએમએસથી ખરીદી માટેની અગાઉથી જાણ કરવામાં આવશે અને એસએમએસ મળ્યેથી ફાળવેલ ખરીદ કેંદ્ર ખાતે ખેડૂતોએ જથ્થા સાથે ઉપસ્થિત રહી આ યોજનાનો લાભ મેળવવા કૃષિ મંત્રીએ અનુરોધ કર્યો છે. કૃષિ મંત્રીએ ખાતરી આપી છે કે, રાજ્ય સરકાર દ્વારા તુવેર પાકની નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકારે તમામ આગોતરૂ આયોજન હાથ ધર્યું છે.

# જૂનાગઢ: શાળાઓમાં પ્રતિભાશાળી દીકરીઓને સશક્તિકરણ માટે શૈક્ષણિક કીટ વિતરણ




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓ અને હાઈસ્કૂલોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી દીકરીઓને ''શૈક્ષણિક કીટ'' વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દીકરીના જન્મ, શિક્ષણ અને સુરક્ષા પ્રત્યે લોકોમાં સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસાવવો અને કેન્દ્ર સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનને વધુ વેગ આપવો હતો. કાર્યક્રમ દ્વારા દીકરીઓને આત્મનિર્ભર અને સ્વાવલંબી બની જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ પહેલની હાર્દિક સરાહના કરી હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીધામ મહાપાલિકા દ્વારા કોટેશ્વર ચાર રસ્તાથી ગણેશ નગર સુધી દબાણ હટાવાયું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આઈકોનિક રોડ બનાવવાનું આયોજન કરવામાં આવેલ જે કામગીરીના ભાગરૂપે આ રસ્તા પરના વિવિધ દબાણો દુર કરવાની કાર્યવાહી ચાલુ છે, જેમાં કમિશનર, મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ પ્રથમ રાઉન્ડમાં ઓસ્લો સર્કલ થી કોટેશ્વર ચાર રસ્તા સુધીના દબાણો દુર કરવામાં આવ્યા બાદ કોટેશ્વર ચાર રસ્તાથી ગણેશ નગર સુધી દબાણો દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ, જે સંબંધિત દબાણકારો દ્વારા ''તંત્ર ની સામે નહિ પણ તંત્રની સાથે''નો અભિગમ અપનાવી સ્વેચ્છા એ દબાણ ખાલી કરવામાં આવેલ. જે કામગીરીને આગળ વધારતા મહાનગરપાલિકાના ૩ જે.સિ.બી., ૨ ટ્રેકટર તથા પૂરતા માનવબળ સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજયકુમાર રામાનુજ અને દબાણ શાખાના ગાયત્રી પ્રસાદ જોશીની હાજરીમાં ગતરોજ સવારથી દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સાંજ સુધી અંદાજીત ૨૫૦ થી વધુ દબાણો દુર કરવામાં આવ્યા હતા.મહાનગરપાલિકા દ્વારા આ દબાણ હટાવો ઝુંબેશ ચાલુ રહેશે,જેમાં સહકાર આપવા લોકોને અપીલ કરવામાં આવી છે.

# હિંમતનગર નજીક ઈકો કારમાં નશીલા પદાર્થની હેરાફેરીના રેકેટને ઝડપી લેતી એસ.ઓ.જી.

## હાઈબ્રીડ અને દેશી ગાંજો, ચારસ અને કાર મળી રૂ.૫.૭૪ લાખના મુદામાલ સાથે બેની ધરપકડ: એકની શોધખોળ

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**




હિંમતનગર-ઈડર બાયપાસ રોડ પર ઈલોલ ચોકડી પાસેથી ઈકો કારમાંથી બે શખ્સોને માદક પદાર્થો સાથે ઝડપી પાડયા હતા પોલીસે હાઈબ્રીડ ગાંજો,ચરસ અને દેશી ગાંજો સહિત કુલ રૂપિયા ૫.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો આ મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે

મળતી માહિતી મુજબ સાબરકાંઠા એસ.ઓ.જી ટીમ એ.ટી.એસ ચાર્ટર સંબંધિત કામગીરી તે દરમિયાન સ્ટાફનો બાતમી મળી હતી કે બે શખ્સો ઈકો કાર નં.જેજે.૦૯.બીએન. ૦૩૧૭ માં ગાંજો લઈને રાત્રિના સમયે આર.ટી. ઓ સર્કલથી બાયપાસ રોડ થઈ ઈડર તરફ જઈ રહ્યા છે આ બાતમીના આધારે પોલીસે ઈલોલ ચોકડી પાસે વોચ ગોઠવી હતી જે વોચ દરમિયાન બાતમીવાળી ઈકો કાર આવતા તેને રોકાવી તપાસ કરવામાં આવી હતી તપાસ કરતા કારમાંથી બે શખ્સો પાસેથી ૪૮ ગ્રામ હાઈબ્રીડ ગાંજો કિંમત રૂપિયા ૧,૬૮,૦૦૦,૩૦ ગ્રામ ચરસ જેની કિંમત રૂપિયા ૭,૫૦૦ અને ૭૨૦ ગ્રામ દેશી ગાંજો તેની કિંમત રૂ.૩૬૦૦૦ નો મળી આવ્યો હતો પોલીસે રૂ. ૫.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

માદક પદાર્થો ઉપરાંત પોલીસે રૂપિયા ૩ લાખની ઈકો કાર,રૂ.૬૦ હજાર ના બે મોબાઈલ ફોન, રૂ.૨,૫૬૦ રોકડા,વજન કાંટો અને પ્લાસ્ટિકની થેલીઓ સહિત કુલ રૂપિયા ૫,૭૪,૦૬ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો આ કેસમાં ઝડપાયેલા બે અને ફરાર એક મળી કુલ ત્રણ શખ્સો સામે એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ ગુનામાં ઝડપાયેલા આરોપીઓમાં સુનીલસિંહ ધર્મેન્દ્રસિંહ સોલંકી અનેબળવંત ચંદુભાઈ ભાટનો સમાવેશ થાય છે જ્યારે જીગ્નેશ મહેશકુમાર પટેલ (રહે.આનંદપુરા, વિજાપુર, જી. મહેસાણા) નામનો આરોપી ફરાર છે અને તેને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

# લખતર નજીક કારની ઠોકરે બાઈક ચાલકનું મોત

## ભોગ બનનાર બાઈક ચાલકના પિતાએ કાર ચાલક સામે લખતર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર-લખતર વિરમગામ હાઈવે પર છેલ્લા ઘણા સમયથી અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે ગત બુધવારે મોડી રાત્રે લખતર થી અંદાજે કિલોમીટર દૂર આવેલ જુની નર્સરી પાસે પુલ નજીક કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતુ. જે અંગે ભોગ બનનારના પિતાએ કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ લખતર-સુરેન્દ્રનગર હાઈવે પર લખતર બસ સ્ટેન્ડ પાસે બાઈક લઈને જઈ રહેલ પંકેશભાઈ ખમુભાઈ ઉર્ફે ખુમાનભાઈ નીનામા, રહે. હાલ લખતર, મૂળ રહે. મધ્યપ્રદેશ વાળાના પૂરઝડપે જઈ રહેલ કારના ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોચતા મોત નિપજ્યું હતું. જે અંગે ભોગ બનનાર બાઈક ચાલકના પિતાએ લખતર પોલીસ મથકે અકસ્માત સર્જનાર કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# થાન: ચાન્દરેલીયા ગામે ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો

## ૨૦ દિવસ પહેલા ગામના તળાવ કાંઠે મૂકેલ બાઈકની ચોરી કરી નાસી છૂટ્યો હતો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં વાહન ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે થોડા દિવસો પહેલા થાન તાલુકાના ચાન્દરેલીયા ગામે તળાવના કાંઠે મૂકેલ બાઈકની ચોરીનો બનાવ બન્યો હતો. જે અંગે થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી ગણતરીના દિવસોમાં ચોરીના બાઈક સાથે એક શખ્સને ઝડપી લીધો છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ થાન તાલુકાના ચાન્દરેલીયા ગામના તળાવ કાંઠે મૂકેલ બાઈક કિંમત રૂ.૦૧ લાખ વાળાની ગત તા.૦૧ ફેબ્રુઆરીના રોજ અજાણ્યા શખ્સ દ્વારા ચોરી કરી નાશી છૂટ્યો હતો જે અંગે ભોગ બનનાર બાઈક માલિકે થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે થાન પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી જેમાં ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદ થી ચોરીના બાઈક સાથે અશ્વિનભાઈ ભાથાભાઈ કડીવારને ચાન્દરેલીયા ગામે થી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાંટવા નજીકથી રૂ.૨.૯૧ લાખના વિદેશી દારૂ સાથે એક પકડાયો

## ટ્રકમાં ચણાની ગુણીની આડમાં મહારાષ્ટ્ર મંગાવેલો ૮૮૫ બોટલ શરાબ મળી રૂ.૨૭.૧૩ લાખનો મુદામાલ કબજે કર્યો: બે ફરાર

**અબતક દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ બાંટવા પોલીસ સ્ટેશન વિસ્તારના પાજોદ ગામ હાઈવે પરથી ચણાની ગુણીની આડમાં મહારાષ્ટ્ર રાજ્ય ખાતેથી મંગાવવામા આવેલ રૂા. ૨,૯૧,૧૫૦ ની કટની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ ૮૮૫ પકડી પાડી, અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૨૭.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી, એક ઈસમને પકડી પાડ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. કૃણાલ એમ. પટેલ તથા પોલીસ સ્ટાફના માણસો જીલ્લામાં દેશી/વિદેશી દારૂની બદીને નેસ્તનાબુદ કરવા સતત પ્રયત્નશીલ હોય. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના પો. સબ ઈન્સ. પી.કે.ગઢવી તથા પો.કોન્સ. મયુરભાઈ કોડીયાતર, વિક્રમભાઈ પરમારને ખાનગી રાહે ચોકકસ હકિકત મળેલ કે, ટ્રક રજી નં.જીજે-૦૧-સીઝેડ-૦૦૯૯માં વિદેશી દારૂનો જથ્થો ભરી સરાડીયા ગામ તરફથી બાંટવા તરફ આવે છે.

જે હકીકતના અધારે પાજોદ ગામ ખાતે ક્રાઈમ બ્રાન્ચની ટીમ વોચમાં હતા દરમ્યાન હકિકત વાળી ટ્રક આવતા રોકાવી ચેક કરતા ચણાના મોટા જથ્થાની આડમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટી મળી આવતો, પોલીસે વિદેશ દારૂ, ચણાનો જથ્થો, ટ્રક સહિતનો તમામ મુદ્દામાલ કબ્જે કરી, ટ્રક ડ્રાઈવરને પકડી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચે આ દરોડા દરમિયાન ટ્રક ચાલક આરોપી અજીમ વલીમહમદ જોખીયા (રહે. માણાવદર, લક્ષ્મીનગર સોસાયટી) ને પકડી પાડી, કુલ બોટલ નંગ- ૮૮૫ કિ.રૂા.૨,૯૧,૧૫૦, ચણાના બાચકા નંગ-૪૯૨ કિ.રૂ.૧૩,૮૧,૬૭૬, મો.ફોન-૧ કિ.રૂ.૪૦૦૦૦, રોકડ રૂ.૭૬૦, અશોક લેલન ટ્રક રજી નં.જીજે-૦૧-સીઝેડ-૦૦૯૯ કિ.રૂ.૧૦,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૨૭,૧૩,૫૮૬ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે હાજર નહીં મળી આવનાર આરોપી રમણીક ભરડા (રહે. બાંટવા) તથા વિશાલ (રહે. ધુલીયા) તથા પકડાયેલ અજીમ વલીમહમદ જોખીયા સામે બાંટવા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવ્યો હતો.

# શ્રી રામ પ્રોટીન્સ કંપનીમાંથી રૂ.૧.૮૦ લાખના કોપર વાયર સહીતની મતાની ચોરી

## ગોંડલના ભૂણાવા નજીક આવેલ યુનિટમાં તસ્કરો ત્રાટક્યાં: એનપીએ થતાં સીઝ થયેલી ફેક્ટરીમાંથી ચોરીને પગલે ગોંડલ તાલુકા પોલિસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

ગોંડલ નજીક ભુણાવા ખાતે આવેલ શ્રી રામ પ્રોટીન્સ ખાતે તસ્કરો ત્રાટક્યાં હતા. કંપનીમાંથી રૂ. ૧.૮૦ લાખના કોપર વાયર અને બુસ બાર કટર જેવા હથિયાર વડે કાપી તસ્કર ઉઠાવી જતાં ગોંડલ તાલુકા પોલિસની ટીમેં તપાસ શરૂ કરી હતી.

ચોરીના બનાવમાં મૂળ હરિયાણાના વતની હાલ રાજકોટના શિલ્પન વિલા એપાર્ટમેન્ટ ફ્લેટ નં.-૩૦૨ માં રહેતા પ્રવીનભાઈ સુરજભાન વર્માએ ગોંડલ તાલુકા પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા- રાજકોટમાં એસેટરી રિકવરી શાખામાં ચીફ મેનેજર તરીકે નોકરી કરે છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ અમારા કબજા હેઠળની ફેક્ટરી શ્રી રામ પ્રોટીન્સ લીમીટેડ યુનીટ સર્વે નં.- ૫૪ ભુણાવા કંપનીના માલીક લલીતભાઈ વસોયાએ મને જાણ કરેલ કે, મારી કંપનીમાં કોઈએ શટર તોડી અંદર પ્રવેશ કરી કંપનીનો ઈલેક્ટ્રીક વાયર આશરે ૧૫૦ મીટર જેટલો કાપીને ચોરી કરીને લઈ ગયેલ છે તેમ મને વાત કરેલ હતી. આ કંપની શ્રી રામ પ્રોટીન્સએ અમારી બેંકમાથી લોન લીધેલ હતી અને આ લોન કંપનીએ ભરેલ નહી એટલે કંપનીનો કબ્જો યુનિયન બેંકએ સંભાળી લીધેલ છે. જેથી બેંક વતી એસેટ રીકવરી શાખાનુ કામકાજ હુ સંભાળુ છું. આ કંપનીની સુરક્ષાની જવાબદારી અમે ટ્રુ વેલ્યુ સીક્યુરીટી કંપનીને સોંપેલ હતુ.બાદમેં કંપની ખાતે જઈ સીક્યુરીટીના માણસોને સાથે રાખી જોતા કંપનીમા ફીટીંગ કરવામાં આવેલ કોપર વાયરની ચોરી થયેલનું જાણવા મળેલ હતું. કંપનીમાં ફિટ કરવામાં આવેલ ૨૭ કોપર વાયર જે ઉપરથી નીચે સુધી આવતી હતી તે આશરે ૪૨ ફુટનો એક એમ કુલ ૨૭ વાયર કપાયેલ હાલતમાં જોવા મળેલ હતા. ઉપરાંત કોપર વાયરના બુસ બાર પણ જોવા મળેલ નહી. જે બાબતે પૂછતાં સિક્યુરિટી એજન્સીના કર્મચારીએ જણાવ્યું હતું કે, આ વાયર ગત તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી સહી સલામત હતા. જેથી આશરે રૂ. ૧.૮૦ લાખની કિંમતના કોપર વાયર અને બુસ બાર કટર જેવા હથિયારથી કાપીને ચોરી કરી ગયાના બનાવમાં બેંક અધિકારીએ ફરિયાદ નોંધાવી હતી. ચોરીના બનાવમાં ગુનો નોંધી ગોંડલ તાલુકા પોલિસ મથકના પીઆઈ વી એમ ડોડીયા સહીતની ટીમેં તસ્કરને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# જામનગરના બેડ ગામે રસોઈ બનાવતા દાઝી ગયેલા પ્રૌઢનું મોત

**અબતક રાજકોટ**

જામનગર જિલ્લાના બેડ ગામમાં એક કરુણ ઘટના સામે આવી છે, જેમાં રસોઈ બનાવતી વખતે અકસ્માતે દાઝી ગયેલા ૫૫ વર્ષીય મહિલાનું રાજકોટ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સોનગરા પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, બેડ ગામમાં રહેતા સરોજબેન નરેશભાઈ સોનગરા (ઉં.વ. ૫૫) ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ સવારના ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે રસોઈ બનાવી રહ્યા હતા. તે સમયે ગેસનો ચૂલો નીચે રાખેલો હતો. રસોઈ બનાવતા સમયે સરોજબેન રસોડાની પારી પર રાખેલી કોઈ વસ્તુ લેવા માટે ઊભા થયા હતા, ત્યારે અચાનક તેમનું ધ્યાન ન રહેતા તેઓ નીચે સળગી રહેલા ગેસની જાળમાં આવી ગયા હતા.આ અકસ્માતમાં ગંભીર રીતે દાઝી ગયેલા સરોજબેનને તાત્કાલિક પ્રથમ સારવાર માટે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. છેલ્લા એક સપ્તાહથી જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ, આજરોજ ચાલુ સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક સરોજબેનના પતિ નરેશભાઈ ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મૃતકને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. ઘરની મુખ્ય વ્યક્તિ અને માતાના અકાળે અવસાનથી સમગ્ર ગામમાં અને પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતના ગુના અંગેની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મુળીના વગડીયા ગામે મારામારીનો વીડિયો વાયરલ થતા પોલીસ હરકતમાં આવી

## જાહેરમાં મારામારી કરનાર ૫ શખ્સો સામે ગુન્હો નોંધી કાર્યવાહી કરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં મારામારીના બનાવો વધી રહ્યા છે અને પોલીસનો પણ ડર ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે થોડા દિવસો પહેલા મુળી તાલુકાના વગડીયા ગામે દિનદહાડે મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી અને આ મામલે ખુદ પોલીસ દ્વારા જ ફરિયાદી બની મારામારી કરનાર ૦૫ શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રો પાસે થી મળતી માહિતી મુજબ થોડા દિવસો પહેલા ગત તા.૧૫ ફેબ્રુઆરીના રોજ મુળી તાલુકા વગડીયા ગામે બસ સ્ટેન્ડ પાસે અમુક શખ્સો લાકડી વડે જાહેરમાં અને દિનદહાડે મારામારી કરતા હોય તેવો વિડીયો સોશિયલ મીડિયા વાયરલ થયો હતો. જેમાં બે જૂથો સામસામે ગાળો બોલી મારામારી કરતા જણાઈ આવ્યા હતા. જે વાયરલ વીડિયોના આધારે મુળી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી અને મારામારી કરનાર ૦૫ શખ્સો ગેલાભાઈ રાણાભાઈ સભાડ, નવઘણભાઈ સુરાભાઈ સભાડ, ખીમાભાઈ સુરાભાઈ સભાડ, સાદુરભાઈ સુરાભાઈ સભાડ, અજયભાઈ દેવકરણભાઈ સભાડ સામે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# થુંકવામાં ધ્યાન રાખતો હોય તો કહી પીપલાણા નજીક કારખાનાના સુપરવાઈઝર પર હુમલો

## પાઈપ વડે યુવકને ફટકાર્યો, પથ્થરના ઘા ઝીંકી કારમાં તોડફોડ કરી : કારમાં આવેલા સુરતના શખસ સહિત ત્રણ સામે ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે કાંગશિયાળી નજીક રહેતા અને પીપલાણામાં આવેલા કારખાનામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરનાર યુવાનને પીપલાણા પાસે બાઈક અને કારમાં આવેલા ત્રણ શખસોએ આંતરી યુવાનને પાઈપ વડે માર માર્યો હતો. આ શખસોએ યુવાનની કાર પર પાઈપ અને પથ્થરના ઘા ફટકારી તોડફોડ કરી હતી. ચાલુ ગાડીએ થુંકવા બાબતે યુવાન પર હુમલો કર્યો હતો. જે અંગે કોટડા સાંગાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. લોધીકા તાલુકાના કાંગશિયાળી ગામે શાપત્ય ગ્રીન સિટી ડી-૫૦૨, ૮૦ ફૂટ રોડ પર રહેતા મૂળ જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના શાપુર ટ્રાબડીયાના વતની સચિનભાઈ મહેન્દ્રભાઈ ફળદુ (ઉ.વ.૩૧) દ્વારા કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે સુરતમાં રહેતા મુકેશ પીઠાભાઈ પરમાર અને તેની સાથેના બે અજાણ્યા શખસોના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા ચારેક વર્ષથી પીપલાણા જે કે ઈન્ડસ્ટ્રીઝ સ્નેપ ડેકોર કારખાનામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે.

ગઈ તા. ૧૭/૨/૨૦૨૬ ના તે પોતાની આઈ- ૨૦ કાર નંબર જીજે ૨૭ એ ૯૪૬૮ લઈ સાંજના સાડા આઠેક વાગ્યે આસપાસ પીપલાણાથી લોઠડા દાઢી કરાવવા માટે ગયો હતો. લોઠડાથી પરત પીપલાણા ખાતે આવતા સમયે ગોલ્ડ કોઈન કારખાના પાસે પહોંચતા એક અજાણ્યા બાઈક પર બે શખ્સો બેઠા હોય જેને યુવાની ગાડી આગળ રોકાવી કહ્યું હતું કે થૂંકવામાં ધ્યાન રાખતો હોય તો તેમ કહી ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી યુવાને ગાળો આપવાની ના કહેતા આ બંને અજાણ્યા શખસો યુવાનને ગાડીમાંથી બહાર કાઢી ઝઘડો કરી ઝાપટ મારવા લાગ્યા હતા. દરમિયાન એક કાળા કલરની ગાડીમાં એક અજાણ્યો શખસ લોખંડનો પાઈપ લઈને ઉતર્યો હતો. તેણે યુવાન પર હુમલો કરી પગના ભાગે તથા સાથળના ભાગે પાઈપ ફટકારી દીધા હતા. ડરના લીધે યુવાન ભાગી ગોલ્ડ કોઈન કારખાનામાં જતા આ શખ્સો તેની પાછળ દોડયા હતા. કારમાંથી આવેલા આ શખસે અજાણ્ય પાઈપથી યુવાનની કારના તમામ કાચ તોડી નાખી બોનેટમાં નુકસાન કર્યું હતું તથા અન્ય બે માણસોએ કાર પર પથ્થરોના ઘા કર્યા હતા. બાદમાં ત્રણેય શખસો અહીંથી ભાગી ગયા હતા.

બાદમાં યુવાનને તેની ફેટકરીમાં કામ કરતા સુનિલભાઈ મહીડા મારફત જાણ થઈ હતી કે, કાળા કલરની કારમાં આવેલા શખસનું નામ મુકેશ પીઠાભાઈ પરમાર(રહે. સુરત) છે જયારે અન્ય બે શખસો તેના મિત્રો હતાં. જેથી તેણે આ ત્રણેય શખસો સામે કોટડાસાંગાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગર: પિયર આવેલી પરિણીતા ટર્પન્ટાઈન છાંટી દિવાસળી ચાંપી

**અબતક રાજકોટ**

જામનગર શહેરના રામેશ્વર ચોક વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રાજકોટથી બે મહિના અગાઉ રિસામણે પિયર આવેલી ૨૮ વર્ષીય પરિણીતાએ પોતાના શરીર પર મોડી રાત્રે ટર્પન્ટાઈન છાંટી દીવાસળી ચાંપી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાને સારવાર અર્થે તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.મળતી માહિતી મુજબ, રાજકોટના સાપર વેરાવળમાં શીતળા માતાના મંદિર પાસે રહેતા ચારમીબેન મયુરભાઈ લુણસિયા (ઉ.વ. ૨૮) છેલ્લા બે મહિનાથી જામનગરના રામેશ્વર ચોક, શંકર ભગવાનના મંદિર પાસે આવેલા પોતાના પિયરમાં રહેતા હતા. ૧૭ ફેબ્રુઆરીના રોજ રાત્રિના આશરે અઢી વાગ્યાની આસપાસ, જ્યારે પરિવારના સભ્યો નિદ્રાધીન હતા, ત્યારે ચારમીબેને અચાનક ટેન્શનમાં આવી જઈ અંતિમ પગલું ભરવાનો નિર્ણય કર્યો હતો. તેમણે પોતાના શરીર પર ટર્પન્ટાઈન છાંટી દીવાસળી ચાંપી દેતા જોતજોતામાં તેઓ આગની લપેટમાં આવી ગયા હતા. ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ચારમીબેનના પતિ મયુરભાઈ કલરકામનો વ્યવસાય કરે છે. તેઓ છેલ્લા બે મહિનાથી કોઈ કારણોસર રિસામણે પિયર આવ્યા હતા. માનસિક તણાવ (ટેન્શન) ને કારણે તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તબક્કે મનાઈ રહ્યું છે.

# વડિયાના તરઘરી ગામે પરિણીતા પર સાસરિયાનો સિતમ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના તરઘરી ગામે એક પરિણીતાને તેના પતિ અને જેઠ દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપી, મારપીટ કર્યાની ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર મહિલાએ વડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વાડિયા ગામે રહેતા સંજયભાઈ ખુમાણ ઉં.વ. ૩૫ના પત્ની હાલ મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે, તેમના પતિ સંજયભાઈ કેશુભાઈ ખુમાણ અવારનવાર તેઓ પર ખોટી શંકા કુશંકા કરી ગાળો આપતો હતો. જે દરમિયાન આજે તેણે પીડિતાને ઢીકાપાટુનો ગંભીર માર માર્યો હતો. સાથે અન્ય આરોપી અને તેના મોટાભાઈ વિનોદભાઈ કેશુભાઈ ખુમાણ પણ આ વિવાદમાં જોડાયા હતા. તેમણે પરણિત પીડિતાને બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હુમલો કરવા દોડ્યા હતા. જે બાબતે પીડિતાએ વાડિયા પોલીસના દ્વાર ખખડાવવાની ફરજ પડી હતી. પીડિતાની ફરિયાદના આધારે વડિયા પોલીસે બંને આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એ.એમ. કાછેલા ચલાવી રહ્યા છે. સાસરિયાઓ દ્વારા અવારનવાર અપાતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને અંતે મહિલાએ ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

# વેરાવળનરા ગોવિંદપરા ગામે બિનઅધિકૃત ખનન કરતું જે.સી.બી. કબ્જે કરાયુ

**અબતક, વેરાવલ અતુલ કોટેચા, વેરાવલ**



જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી વિનોદ જોશી દ્વારા રચાયેલી ટીમ દ્વારા વેરાવળ મામલતદાર તેમજ તેમની ટીમે વેરાવળ તાલુકામાં ગોવિંદપરા ગામમાં બિનઅધિકૃત ખનન અંગેની સઘન તપાસ હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન ગોવિંદપરાની ગૌચર સર નં. ૧૫૬માં બિન અધિકૃત રીતે ખનન કરતા જે.સી.બીની અટકાયત કરી વાહન તથા આગળની કાર્યવાહી સબબ ખાણ ખનીજ વિભાગની ટીમને સોંપણી કરવામાં આવી છે. આ કામગીરી દરમ્યાન આશરે રૂ. ૧૫ લાખનો મુદ્દામાલ ઝડપી આગળની કાર્યવાહી અર્થે ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવ્યો છે.

# જતીન આડેસરા હત્યાના ઘેરા પ્રત્યાઘાત: સોની બજાર સજજડ બંધ

## સાઇડ આપવા મામલે કાર ચાલકની પત્ની અને બહેનની નજર સામે છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યા: બે બાળ આરોપી સકંજામાં


## સીટી-એ ડિવીઝનનો કાફલો અને ડીવાયએસપી સહિતનો ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના ધમધમતા એવા સનાળા રોડ પર ગત રાત્રે નજીવી બાબતે એટલે કે એકસેસ મોપેડને સાઇડ આપવા જેવી નજીવી બાબતે થયેલી બોલાબાલીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા ઉશ્કેરાયેલા મોપેડમાં સ્વાર બેલડીએ છરી વડે સોની યુવાન પર પત્ની અને બહેનની નજર સામે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવાન લોહી લુહાણ હાલતમાં જમીન પર પટકાયા હતા જેને ગંભીર હાલતમાં સારવાર હાલતમાં સિવીલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની જાણ પોલીસને થતાં ડીવાયએસપી અને મહત્વની બ્રાંચનો કાફલો દોડી ગયો હતો. સીટી એ ડીવીઝન પોલીસે મૃતકના ભાઈની ફરીયાદ પરથી બન્ને બાળ આરોપી સામે હત્યાનો ગુનો નોંધી સકંજામાં લીધા આધાર ભૂત દ્વારા જાણવા મળ્યું છે સોની યુવાન અકાળે મોતના શહેરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જેને પગલે વેપારી દ્વારા સોની બજારમાં બંધ પાડી રોષ વ્યકત કર્યો હતો. વહેલી સવારે યુવકની નીકળેલી સ્મશાન યાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

મોરબીમાં સત્યમપાન વાળી શેરી ભકિતનગર-ર વિસ્તારમાં રહેતા મૌલિક રસિકલાલ આડેસરા ઉવ.૪૧ એ બે બાળ આરોપીમાં વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ



મથકમાં ફરિયાદ નોંધાવી કે, તેમનો નાનોભાઈ જતિનભાઈ આડેસરા ગઈકાલ તા. ૧૯/૦૨/૨૦૨૬ના રોજ બપોરે રાજકોટથી તેમની હ્યુન્ડાઈ ઓરા કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૪૪૬૪ લઈને મોરબી પરત ફરી રહ્યા હતા. ત્યારે રાત્રે આશરે ૧૦ વાગ્યાના અરસામાં શનાળા રોડ પર રંગોલી આઈસ્ક્રીમ દુકાન નજીક ગાડીની સાઈડ આપવા બાબતે એક એકસેસ બાઈક પર આવેલા બે વ્યકિતઓ સાથે બોલાચાલી થઈ હતી. છરીના ઘા જીકતા ઈજાગ્રસ્ત જતિનભાઈને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. બનાવ સમયે મૃતક સાથે તેમના બહેન ચેતનાબેન તથા તેમના પત્ની અને સગાઓ સાથે હોવાનું જણાવ્યુ છે. બનાવના પગલે શહેરમાં રોષનો માહોલ સર્જાયો છે. મોડી રાત્રે જ સોની સમાજના આગેવાનો તથા મોટી સંખ્યામાં સમાજ અગ્રણીઓએ હોસ્પિટલ ખાતે પહોંચી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી અને આરોપીઓને ઝડપથી પકડવાની માંગ કરી હતી.આજે સવારે મોરબીની સોની બજાર સ્વયંભૂ રીતે સંપૂર્ણ બંધ રાખવામાં આવી હતી. વેપારીઓએ દુકાનો બંધ રાખી ઘટનાનો વિરોધ નોંધાવ્યો હતો. બજારમાં શાંતિપૂર્ણ રીતે બંધ પાળવામાં આવ્યો હતો અને વેપારીઓએ એકજ માંગ ઉઠાવી હતી કે, આરોપીઓને તાત્કાલિક ઝડપી કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસમાં બે આરોપીઓ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર પણ સજ્જ બન્યું છે.

### મોરબી શહેર-જિલ્લામાં ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાયો

મોરબી શહેર અને જિલ્લામાં કથળેલી કાયદો અને વ્યવસ્થાથી ગુનાખોરીનો ગ્રાફ શેરબજારના સેન્સકસ ની જેમ સડાસડાટ ઉંચે જઈ રહ્યો છે. તેમજ ખાખીનો ખોફ ઓસરી રહ્યો છે. ત્યારે ગુન્હેગાર બેખોફ બન્યા છે. મોરબી શહેરમાં ખુન, ખુનની કોશિષ, મારામારી, લુંટ અને ચોરી જેવા ગુનાઓમાં વધારો જોવા મળતા રાજકીય અગ્રણીઓનું મોતથી શહેરીજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# સિકયુરીટીમેન પર હુમલો કરનાર બે ઝડપાયા

## ઓવર ટેક કરવા મુદ્દે ટોકતા ત્રિપલ સ્વારી બાઈકમાં આવેલા યુવકને છરી ઝીંકી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડે લીલાપર નજીક યુવક પર થયેલા ખુનની કોશીષના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને ગણતરીના દિવસોમાં શોધી પકડી પાડ્યા છે. મોરબીના લીલાપર ગમે રહેતા ફરીયાદી અનિલભાઈ ધનજીભાઈ રાઠોડએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે તા.૧૩/૦૨/૨૦૨૬ની રાત્રે તેઓ રવાપર ઘુનડા રોડ ઉપર આવેલ શિવમ પાર્ટી પ્લોટમાં સિક્યુરિટી ગાર્ડની નોકરી પૂર્ણ કરી પોતાના મોટરસાયકલથી ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન લીલાપર ઘુનડા રોડ સ્પ્લેન્ડર પ્લસ ઉપર ત્રણ અજાણ્યા



શખ્સોએ આવી તેમને અટકાવી છરીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ફરિયાદને આધારે તાલુકા પોલીસે રોજ રવાપર ઘુનડા રોડ- શનાળા ત્રણ રસ્તા પાસે બે શંકાસ્પદ ઈસમો નંબર પ્લેટ વગરના જુના મોટરસાયકલ સાથે મળી આવ્યા હતા. તપાસ દરમિયાન ચાલક પાસે છરી મળી આવતા બંનેની કડક પુછપરછ કરતાં તેમણે ગુનો કર્યાની કબૂલાત આપી હતી. જેમાં હુમલો કરવા પાછળનું કારણ જણાવતા કબુલ્યું કે, ફરીયાદીએ ઓવરટેક બાબતે ટોકતા જેનો ખાર રાખી આરોપીઓએ જીવલેણ હુમલો કર્યો હતો. હાલ પોલીસે હુમલામાં વપરાયેલ સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ કિ.રૂ.૧૫,૦૦૦/-, એક છરી રૂ.૫૦/- તથા બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ રૂ.૨૫,૦૫૦/-નો મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓ બાલો દિપકભાઈ પરમાર તથા આરોપી વનરાજ ઉર્ફે અનુ કાળુભાઈ વાઘેલા વાળાની અટક કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે.


# જનકલ્યાણનગરમાં રૂ.૧.૯૫ કરોડના ખર્ચે અત્યાધુનિક ગાર્ડન બનશે

## બગીચામાં ઓપન જિમ, જોગિંગ ટ્રેક, એમ્ફિથિએટરની અનેક આધુનિક સુવિધાઓ મળશે

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા જનકલ્યાણનગર વિસ્તારમાં અંદાજિત રૂ.૧.૯૫ કરોડના ખર્ચે અત્યાધુનિક ગાર્ડન વિકસાવવા ટેન્ડર પ્રક્રિયા - પોર્ટલ પર લાઈવ મુકાઈ છે. ગાર્ડનમાં ઓપન જિમ, રબરાઈઝડ જોગિંગ ટ્રેક, ચિલ્ડ્રન પ્લે એરિયા, એમ્ફિથિએટર, વોટર ફીચર અને સોલાર હાઈબ્રિડ એલ.ઈ.ડી. લાઈટ્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં જનકલ્યાણ નગર અને આસપાસના વિસ્તારોમાં વસતા નાગરિકોને આધુનિક અને સુવિધાસભર ગાર્ડનની ભેટ આપવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. અંદાજિત



રૂ.૧.૯૫ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા - વેબસાઈટ પર લાઈવ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત હેલ્થ અને વેલનેસ ઝોન, ૧.૮ થી ૨.૪ મીટર પહોળો રબરાઈઝડ જોગિંગ ટ્રેક અને પેવર બ્લોક વોક-વે બનાવવામાં આવશે. ઓપન જિમ સાધનો સાથે યોગા પેવેલિયન પણ તૈયાર કરવામાં આવશે. બાળકો માટે સુરક્ષિત ચિલ્ડ્રન પ્લે એરિયા, હિંચકા, લપસણી ક્લાઈમ્બર્સ અને સેફ્ટી મેટ્સ સાથે વિશેષ પ્લે ઝોન વિકસાવવામાં આવશે.ગાર્ડનમાં ૮૦થી ૧૦૦ લોકોની ક્ષમતા ધરાવતું સ્ટેપ્ડ સીટિંગ એમ્ફિથિએટર, સેન્ટ્રલ ગ્રીન લોન, આકર્ષક વોટર ફીચર અને સ્થાનિક કલાના શિલ્પો સ્થાપિત થશે. સાથે જ ડેકોરેટિવ ફુવારા, રંગબેરંગી વોલ આર્ટ અને ફોટોશૂટ માટે આકર્ષક સ્પોટ્સ પણ વિકસાવવામાં આવશે. સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતર્ગત સોલાર હાઈબ્રિડ એલઈડી લાઈટ્સ, અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ અને ઓટોમેટેડ ડ્રિપ/સ્પ્રિંકલર સિસ્ટમ લાગુ કરવામાં આવશે. મુલાકાતીઓ માટે ગેઝેબો, આધુનિક બાંકડા અને ઈન્ટરલોકિંગ ટાઈલ્સવાળું અલગ પાર્કિંગ પણ તૈયાર કરવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા લાઈવ થતાં હવે કામગીરીને વેગ મળશે અને જનકલ્યાણ નગર વિસ્તારને સ્માર્ટ અને આધુનિક ઓળખ આપતું નવું હરિયાળું ગાર્ડન ટૂંક સમયમાં સાકાર થશે .

# 'આપ'ની મહિલા આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

## પ્રદેશ મહિલા આગેવાનોની હાજરીમાં ૧૧ મહિલાઓએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો.

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ કાર્યાલય ખાતે મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા નારી શક્તિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આમ આદમી પાર્ટીની મહિલા પાંખના અગ્રણીઓ સહિત કુલ ૧૧ બહેનો કોંગ્રેસમાં જોડાયા હતા.

મોરબી જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા નારી શક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી કલ્પનાબેન જોષી અને શોભનાબેન ભાવસાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોરબી જીલ્લા મહિલા પ્રમુખ દમયંતીબેન નિરંજની,



જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચિખલિયા, મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા તેમજ યુવા કોંગ્રેસ પ્રમુખ વશીમભાઈ મંસુરી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના મહિલા પાંખના જીલ્લા ઉપપ્રમુખ વર્ષાબેન લીંબડ, હરપ્રીતકૌર ઓલક ઉપપ્રમુખ મોરબી જીલ્લા મહિલા આપ સહિત કુલ ૧૧ બહેનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. તમામને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહિલાઓને રાજકીય ક્ષેત્રમાં સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી .

# માળીયા(મી) ના લક્ષ્મીવાસ ગામે મકાનમાં જુગાર રમતા ૬ ઝડપાયા



**અબતક, ઋષિ મહેતા**


માળીયા(મી)તાલુકાના લક્ષ્મીવાસ ગામમા રહેણાંક મકાનમાંથી બાતમીના આધારે ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા ૬ જેટલા ઈસમોને પકડી લેવામાં આવ્યા હતા.માળીયા(મી)ની લક્ષ્મીવાસ ગામમા રાઘવજીભાઈ શીવાભાઈ કાવરના રહેણાંક મકાનમાથી ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો નશીબ આધારીત અંદર બહારનો જુગાર રમતા પ્રવીણભાઈ માવજીભાઈ કાવર રહે.ચમનપર તા.માળીયા, જયદીપસિંહ રણજીતસિંહ જાડેજા રહે.ભાવપર તા.માળીયા, ભરતભાઈ રામજીભાઈ મેણીયા રહે.વવાણીયા ગામ તા.માળીયા, અમૃતભાઈ શીવાભાઈ કાવર રહે.લક્ષ્મીવાસ તા.માળીયા, છેલાભાઈ પ્રભુભાઈ ખીમાણીયા રહે.વવાણીયા ગામ નાના કોળીવાસ તા.માળીયા તથા ચંદુલાલ પ્રભુલાલ ગામી રહે.વવાણીયા ગામ તા.માળીયા વાળાને રોકડા રૂ.૩૩,૭૬૦/- સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારે માળીયા(મી) પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્ટ્રીટલાઈટની રોશની વધુ ઝળહળતી કરવા ૭૫ કરોડ ખર્ચાશે

## સ્ટ્રીટ લાઈટની અછતની વર્ષો જુની સમસ્યા ઉકેલવા તંત્રની કવાયત

**અબતક, ઋષીમહેતા**

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિક શાખા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ સંબંધિત વર્ષો જૂની સમસ્યાનો ઉકેલ લાવવા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. શહેરની હદ વિસ્તારમાં આવતાં શોભેશ્વર રોડ, નાની વાવડીથી નંદીગઢ સુધી અને રાજપર રોડ સહિતના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ વિથ પોલ તથા ઓપરેશન-મેન્ટેનન્સ માટે અંદાજિત રૂ.૭૫ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી આગળની કામગીરી શરૂ કરવામાં આવી છે. શોભેશ્વર રોડ પર અંદાજિત ૪૬ જેટલી નવી સ્ટ્રીટ લાઈટ કાર્યરત કરવામાં આવી છે, જેના કારણે આ વિસ્તારની લાંબા સમયથી ચાલતી અંધારાની સમસ્યાનો ઉકેલ આવ્યો છે. ઉપરાંત નાની વાવડીથી નંદીગઢ સુધી સ્ટ્રીટ લાઈટ વિથ પોલ નાખવાની કામગીરી ચાલુ છે, જયારે રાજપર રોડથી મહાનગરપાલિકાની હદ સુધીનો વિસ્તાર પણ હાલ



પ્રગતિ હેઠળ છે. આ કામગીરી પૂર્ણ થતાં સ્થાનિક નાગરિકોની સુરક્ષા અને સુખાકારીમાં વધારો થશે તેમજ રાત્રિના સમયે વાહનચાલકોને અવરજવર કરવામાં સરળતા મળશે.

# બંદૂકની અણીએ સોનાનો ચેઈન, રોકડ અને મોબાઈલની લૂંટ

## ડબલ સવારી મોટરસાયકલ પર આવેલા હિન્દીભાષી બેલડીએ ખેડુતની લૂંટ રફૂચક્કર: બંને લૂંટારા પોલીસ પહોંચીની બહાર

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના લખધીરપુર રોડ પર ગઈ તા.૧૩ ફેબ્રુઆરીના રોજ ઘરેથી ખેતરે મોટર સાયકલ ઉપર જઈ રહેલા ખેડૂતને ડબલ સવારી મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઈસમોએ આંતરી, બંદૂક લમણે રાખી દોઢ તોલાનો સોનાનો ચેઈન, રૂ.૫,૦૦૦/- અને ઓપો મોબાઈલ મળી કુલ રૂ.૧.૬૦ લાખનો મુદ્દામાલ લૂંટી ફરાર થઈ ગયા અંગે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, મોરબી તાલુકાના લખધીરપુર ગામે રહેતા માવજીભાઈ ભીમજીભાઈ જાદવ ઉવ.૪૬ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૧૩/૦૨ના રોજ સાંજે તેઓ પોતાના હોન્ડા સાઈન મોટરસાયકલ રજી. જીજે-૩૬-એએચ-૯૨૩૬ ઉપર પાનેલી તરફના કાચા માર્ગે પોતાની વાડી તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમની પાછળ ડબલ સવારી મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ સ્પીડ વધારી બુમ પાડી તેમને ઉભા રહેવાનું કહેતા ફરિયાદી માવજીભાઈએ મોટરસાયકલ ઉભું રાખતાં જ ડાબી સવારી આવેલ મોટર સાયકલમાં પાછળ બેઠેલો ઈસમ નીચે ઉતરી માવજીભાઈના ગળામાંથી આશરે દોઢ તોલાનો સોનાનો ચેઈન કિ.રૂ.૧.૫૦ લાખ ઝૂંટવી લીધો. ત્યારબાદ બીજા ઈસમે પોતાની પાસે રાખેલી બંદૂક માવજીભાઈના કપાળે રાખી, જે હોય તે આપી દેજે, નહીં તો જાનથી મારી નાખીશ'' એવી ધમકી આપી હતી. માવજીભાઈ પાસેથી ખિસ્સામાં રહેલા રૂ.૫ હજાર અને ઓપો કંપનીનો મોબાઈલ કિ.રૂ. ૫ હજાર પણ છીનવી લેવામાં આવ્યા હતા. જે બાદ આરોપીઓએ તેમને લાફો મારી મોટરસાયકલની ચાવી વાડમાં ફેંકી દીધી અને ફરાર થઈ ગયા હતા. હાલ તાલુકા પોલીસે બંને આરોપી અજાણ્યા મોટર સાયકલ સવાર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરની એલ કે સંઘવી કન્યા વિદ્યાલયની યુથ એસેમ્બલી કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ લોકતંત્ર અંગે આપ્યું વક્તવ્ય

## યુથ એસેમ્બલી સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી નવાજાયા

**અબ તક લીતેશ ચંદારાણા વાંકાનેર**

વાંકાનેરમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મૂલ્યનિષ્ટ શિક્ષણ સાથે કેળવણી માટે જાણીતી શ્રીમતી એલ કે સંઘવી કન્યા વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાના યુદ્ધ એસેમ્બલી કાર્યક્રમમાં યુવા વિકાસ અધિકારી હિરલબેન વ્યાસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓ ની વક્તૃત્વ સ્પર્ધામાં લોકશાહીના મૂલ્યો અંગે વિદ્યાર્થીનીઓએ વિચારો રજૂ કર્યા હતા અને આ સ્પર્ધામાં એક થી ત્રણ ક્રમે આવેલા વિદ્યાર્થીનીઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા

વાંકાનેર ની શ્રીમતી એલ કે સંઘવી કન્યા વિદ્યાલય ખાતે૧૯/૨ વાંકાનેર તાલુકા કક્ષા નો યુથ એસેમ્બલી નો વાંકાનેર વિધાનસભા નો કાર્યક્રમયુથ એસેમ્બલીમાં ૧૩ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો




અને લોકશાહી પ્રક્રિયાની સુંદર રજૂઆત કરીહતી વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્ય દ્વારા સમાજ પ્રત્યે ની જવાબદારી, વિચારશીલતા અને નેતૃત્વ ક્ષમતાનો પરિચય આપ્યોહતો આ સ્પર્ધામાંપ્રથમ નંબરેરાવલ નિર્જરા જતિનભાઈ,દ્વિતીય નંબરે મકવાણા વિરલ અને કડીવાર સોમિયા, ત્રીજા નંબરે માધુ રાજવી સુભાષભાઈ ને વિજેતા જાહેર રહ્યા હતા અને સ્પર્ધામાં નિર્ણાયક તરીકે દર્શનાબેન જાની, સેજલબા ચુડાસમા અને દીપાલીબેન ચૌહાણએ નિષ્પક્ષ અને કામગીરી નિભાવી હતી.

આ યુથ એસેમ્બલી દ્વારા વિદ્યાર્થીઓમાં લોકશાહી મૂલ્યો, આત્મવિશ્વાસ અને વક્તત્વ કળાનો વિકાસ થયો હતો તમામ વિજેતાઓને અભિનંદન તથા શુભકામનાઓ પાઠવી શાળાના આચાર્ય દર્શનાબેન જાની દ્વારા સ્વામી વિવેકાનંદ ના વિચારો માંથી પ્રેરણા લઈ યુવાઓનેઆગળ આવવા અને સકારાત્મક વિચારો રાખી લોકશાહી દેશ માટે મતદાન અને પોતાના મતનું મહત્વ સમજી રાષ્ટ્ર માટે યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

# વચગાળાના જામીન મેળવી ફરાર થયેલો કેદી કલોલથી ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હત્યાના ગુનામાં રાજકોટ જીલ્લા જેલમાં સજા ભોગવી રહેલો પાકા કામનો કેદી શૈલેષ ઉર્ફે તીતલી પોપટ ઉર્ફે ભોલો ઉર્ફે એલીયન રણછોડ ચાવડા રહે. રાજપરા તા. ચોટીલા વાળો તા.૧૭/૧૨/૨૦૨૫ના રોજ ૧૦ દિવસની વચગાળાની રજા પર મુક્ત થયો હતો. રજાની મુદત પૂર્ણ થતાં તા.૨૮/૧૨/૨૦૨૫ના રોજ તેને રાજકોટ જીલ્લા જેલ ખાતે હાજર થવાનું હતું, પરંતુ તે હાજર રહ્યો ન હતો ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડે ટેકિન્કલ અને હ્યુમન સોર્સીસથી મળેલ ખાનગી બાતમીને આધારે આરોપીને કલોલ ખાતે તળાવ રોડ વિસ્તારમાં એમ.કે. મોબાઈલ પાસે દરોડો પાડી આરોપી શૈલેષ



ઉર્ફે તીતલી પોપટ ઉર્ફે ભોલો ઉર્ફે એલીયન રણછોડભાઈ ચાવડાને ડિટેઈન કર્યો હતો. હાલ તેને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી ફરી રાજકોટ જીલ્લા જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# નવી પીપળીમાં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના નવી પીપળી ગામે ઓમપાર્ક સોસાયટીમાં બંધ મકાનના તાળા તોડી અજાણ્યા તસ્કરોએ રૂ.૫,૫૦૦/- રોકડની ચોરી કરી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના નવી પીપળી ગામે ઓમપાર્ક સોસાયટીમાં રહેતા સંદીપભાઈ રમેશભાઈ કાલરિયા ઉવ.૩૬ એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત તા.૧૮/૦૨ના રોજ સવારે પોતાની પત્ની સાથે અમદાવાદ ખાતે સગાંના ઘરે ગયા હતા. જે બાદ ગઈકાલે તા ૧૯/૦૨ ના રોજ વહેલી સવારે ઘરે પરત ફરતાં મકાનનો મુખ્ય હોલના દરવાજાનું તાળું તૂટેલું અને નકૂચો વળેલો હાલતમાં મળ્યો હતો તેમજ ઘરનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. તપાસ કરતાં ફ્રિજના કવરખાનામાં રાખેલા રૂ.૫,૫૦૦/- રોકડા અને પર્સમાં રાખેલી ગોલ્ડન કલરની ધાતુની ચેઈનની ચોરી થઈ હતી.

# ૧૭ કચેરીઓની વહિવટી કામગીરીની સમિક્ષાનો કલેકટરનો આદેશ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં વહીવટી તંત્ર વધુ ગતિશીલ, પારદર્શક અને લોકોની સેવામાં સજ્જ બને તે હેતુથી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિવિધ ૧૭ જેટલી સરકારી કચેરીઓની આકસ્મિક તપાસ કરી વહીવટી શિસ્ત અને કર્મચારીઓની હાજરીની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. આ તપાસનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી કચેરીઓમાં આવતા અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે તથા સેવાઓનો લાભ નિયત સમયમાં મળે તે સુનિશ્ચિત કરવાનો છે.૧૮ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલી આ આકસ્મિક તપાસ દરમિયાન કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગ, રેન્જ ફોરેસ્ટ કચેરી, નાયબ કાર્યપાલક ઈજનેર ક્ષાર અંકુશ પેટા વિભાગ-૧, મચ્છુ-૩ બાંધકામ પેટા વિભાગ-૩, સ્ટેમ્પ ડ્યુટી કચેરી, શ્રમ અને રોજગાર, સીટી સર્વે કચેરી, સબ રજીસ્ટ્રાર કચેરી, જી.એસ.ટી. કચેરી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી, નાયબ બાગાયત કચેરી, ફીશરીઝ કચેરી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ-૬/૧, નાયબ ખેતી નિયામક કચેરી, જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (યાંત્રિક) તેમજ જળ સિંચન પેટા વિભાગમાં કર્મચારીઓની હાજરી બાબતે આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ તમામ કચેરીઓ મળી કુલ ૧૨ જેટલા કર્મચારી ગેરહાજર નોંધાયા હતા. કચેરીમાં કર્મચારીઓની ગેરહાજરી અને અનિયમિતતાની બાબત કલેક્ટરે ધ્યાને લઈ આ બાબતે તાત્કાલિક યોગ્ય પગલાં લેવા સબંધિત કચેરીના વડાઓને કડક સૂચના આપી હતી.મોરબી જીલ્લા સેવા સદન અને અન્ય વિસ્તારોમાં આવેલી આ કચેરીઓની મુલાકાત દરમિયાન લોકોના પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

# લુખ્ખા તત્વો પર ગ્રામ્ય પોલીસની ધોંસ: ૧૭ આરોપીના ઘરે ત્રાટકી ગેરકાયદેસર વાહનો જપ્ત

## એસપી વિજયસિંહ ગુર્જર અને એએસપી ડો. નવીન ચકવર્તીની રાહબરીમાં એલસીબી, એસઓજી અને ક્યુઆરટીની ટીમો દ્વારા જસદણના આંકડીયા ગામે કોમ્બિંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલિસે લુખ્ખા તત્વો પર ધોસ બોલાવી છે. જસદણના આંકડીયા ગામેં અવારનવાર લુખ્ખાગીરીની ફરીયાદ મળતાં એસપી વિજયસિંહ ગુર્જર અને એએસપી ડો. નવીન ચકવર્તીની રાહબરીમાં એલસીબી, એસઓજી અને ક્યુઆરટીની ટીમોએ ૧૭ જેટલા ગુનેગારોનક ઘરે સર્ચ કરી ગેરકાયદેસર વાહનો જપ્ત કર્યા હતાં.તેમજ પીજીવીસીએલની ટીમને સાથે રાખી ૩૩ જેટલા ગેરકાયદેસર વીજ જોડાણો કાપી ૨૧ લાખનો દંડ પણ ફટકાર્યો હતો.

### પીજીવીસીએલની ટીમને સાથે રાખી ૩૩ જેટલા ગેરકાયદેસર વીજ જોડાણો કાપી ૨૧ લાખનો દંડ પણ ફટકાર્યો

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા અવાર નવાર ગુના કરતા શખ્સોનો ગુનાહીત પ્રવૃતિ અંકુશમા લેવા આપેલ સુચનાથી જસદણ એએસપી ડો. નવીન ચકવર્તીની રાહબરીમાં રૂરલ એલસીબી, એસઓજી, યુ.આર.ટી. તથા વિંછીયા, જસદણ, આટકોટ અને ભાડલા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મહિલા પોલીસ અધિકારી, કર્મચારીઓની અલગ અલગ ટીમો તેમજ પીજીવીસીએલની કુલ-૧૦ ટીમોને સાથે રાખી રાજકોટના આંકડીયા ગામ ખાતે કોમ્બીંગ કરવામાં આવ્યું હતું.

જ્યાં ૧૭ જેટલા ગુનેગારના રહેણાંક મકાને છાપા મારી સર્ચ કરવામાં આવેલ જે કાર્યવાહી દરમ્યાન ગેરકાયદેસર જણાયેલ કુલ-૭ જેટલા વાહનો ડીટેઈન કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ તેમજ પીજીવીસીએલ ટીમો દ્વારા કુલ ૩૩ જેટલા ગેરકાયદેસર વીજ જોડાણો કાપી દુર કરવામાં આવેલ જે ગેરકાયદેસર વીજ જોડાણો સબંધે આશરે ૨૧ લાખ જેટલો દંડ કરવામાં આવેલ છે. તેમજ ગેરકાયદેસરના ખેતીવાડીના ઉપયોગમાં લેવામાં આવેલ થ્રી-ફેઈઝ વીજ જોડાણમાં રહેલ આશરે ૧૦ હજાર મીટર જેટલો કેબલ વાયર જપ્ત કરવામાં આવેલ હતો. ઉલ્લેખનીય છે કે, આકડીયા ગામે રહેતાં ૧૭ જેટલા આરોપી જે મારામારી કરી અવારનવાર ગુના આચરે છે તેમની સ્થાનિક લોકોમાંથી ફરીયાદ ઉઠતાં પોલીસ એકશન મોડમાં આવી હતી. હજું પણ કાર્યવાહી અવિરત રહેશે તેવું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. જે કામગીરીમાં રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા એસઓજી પીએસઆઈ જી.જે.ઝાલા ગ્રામ્ય કયુ.આર.ટી. ટીમના પીએસઆઈ એસ.વી.ચૌધરી, વિંછીયા પોલીસ મથકના પીઆઈ એ.સી.ડામોર, ભાડલા પોલીસ મથકના પીઆઈ કે.વી.પરમાર, જસદણ પોલીસ મથકના પીએસઆઈ એન.પી. ગોહિલ સહિતનો સ્ટાફ તેમજ પીજીવીસીએલની ટીમ સાથે રહી હતી.

# લોધીકાના રાવકીમાં મોબાઈલ પર યુવતી સાથે વાત કરવાના મામલે યુવક પર હુમલો

## રૂમ પાર્ટનરે કરેલા ફોન પર વળતો કોલ કરતા અજાણ્યા શખ્સોએ છરી-ધોકા વડે યુવકની ધોલાઈ કરી

**અબતક રાજકોટ**

લોધિકા તાલુકાના રાવકી ગામમાં મોબાઈલ ફોનમાં યુવતી સાથે વાત કરવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. રાવકીની એક કંપની પાસે ૧૯ વર્ષીય બિહારી યુવક પર અજાણ્યા શખ્સોએ છરી અને ધોકા વડે હુમલો કરતા તેને ગંભીર હાલતમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ બિહારના વતની અને હાલ રાવકી ગામમાં રહી મજૂરી કામ કરતા મુકેશકુમાર રામનાથ રાય (ઉ.વ. ૧૯) નામના યુવક રાત્રે સુતા હતા ત્યારે તેમની સાથે રૂમમાં રહેતા અન્ય એક વ્યકિતએ મુકેશના ફોનમાંથી કોઈ યુવતીને ફોન કર્યો હતો. ત્યારબાદ મુકેશકુમારે પોતાના ફોનમાં અજાણ્યો નંબર જોતા તે નંબર પર વળતો ફોન (કોલ-બેક) કર્યો હતો. આ ફોન કરવા બાબતની અદાવત રાખીને ગઈકાલે બપોરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ જયારે મુકેશકુમાર બરૂરી એન્ટરપ્રાઈઝ કંપની પાસે હતા, ત્યારે અજાણ્યા શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. 'તે કેમ છોકરી સાથે વાત કરી?' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. ઉશ્કેરાયેલા શખ્સોએ મુકેશકુમાર પર છરી અને ધોકા વડે તૂટી પડ્યા હતા, જેમાં યુવકને માથાના ભાગે, શરીરે તથા ગુપ્ત ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતા લોધિકા પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્ત યુવકની પૂછપરછ હાથ ધરી છે. હુમલો કરનાર અજાણ્યા શખ્સો કોણ હતા અને આ પાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉપલેટાના કાથરોટા ગામે કરિયાણાની દુકાનમાંથી રોકડની ચોરી

## દુકાનની પાછળની બારીની ગ્રીલ તોડી થડામાંથી રૂ.૨૬૫૦૦ ની મતા ઉઠાવી તસ્કરો નાસી ગયા : તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

ઉપલેટાના કાથરોટા બસસ્ટેન્ડમાં આવેલ અનાજ કરિયાણાની દુકાનમાંથી રૂ.૨૬૫૦૦ ની રોકડની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં પાટણવાવ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ મામલે ઉપલેટાના કાથરોટા ગામે રહેતા ૨૫ વર્ષીય કરિયાણાના વેપારી આકાશભાઈ જસમતભાઈ વાઘીયાએ પાટણવાવ પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, હુ તથા મારો ભાઈ દેવલ અમારા ગામ કાથરોટા બસ સ્ટેન્ડ સામે આકાશ પાન બીડી તથા અનાજ-કરીયાણા નામની દુકાન ધરાવી વેપાર કરીએ છીએ. અમે દરરોજ સવારે છ વાગ્યાની આસપાસ દુકાન ખોલીએ છીએ અને રાત્રીના સાડા દશ વાગ્યાની આસપાસ બંધ કરીએ છીએ.

ગઈ તા.૧૮ ના રાત્રીના સાડા દશેક વાગ્યે દુકાન બંધ કરેલ હતી. દુકાનમા પૈસા રાખવાની એક લાકડાનુ ટેબલ રાખવામા આવેલ છે, જે ટેબલ જમણી સાઈડના ખાનામાં એક લાકડાનો ચોરસ ગલો રાખેલ છે. જેમા દર પંદર દિવસે ૧૫૦૦ રૂપીયા નાખતા હતા. જે આ ગલામાં અદાજીત આશરે રોકડા રૂ. ૧૮ હજાર અને ટેબલ ડાબી સાઈડના ખાનામા છેલ્લા બે-ત્રણ દીવસના વેપારના અંદાજે રૂપીયા ૮૫૦૦ મળી આશરે કુલ રૂ. ૨૬,૫૦૦ હતાં.

ગઈકાલે સવારના સાડા છ એક વાગ્યે નાના ભાઈ દેવલ દુકાન ખોલવા ગયેલ તો દુકાનના ટેબલની સાઈડ ચીજ વસ્તુ તથા સામાન વેર વિખેર હાલત જોવા આવેલ અને લાઈટ ચાલુ હતી. ટેબલના બન્ને ખાના તોડી નાખેલ જોવામા આવેલ હતા અને ટેબલની જમણી સાઈડના ખાનામાં રાખેલ લાકડાનો ચોરસ ગલો જોવામા આવેલ નહી અને દુકાનમાંથી પૈસાની ચોરી થયેલ જણાયેલ જેથી તુરત જ નાના ભાઈ એ ફોન કરતાં તેઓ દુકાને આવેલ અને જોયુ તો દુકાન પાછળ બારી ગ્રીલ તોડી તસ્કરો અંદર દુકાનમા પ્રવેશ કરી રૂ.૨૬૫૦૦ નો રોકડ અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયેલનું સામે આવતા ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પાટણવાવ પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# અમે દાદા જ છીએ, મરવા અને મારવા નવરા જ હોય : પિતાને પુત્રીના પ્રેમીની ધમકી

## ગોંડલના રીબ ગામે રહેતા પ્રૌઢની દીકરી સાથે મૈત્રી કરારથી રહેતો ગોંડલના અહેમદ વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના રીબ ગામે રહેતા યુવાનને ગોંડલમાં રહેતા શખસે ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

ગોંડલ તાલુકાના રીબ ગામે રહેતા યોગેશભાઈ મગનભાઈ ચાવડા (ઉ.વ.૪૩) દ્વારા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં ગોંડલના નાની બજાર વિસ્તારમાં રહેતા અહેમદ શાહમદારનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે રીબ ગામે દરજીકામ કરે છે સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે જેમાં મોટી દીકરી રાજકોટ ખાતે ગ્રાફિક ડિઝાઈન શોપમાં જોબ કરતી હતી અને રાજકોટથી રીબ સુધી રેલવેમાં અપડાઉન કરતી હતી.

બે મહિના પૂર્વે તારીખ ૧૩/૧૧/૨૦૨૫ માં યુવાનને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોનમાં વાત કરનાર વ્યક્તિએ કહ્યું હતું કે, મારે તમારી દીકરી સાથે સંબંધ છે, હું મુસલમાન છું, હું જ્યારે તમને ફોન કરું ત્યારે ફોન ઉપાડજો અમે મારવા અને મરવા નવરા છીએ, તમારે જે કાંઈ થાય તે કરી લેવું. તમારી દીકરીને પૂછી લેજો પછી મારી સાથે વાત કરજો અમે દાદા જ છીએ અને હું જ્યારે ફોન કરું ત્યારે ફોન ઉપાડજો તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. બાદમાં યોગેશભાઈને જાણવા મળ્યું હતું કે, ફોન કરનાર શખસ ગોંડલનો અહેમદ શાહમદાર છે નંબર પરથી અગાઉ પણ બે ત્રણ વખત ફોન આવ્યો હતો અને મારી નાખવાની ધમકી આપી હતી.

વધુમાં યુવાને જણાવ્યું હતું કે તારીખ ૩૧/૧/૨૦૨૬ ના તેની દીકરી રાજકોટ નોકરી પર ગઈ ગઈ હતી. તે ટ્રેનમાં અપડાઉન કરતી હોય અને રીબડા રેલવે સ્ટેશન પર ઉતરી જતી હતી. પરંતુ તે દિવસે તે અહીં રેલ્વે સ્ટેશન પર ઉતરી ન હોય જેથી દીકરીને ફોન કરતા તેણે ફોન ઉપાડ્યો ન હતો. ત્યારબાદ ખ્યાલ પડ્યો હતો કે દીકરી ફોન સાથે લઈ ગઈ નથી. બાદમાં દીકરીએ ગોંડલ રેલવે સ્ટેશનથી કોઈ અજાણ્યા નંબર પરથી ફોન કર્યો હતો કે મને ગોતતા નહીં હું જ્યાં છું ત્યાં ખુશ છું. બાદમાં તપાસ કરતા ફરિયાદીને માલુમ પડ્યું હતું કે, તેની દીકરી ગોંડલના અહેમદશા સાથે સમજૂતી કરાર કરી રહે છે. આ શખસે અગાઉ તેને ફોનમાં મારી નાખવાની ધમકી આપી હોય જેથી આ અંગે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ધમકી આપ્યા અંગે ફરિયાદ નોંધાવી છે.

# ધાંગધ્રાઃ મોટા અંકેવાળીયા ગામે વરલીનો જુગાર રમતો શખ્સ ઝડપાયો

**અબતક સલીમ ઘાંચી**
**ધાંગધ્રા**



ધાંગધ્રાના મોટા અંકેવાળીયા ગામે વરલી મટકાના આંકડા પર જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ધ્રાંગધ્રા પોલીસની ટીમને મળતા, ધ્રાંગધ્રા પોલીસની ટીમે મોટા અંકેવાળીયા ગામે જઈ , વરલીના આકડા પર જુગાર રમાડતો રમેશ ઉર્ફે મુન્ના ઈશ્વરભાઈ પટેલ નામના શખ્સની ધરપકડ કરી, રૂ.૧૦.૨૦૦ની રોકડ ધાંગધ્રા તાલુકા ઈન્ચાર્જ પી.આઈ એન એચ ચુડાસમા, તેમજ ટીમના પી.પી ખૂંટ, નરેશભાઈ ભોજીયા અને વિક્રમભાઈ રબારીએ કબ્જે કરી છે.

# મેટોડામાં ઘરમાં ઘસી જઈ ભાઈ-બહેન પર છરી વડે હીંચકારો હુમલો

## બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા, બહેનની હાલત ગંભીર : મેટોડા જીઆઈડીસી પોલિસ

**અબતક રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી ગેટ નં.-૨ પાસે એક અજાણ્યા શખ્સે ઘરમાં ઘૂસીને પ્રભાબેન પ્રેમજીભાઈ જોગડિયા (ઉં.વ. ૩૦) અને તેમના ભાઈ અશ્વિન પ્રેમજીભાઈ જોગડિયા (ઉં.વ. ૨૬) પર જીવલેણ હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગઈ છે. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

બનાવની વિગતો મુજબ, પ્રભાબેન નીચેના રૂમમાં હતા ત્યારે અચાનક ધસી આવેલા અજાણ્યા શખ્સે તેમના માથાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. બહેનની ચીસાચીસ સાંભળી ઉપરના રૂમમાં રહેલો ભાઈ અશ્વિન નીચે દોડી આવ્યો હતો. બહેનને બચાવવા વચ્ચે પડતા હુમલાખોરે અશ્વિન પર પણ છરી વડે હુમલો કર્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, ભોગ બનનાર પ્રભાબેન પોતે ઔદ્યોગિક એકમમાં કામ કરે છે. ઘટના સમયે તેમના માતા-પિતા પણ કંપનીમાં કામે ગયા હતા, ત્યારે ઘરમાં ભાઈ-બહેન એકલા હતા. પ્રભાબેન ત્રણ ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના છે. આ હુમલો કયા કારણોસર કરવામાં આવ્યો અને હુમલાખોર કોણ હતો તે હજુ અકબંધ છે. પોલીસે આ અંગે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જેતપુરના કણકીયા પ્લોટમાં વેપારી યુવાન પર કુરિયર સર્વિસના કર્મચારીનો હુમલો

## દુકાન બહાર વાહન પાર્ક કરવા મામલે બોલાચાલી થયાં બાદ મામલો ઉગ્ર બન્યો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના કણકીયા પ્લોટના વેપારીને પાડોશમાં આવેલી કુરિયર સર્વિસના કર્મચારીએ માર માર્યો હતો. દુકાન બહાર વાહન પાર્ક કરવા મામલે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા વેપારી યુવાન પર હુમલો કરવામાં આવતા જેતપુર સીટી પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુરના જૂનાગઢ પાંચપીપળા રોડ પર ગોવર્ધનનગરમાં રહેતા ૨૭ વર્ષીય યુવાન વેપારી કરણભાઈ મનીશભાઈ આશરાએ આરોપી તરીકે જતીન ગૌસ્વામીનું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું કણકીયા પ્લોટ, મનીષ માર્કેટમા વ્રજ બંધેજ નામની દુકાન ધરાવી વેપાર કરૂ છું. ગત તા. ૧૯-૦૨-૨૦૨૬ ના રોજ હું સવારના બહારગામ પ્રસંગમાં ગયેલ હોય બપોર બાદ મારી દુકાન ખાતે આશરે સાડા ચારેક વાગ્યે આવેલ હતો. મારી દુકાનની બહાર નીશાન કંપનીની માઈક્રા ગાડી જેના રજી નં. જીજે-૦૩-ઈએલ-૪૮૨૮ પડેલ હતી. આ ગાડી બાજુમાં આવેલ મહાવીર કુરિયરમાં કામ કરતા જતીનભાઈ ગૌસ્વામીની હોય જે ગાડી પાર્કિંગમાં રાખવા બાબતે અમારી બંને વચ્ચે બોલાચાલી થયેલ હતી. દરમિયાન જતીનભાઈએ ઉશ્કેરાઈ જઈ મને ગાળો આપવા લાગેલ હતા. બાદ તેણે મારી સાથે હાથાપાઈ કરી માર માર્યો હતો. દરમિયાન લોકો એકત્રિત થઈ જતાં મને વધુ મારથી બચાવ્યો હતો. બાદમાં યુવકે જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર મેળવી ફરીયાદ નોંધાવી હતી.

# કચ્છ જીલ્લામાંથી તડીપાર થયેલ ઈસમને કિડાણા ખાતેથી પકડી લેવાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



કચ્છના કિડાણામાં રહેનાર ફરીદ ઉર્ફે પૈકો ઈબ્રાહીમ કટિયા નામના શખ્સને ગત તા.૫/૧૨/૨૦૨૫ના કચ્છ તથા તેને અડીને આવેલા જિલ્લાઓમાંથી ત્રણ મહિના માટે તડીપાર કરવામાં આવ્યો હતો અને તા. ૧૦/૧૨ના તેને અમદાવાદ મોકલી દેવામાં આવ્યો હતો તેમ છતાં કોઈપણ સક્ષમ અધિકારીની પરવાનગી વગર આ શખ્સ પરત કિડાણા આવી પહોંચતાં પોલીસે તેને પકડી પાડયો હતો અને તેની સામે તડીપાર ભંગની કલમો તળે ગુનો દર્જ કરવામાં આવ્યો હતો. આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.વી. ગોજીયા, પો.સબ.ઈન્સ એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# ગાંધીધામના ખોડીયાર નગરથી ગોપાલપુરી સુધી દબાણ હટાવ કાર્યવાહીથી દબાણકારોમાં ફફડાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકા વિસ્તારના રાજવી ફાટકથી રેલ્વે સમાંતર રસ્તાની બાજુમાં મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ કરવામાં આવેલ જે ઝુંબેશના ભાગરૂપે ગોપાલપુરી રેલ્વે સ્ટેશનથી ખોડીયારનગર સુધીના દબાણકારોને નોટીસ પાઠવવામાં આવી હતી. જે દબાણકર્તાઓ દ્વારા સ્વેચ્છાએ દબાણ ખાલી કરવામાં આવ્યા હતા જે કામગીરીને આગળ વધારતા આજરોજ મહાનગરપાલિકાના જે.સિ.બી., ટ્રેક્ટર, તથા પૂરતા માનવબળ સાથે અંદાજે ૧૬૦ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા છે. જે કાર્યવાહીમાં મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજયકુમાર રામાનુજ, દબાણ ઈન્સ્પેકટર ગાયત્રીપ્રસાદ જોષી, પાણી પુરવઠા વિભાગ અને ઈન્જિનીયરીંગ વિભાગની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા આ દબાણ હટાવો ઝુંબેશ ચાલુ રહેશે, જેમાં સહકાર આપવા લોકોને અપીલ કરવામાં આવી છે.

# ગોંડલ નજીક થારની ઠોકરે બાઈક ચાલક ગંભીર

## ચાલક થાર મૂકી નાશી છૂટયોઃ ઈજાગ્રસ્તને કારના ચાલકે માનવતા દાખવી હોસ્પિટલે ખસેડયો

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ ની સુરેશ્રવર ચોકડી પર બાઈક ચાલક અને થાર જીપ વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયો હતો.બનાવ બાદ થાર ચાલક થાર મુકી પલાયન થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ રહેતા ગૌતમ હિંમતભાઈ મકવાણા ઉ.૨૮ બાઈક લઈ સુરેશ્રવર ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતાં.દરમિયાન જીજેઓ ૧૬ ૪૭૯૦ નંબર ની થાર સાથે ટકરાતા બાઈક સાથે ફંગોળાયેલા ગૌતમભાઈ ને ગંભીર ઈજાઓ પંહોચી હતી.અકસ્માત બાદ થાર ચાલક થાર મુકી નાશી છુટચો હતો.બીજી બાજુ ઈજાગ્રસ્ત ગૌતમભાઈ રોડ પર લોહીલુહાણ હાલત માં બેભાન અવસ્થા માં પડ્યા હતાં.અકસ્માત નાં પગલે લોકો એકઠા થઈ ગયા હતાં.પરંતુ કોઈ એ ઘાયલ યુવાન ને હોસ્પિટલ પંહોચાડવા ની માનવતા દાખવી ના હતી.દરમિયાન વેરીતળાવે ફરજ પર જઈ રહેલા જીઆઈએસએફ જવાન મનોજભાઈ પરમાર પસાર થતા અને ઘાયલ યુવાન ને જોતા તુરંત પસાર થઈ રહેલી કાર ને થોભાવી ઘાયલ યુવાન ને સરકારી હોસ્પિટલે લઈ ગયાં હતાં.જ્યાં યુવાન ની હાલત નાજુક હોય વધુ સારવાર માટે રાજકોટ ખસેડ્યાં હતાં.આમ મનોજભાઈ પરમારે માનવતા દાખવી હતી. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# ગીર સોમનાથ જિલ્લામાં ખનીજ ચોરી પર અંકૂશ લાવવા તંત્ર દ્વારા કડક કામગીરીથી ખનીજચોરોમાં ફફડાટ

## બિનઅધિકૃત ખનન-વહન-સંગ્રહ અન્વયે ત્રણ વર્ષમાં ૯૦૬ કેસ કરી રૂ.૦૮ કરોડથી વધુની દંડની રકમ વસૂલ કરાઈ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર એન.વી.ઉપાધ્યાય તથા ઈન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રીના સીધા માર્ગદર્શન હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં ખાણ ખનીજ વિભાગે વિવિધ તાલુકાઓમાં પેટ્રોલિંગ તથા દરોડા પાડી ખનીજ ચોરી પર અંકૂશ લાવવા કડક હાથે કામગીરી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો છે. ખનીજ ચોરી અંગે જિલ્લામાં ગત ત્રણ વર્ષમાં ૨૦૨૩-૨૪માં બિનઅધીકૃત ખનન-વહન-સંગ્રહ અન્વયે ૧૮૪ કેસો કરી રૂ. ૧૫૫.૪૨ લાખની વસૂલાત તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૮૪ કેસો કરી રૂ.૩૦૧.૭૧ લાખની વસૂલાત તેમજ ૦૩ કોર્ટ કેસ/એફ.આઈ.આર અને વર્ષ ૨૦૨૫-૨૬માં બિનઅધીકૃત ખનન-વહન-સંગ્રહ અન્વયે ૪૩૮ કેસો કરી રૂ.૩૯૩.૯૮ લાખની વસૂલાત તેમજ ૦૫ કોર્ટ કેસ/એફ.આઈ.આર કરવામાં આવ્યાં છે. વહીવટી તંત્રએ કડક હાથે કામ લેતાં મહેસૂલી રોયલ્ટીની આવકમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪ ની કુલ આવક રૂ.૬૦૮૯.૭૩ લાખ તથા વર્ષ ૨૦૨૪-૨૫ ની કુલ આવક રૂ.૬૫૬૫.૩૪ લાખ તથા વર્ષ ૨૦૨૫-૨૬(જાન્યુઆરી) સુધીની આવક રૂ.૫૬૫૧.૨૫ લાખ થઈ છે.

# પ્રેમ લગ્ન કરનાર યુવતીનો પતિ દારૂડિયો નીકળ્યો : નશામાં મારકૂટ કરતો

## સાસુ-સસરા અને ત્રણ નણંદ અને એક નણદોયાએ ઘરકામ અને રસોઈ બાબતે મેણા ટોણા મારી સિતમ ગુજાર્યોઃ કેશોદના ડેરવાણ ગામના સાસરીયા સામે વાડોદરની યુવતીએ ફરીયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

ધોરાજીના વાડોદર ગામની યુવતીએ પ્રેમ લગ્ન કર્યા બાદ પતિ અને સસરિયાઓએ ફક્ત માનસીક અને શારીરિક ત્રાસ જ આપતાં કેશોદના ડેરવાણ ગામના સાસરીયા સામે પાટણવાવ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ધોરાજીના વાડોદર ગામે રહેતા પારૂલબેન મેહુલભાઈ બકોત્રા (ઉ.વ.૨૦) એ તેના પતિ મેહુલ મોહનભાઈ બકોત્રા, સસરા મોહનભાઈ મેણંદભાઈ બકોત્રા, સાસુ નીમુબેન બકોત્રા (રહે. ત્રણેય ડેરવાણ, કેશોદ), નણંદ વર્ષાબેન નવનીતભાઈ ચાવડા (રહે. ખોરાસા વંથલી), શાંતીબેન વિજયભાઈ ડાંગર (રહે. માણેકવાડા, કેશોદ), હેતલબેન અક્ષયભાઈ ધ્રાંગા અને નણદોયા અક્ષયભાઈ રમેશભાઈ ધ્રાંગા (રહે. બંને વાડોદર, ધોરાજી) વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, હાલ તેણી માવતરના ઘરે રહી ઘરકામ કરે છે. તેણીના કેશોદના ડેરવાણ ગામના મેહુલભાઈ બકોત્રા સાથે પ્રેમ લગ્ન ગઈ તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ સાવરકુંડલા મુકામે કરેલ હતા. તેણી ગઈ તા.૨૬/૧૦/૨૦૨૫ થી માવતરના ઘરે રહે છે.

લગ્ન બાદ તેણી પતિ મેહુલભાઈના ઘરે ડેરવાણ મુકામે તેમના પરીવાર સાથે રહેવા જતી રહેલ હતી. તે દરમ્યાન પતિ મેહુલ, સસરા મોહનભાઈ, સાસુ નીમુબેન આ બધા તેણી ઘરે લગ્ન કરીને આવી ત્યારે થોડા દિવસ સારી રીતે રાખેલ બાદ ઘર કામ સારૂ તેમજ રસોઈ સારી આવડતી નથી તે બાબતે અવાર નવાર મેણાટોણા મારતા હતાં. પતિ મેહુલના મોટા બહેન વર્ષાબેન, બીજા નંબરના શાંતીબેન અને નાના હેતલબેન તથા નણદોયા અક્ષયભાઈ પણ ઘરે અવાર નવાર આવતા અને ઘરકામ અને રસોઈ સારી આવડતી નથી જે બાબતે અવાર નવાર મેણા ટોણા મારી પતિને તેણી વિરૂધ્ધ ચડામણી કરતા અને પતિ અવાર નવાર દારૂ પી આવીને સસરિયાની ચડામણીના લીધે અવાર નવાર માર મારી તેણીના પરીવારના સભ્યોને પણ મનફાવે તેમ બોલતા હતા. તેણીએ માતા પિતાની મરજી વિરુધ્ધ લગ્ન કરેલ હોય જેથી બધુ મુંગા મોઢે સહન કરતી હતી. પણ પતિના ઘરના સભ્યો તથા તેની બહેન, બનેવી અવાર નવાર પતિને તેણી વિરૂધ્ધ ઘરકામ તથા રસોઈ બાબતે ચડામણી કરી શારીરીક તથા માનસીક દુખ ત્રાસ આપતા હોય જેથી પિતાને ફોન કરી બનાવની જાણ કરેલ જેથી પિતા ડેરવાણ ઘરે આવેલ અને વાડોદર તેમના ઘરે તેડી લાવેલ હતા.ગઈ તા.૨૬/૧૦/૨૦૨૫ થી તેણી માવતરના ઘરે રહે છે.


# બાબરાઃ લાલકા ગામે શરાબની આઠ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**અબતક**
**અપ્પુ જોશી બાબરા**

બાબરા તાલુકાના લાલકા ગામ વિસ્તારમાં બાબરા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાધની મળી હતી કે, લાલકા વાક્યા આવેલી સરકારી સ્કૂલના પાછળના ભાગે હરસુરભાઈ જીવાભાઈ ડાંગરની વાડી સામે ખરાબમાં , લાલકા ગામે રહેતો પ્રકાશ કરમશીભાઈ મકવાણા નામના શખ્સે વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. બાબરા પોલીસની ટીમ દરોડો પાડી વિદેશી દારૂની ૦૮ બોટલ સાથે પ્રકાશ મકવાણાની ધરપકડ કરી છે.

# જુનાગઢ મનપાનું ૬ કરોડના વેરા વધારા સાથે રૂ.૧૪૯૧.૭૩ કરોડનું બજેટ મંજુર

## બજેટ બેઠકમાં મેયરની ગેરહાજરી – વેરા વધારા સામે વિપક્ષનો જોરદાર વિરોધ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૬/૨૭ ના બજેટમાં જુનાગઢ વાસીઓ ઉપર રૂ. ૬ કરોડનો વેરો ઝીંકતું રૂ. ૧૪૯૧.૭૩ કરોડનું બજેટ વિરોધ પક્ષના ભારે હોબાડા છતાં શાસક પક્ષે બહુમતીથી બજેટ પર મંજૂરીની મહોર મારી દીધી છે, મનપાના મેયરની ગેરહાજરીમાં યોજાયેલ જનરલ બોર્ડ ડેપ્યુટી મેયરની અધ્યક્ષતામાં મળ્યું હતુ અને જૂનાગઢ મનપાના ઈતિહાસમાં ચાર કલાક બજેટ અને બોર્ડ ચાલ્યું હતું. જેમાં વિરોધ પક્ષે ભારે હોબાળો કર્યો હતો. પરંતુ વિરોધ પક્ષની દરખાસ્ત ના મંજૂર કરીને બજેટ મંજુર કરી દેવામાં આવ્યું હતું. ગઈકાલે જુનાગઢ મનપાનું જનરલ બોર્ડ મળ્યું હતું. જેમાં સ્થાયી સમિતિના ચેરમેન દ્વારા બોર્ડમાં બજેટ મૂકવામાં આવ્યુ હતું. આ બજેટનો વિરોધ પક્ષ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. વિરોધ પક્ષના નેતા લલિત પરસાણા એ આ બજેટને જનતાને ઉંધા ચશ્મા પહેરાવતું અવાસ્તવિક બજેટ ગણાવતા જણાવ્યું હતું કે, ગત વર્ષનું બજેટ ૧૪૫૭ કરોડનું હતું. જેમાં માત્ર ૨૫% એટલે કે, ૩૯૯ કરોડની જ આવક થયેલ હતી અને ૭૫ ટકા આવક ન થતા બજેટમાં કરવામાં આવેલી અનેક જોગવાઈઓ માત્ર કાગળ ઉપર જ રહી છે. બીજી બાજુ બજેટમાં આવક સામે પગાર ખર્ચ સહિત ઓપરેશન મેન્ટેનન્સ પાછળ ૯૨% રકમ વપરાય છે. ત્યારે માત્ર ૮% રકમમાંથી વિકાસ કેવી રીતે કરી શકાય તેવો પ્રશ્ન ઉઠાવી જણાવ્યું

આ સાથે વિરોધ પક્ષ દ્વારા ગત વર્ષના બજેટમાં શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવાની હતી જે શરૂ થઈ નથી, શહેરમાં મહિલાઓને શોભજનક સ્થિતિમાં મુકાવવું પડે તેવી હાલત છે કારણ કે શહેરમાં એક પણ સારું શૌચાલય નથી, દામોદર કુંડ ઉપર ગંગાઘાટની માફક આરતી કરવાની હતી પરંતુ તે હજુ શરૂ થઈ નથી, સિનિયર સિટીઝન પાર્ક બનાવવામાં આવ્યું નથી, આવા ગત બજેટમાં ઉલ્લેખ કરવામાં આવેલ અનેક મુદ્દાઓ વિરોધ પક્ષ દ્વારા બોર્ડમાં મૂકવામાં આવ્યા હતા. જૂનાગઢ મનપાના



ગઈકાલે યોજાયેલ જનરલ બોર્ડમાં જૂનાગઢ મનપાને પેપર લેશ કરવા માટે અને ડિજિટલ બને તે માટે ઓપરેટિંગ અને સોફ્ટવેર બનાવવા ૨૦૨૪ માં એક એજન્સીને વર્ગ ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેની મુદત પૂર્ણ થઈ ગઈ છતાં એક પણ મોડુલ બનાવ્યા નથી, તેઓ પ્રશ્ન ઉઠાવતા મનપા કમિશનર તેજસ પરમાર એ જણાવ્યું હતું કે, કેટલાક લોકો આ કામ ખાનગી એજન્સીને મળે તેવા પ્રયત્નો કરી રહ્યા છે. જેના કારણે મનપાને આર્થિક નુકસાન થાય તેવું જણાઈ રહ્યું છે. જેથી કામગીરી સરકારી એજન્સી પાસે કરાવવા માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે,

જુનાગઢ મનપાના મેયરની ગેરહાજરી વચ્ચે ડેપ્યુટી મેયરના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જનરલ બોર્ડ જૂનાગઢ મનપાના ઈતિહાસમાં એકધારું ચાર કલાક ચાલ્યું હતુ જેમાં બજેટ રજૂ કરવામાં આવતા વિરોધ પક્ષે વેરો વધારા સહિત અનેક બાબતે ભારે વિરોધ નોંધાવ્યો હતો,

# અંજાર નગરપાલિકા દ્વારા કડક વેરા વસુલાત ઝુંબેશ

## બાકીદારોને નોટિસ, પાણી કનેક્શન કાપવાની કાર્યવાહી શરૂ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર નગરપાલિકા દ્વારા શહેરમાં બાકી રહેલા વેરાની વસુલાત માટે કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વિવિધ વોર્ડ મુજબ ટીમો બનાવી ઘરો અને દુકાનો પર જઈ વેરા વસૂલાતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયાના આદેશ મુજબ કચેરી અધિક્ષક રશ્મિનભાઈ ભીંડના સુપરવિઝન હેઠળ ટેક્સ ઈન્સ્પેક્ટર પ્રકાશભાઈ દેવેનભાઈ રોશિયા સહિતના અધિકારી-કર્મચારીઓ દ્વારા બાકીદારો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઝુંબેશ અંતર્ગત બંધ દુકાનોમાં બાકી વેરાની નોટિસ ચોટાડવામાં આવી રહી છે તેમજ બાકીદારોના પાણી કનેક્શન કાપવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.



નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ ડી. કોડરાણી, ઉપપ્રમુખ શિલ્પાબેન કે. બુદ્ધભટ્ટી, કારોબારી સમિતિના ચેરમેન પાર્થભાઈ કે. સોરઠીયા, શાસકપક્ષના નેતા નિલેશગિરિ એમ. ગોસ્વામી તથા દંડક કલ્પનાબેન ગોરે શહેરીજનોને પ્રોપર્ટી ટેક્સ, પાણી વેરો, ગટર વેરો, સફાઈ વેરો, દીવાબત્તી વેરો, વ્યવસાય વેરો તેમજ નગરપાલિકાની દુકાનો-શોપિંગ સેન્ટરોના ભાડા સહિત બાકી તમામ રકમ તાત્કાલિક ભરવા અપીલ કરી છે.નગરપાલિકાએ ચેતવણી આપી છે કે બાકી રકમ સમયસર નહીં ભરાય તો ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૧૩૩ મુજબ મિલકત જપ્તી સહિતની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

હાલમાં કેટલીક જગ્યાએ પાણી કનેક્શન કાપતાં જ બાકીદારો દ્વારા તાત્કાલિક રકમ ભરપાઈ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. નગરપાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે વસુલાત ઝુંબેશ આગામી દિવસોમાં વધુ કડક બનાવવામાં આવશે.

# રાજકોટના જૂની પેઢીના સિનિયર ધારાશાસ્ત્રી વિરેન્દ્રભાઈ દોશીનું નિધન

## કાલે સાંજે ૪થી ૫ કલાકે ટેલિફોનિક ઉઠમણું: સિનિયર જુનિયર એડવોકેટો, રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવી



મૂળ કાલાવડ નિવાસી હાલ રાજકોટના જૂની પેઢીના દિવાની કાયદાના સીનીયર એડવોકેટ વિરેન્દ્રકુમાર ચંદ્રકાંત દોશી (ઉંમર વર્ષ ૮૧ )તે સ્વ રમાબેન ચંદ્રકાંત હરિલાલ દોશી ના પુત્ર, પ્રતિભાબેન દોશીના પતિ, સ્વ એડવોકેટ જગદીપ (જીતુભાઈ) દોશી તથા એડવોકેટ સુરેશ દોશી ના ભાઈ, ઝંખના કોઠારી, ખ્યાતિ મેહતા, સિદ્ધાર્થ, રાહુલ, પારસ દોશી ના મોટાભાઈજી તેમજ સ્વ. જેંતીલાલ મોતીચંદ પારેખ(જામનગર)ના જમાઈ તારીખ ૧૯/૨/૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે.સદગતે ચક્ષુદાન કરેલ છે. સદગતની અંતિમયાત્રામાં સિનિયર જુનિયર એડવોકેટો સગા સંબંધીઓ રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.સ્વ. વિરેન્દ્રભાઈના પિતા સ્વ. ચંદ્રકાંતભાઈ દોશી પણ દિવાની કાયદાના નામાંકિત ધારાશાસ્ત્રી તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલી હતી. સ્વ. ચંદ્રકાંતભાઈ દોશીના ત્રણ પુત્ર સ્વ. વી. સી.દોશી ,સ્વ.જગદીપભાઈ દોશી( જે.સી.દોશી) અને સુરેશભાઈ દોશી વકીલાતના વ્યવસાયમા જોડાયેલા છે. સ્વ. વી. સી. દોશી વકીલાતના વ્યવસાયમાં ૫૫ વરસથી જોડાયેલા હતા. રાજકોટ બાર એસોસિએશન દ્વારા તાજેતરમાં તેઓનું વકીલાતના વ્યવસાયમાં યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું.સ્વ. વિરેન્દ્રભાઈ દોશી ધર્મપરાયણ અને કર્તવ્યનિષ્ઠ, સરળ ,મિલનસાર સ્વભાવના કારણે ઉમદા વ્યક્તિ હતા.સ્વ. વી. સી. દોશી રાજકોટની અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા.સ્વ. વી.સી. દોશી નું તા. ૨૧ને શનિવારે સાંજે ૪-૫ કલાકે . ૯૪૨૭૭૨૫૦૨૧ ,૯૮૭૯૪૮૧૩૩૪, ૯૨૨૮૦૯૩૬૩૦ ,૯૯૭૯૩૦૦૦૪૯ ટેલિફોનિક ઉઠમણું રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# વાંકાનેર: સિંધાવદર મંડળીના સભાસદના આકસ્મિક અવસાનથી પરિવારને ૧૦ લાખની વીમા રાશી અર્પણ



**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના સિંધાવદર ગામે આવેલ સિંધાવદર જૂથ સેવા સહકારી મંડળીમાંથી ધિરાણ લેનાર કાસમપરા વિસ્તારના રહેવાસી મર્હુમ આહમદ હયાત પરાસરાનું તાજેતરમાં આકસ્મિક અવસાન થતાં તેમના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હોય, ત્યારે મૃતક દ્વારા મંડળીમાંથી આરડીસી બેંક મારફતે ધિરાણ લેવામાં આવેલ હોય, જે ધિરાણ સાથે વિમા સુવિધા જોડાયેલી હોવાથી મર્હુમના 'વારસદારોને વિમા દાવા તરીકે રૂપિયા દસ લાખની સહાય મંજૂર કરવામાં આવી હોય, જે રકમનો ચેક આરડીસી બેંકના ડિરેક્ટર તથા પૂર્વ ધારાસભ્ય મહંમદજાવેદ પીરઝાદાના હસ્તે મર્હુમ આહમદ હયાત પરાસરાના વારસદારોને અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે મંડળીની વ્યવસ્થાપક બોડી, ગામના આગેવાનો તેમજ ઝોનલ અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### ટ્રમ્પ...

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના ૨૭ દેશો જોડાયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના અનેક વૈશ્વિક નેતાઓને આ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું હતું. નોંધનીય છે કે, અગાઉ ૨૨ જાન્યુઆરીના રોજ દાવોસમાં જ્યારે ટ્રમ્પે આ પીસ બોર્ડની સત્તાવાર જાહેરાત કરી હતી, ત્યારે ભારત તે સમારોહમાં ગેરહાજર રહ્યું હતું.

છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના વિનાશક યુદ્ધને કારણે ગાઝા પટ્ટી સંપૂર્ણપણે ખંડેરમાં ફેરવાઈ ગઈ છે. આ 'બોર્ડ ઓફ પીસ' ની રચના વાસ્તવમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરારના બીજા તબક્કા અંતર્ગત કરવામાં આવી છે. ગાઝામાં આવાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે અમેરિકાએ પ્રારંભિક ૧ અબજ ડોલરના પેકેજની રૂપરેખા આપી દીધી છે. જોકે, આ ભંડોળનો ઉપયોગ કડક સુરક્ષા શરતો અને નિયમોને આધીન રહેશે, જેથી ખાતરી કરી શકાય કે નાણાંનો ઉપયોગ માત્ર શાંતિ અને વિકાસ માટે જ થાય.

આ 'બોર્ડ ઓફ પીસ' ને આંતરરાષ્ટ્રીય સ્તરે સંયુક્ત રાષ્ટ્રના એક સીધા હરીફ સંગઠન તરીકે જોવામાં આવી રહ્યું છે. ટ્રમ્પે અગાઉ ખુલ્લેઆમ નિવેદન આપ્યું હતું કે યુએન ક્યારેય તેની ક્ષમતા મુજબ કામ કરી શક્યું નથી, અને તેથી આ નવું બોર્ડ ભવિષ્યમાં કદાચ યુએનનું સ્થાન લઈ શકે છે. આ બોર્ડનો હેતુ માત્ર ગાઝામાં શાંતિ લાવવાનો જ નથી, પરંતુ ભવિષ્યમાં અન્ય વૈશ્વિક સંઘર્ષોને પણ ઉકેલવાનો છે.

આ સંગઠનના સત્તાવાર સંચાલન માટે ૧૭ જાન્યુઆરીએ એક્ઝિક્યુટિવ બોર્ડને આખરી ઓપ આપવામાં આવ્યો હતો, જેમાં ટોચના મુત્સદ્દીઓ અને નાણાકીય નિષ્ણાતોની પસંદગી કરવામાં આવી છે. આ બોર્ડમાં અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરનો સમાવેશ થાય છે. સૌથી નોંધનીય બાબત એ છે કે આ બોર્ડમાં ભારતીય મૂળના અને વર્લ્ડ બેંકના વર્તમાન પ્રમુખ અજય બંગા (જેમને પદ્મશ્રી પણ એનાયત થયેલ છે) ને પણ સામેલ કરવામાં આવ્યા છે. તેમની નાણાકીય નિપુણતા ગાઝાના પુનર્નિર્માણ માટેના ફંડના સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવશે.

### સબમરિન...

એશિયાને કવર કરી શકે છે. આ સબમરીન પાણીની અંદર એટલી શાંતિથી ચાલે છે કે દુશ્મન તેને પકડી શકશે નહીં.

ભારતની નીતિ છે કે આપણે પહેલા પરમાણુ હુમલો નહીં કરીએ, પણ જો કોઈ આપણા પર કરે, તો આ સબમરીન સમુદ્રના પેટાળમાં છુપાઈને ગમે ત્યાંથી વળતો પરમાણુ હુમલો કરી દુશ્મનને નેસ્તનાબૂદ કરી શકે છે. પાકિસ્તાન ચીન પાસેથી ૮ નવી સબમરીન લઈ રહ્યું છે, ત્યારે ભારતનું આ પગલું સંતુલન જાળવવા જરૂરી છે. હવે ભારત પાસે દરિયામાં ૩૬૫ દિવસ, ૨૪ કલાક કોઈને કોઈ પરમાણુ સબમરીન તૈનાત રહેશે. આ સબમરીન સંપૂર્ણપણે ભારતમાં બનેલી છે, જે રક્ષણ ક્ષેત્રે ભારતની વધતી ક્ષમતા દર્શાવે છે.

### દવા...

જારી કરાઈ છે. નિષ્ણાતોના મતે, આ દવાથી 'એગ્રાન્યુલોસાયટોસિસ' નામનો દુર્લભ પણ જીવલેણ રક્ત વિકાર થઈ શકે છે, જેમાં શરીરમાં શ્વેત કણોનું પ્રમાણ એકાએક ઘટી જાય છે. આ સ્થિતિમાં દર્દી ગંભીર ચેપનો શિકાર બની શકે છે. જો આ દવા લેતા દર્દીને અચાનક તાવ આવે, ગળામાં દુખાવો થાય કે વારંવાર ચેપ લાગે, તો તેણે તરત જ ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ દવાઓ અસરકારક અને સુરક્ષિત છે, પરંતુ આ નવી ચેતવણીઓનો હેતુ ડોક્ટરો અને દર્દીઓને જાગૃત કરવાનો છે. મેક્સ હોસ્પિટલના ડાયરેક્ટર ડો. રોમિલ ટીકુના જણાવ્યા મુજબ, આવી પ્રોએક્ટિવ સિસ્ટમથી દર્દીઓની સુરક્ષા વધે છે અને જો સમયસર લક્ષણો ઓળખી લેવામાં આવે તો મોટી હોનારત ટાળી શકાય છે. સરકારે તમામ રાજ્યોના લાયસન્સિંગ સત્તાધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ સુનિશ્ચિત કરે કે તમામ દવા ઉત્પાદકો તેમની પ્રિસ્ક્રિપ્શન માહિતી તાત્કાલિક અપડેટ કરે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ...

બપોરે ૩.૩૦ વાગ્યે નીતિન નવીન અમદાવાદમાં નારણપુરા સ્થિત જીએસસી બેંક ખાતે ગુજરાતના સંસદસભ્યો અને ધારાસભયો સાથે સંવાદ કરશે. સાંજે ૫.૩૦ વાગ્યે તેઓ ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે ઈન્ડસ્ટ્રીયાલીસ્ટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઉદ્યોગકારો, ડોક્ટર્સ, વિવિધ એસોસિયેશનના પદાધિકારીઓ સાથે 'બજેટ મીટ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંવાદ કરશે.

એક સમયે અમદાવાદમાં સાબરમતી નદીમા કચરા અને ગંદકીનું સામ્રાજ્ય રહેતું, ઝુંપડપટ્ટીઓ હતી. સૂકી ભટ્ટ નદી હતી, સર્કસ યોજાતા તે જ સ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી બનેલો દેશનો સૌ પ્રથમ રિવરફ્રન્ટ આજે વિશ્વસ્તરે ગુજરાત અને દેશની ઓળખ બન્યો છે અને રિવરફ્રન્ટ પર બનેલા આઈકોનિક અટલ બ્રીજ પણ અમદાવાદની નવી ઓળખ બની ગયો છે ત્યારે ગુજરાત પ્રવાસના બીજા દિવસે નીતિન નવીન કાલે શનિવારે સવારે ૬.૦૦ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરશે. સવારે ૮.૪૫ વાગ્યે તેઓ અમદાવાદના પ્રાચીન, પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરશે.

કાલે શનિવારે સવારે સવારે ૧૧.૦૦ વાગ્યે રાષ્ટ્રીય અધ્યક્ષ અધ્યક્ષ નીતિન નવીનજી ગુજરાત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ગાંધીનગર ખાતે પ્રદેશ પદાધિકારીઓ, ગુજરાતભરમાંથી પધારેલા સંગઠનના હોદેદારો, સિનિયર આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. બપોરે ૨.૦૦ કલાકે પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ગાંધીનગર ખાતે જ તેઓ સોશીયલ મીડિયા ટીમ સાથે પણ બેઠક કરી માર્ગદર્શન આપશે. બપોરે ૪.૦૦ વાગ્યે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ, દેશનું સૌ પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી, જ્યાં હાલ ૪૦૦થી વધુ કંપનીઓ કાર્યરત છે, એવા ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે યંગ વોઈસ સમિટમાં યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ ફાઉંડર્સને સંબોધિત કરશે. અને સાંજે સાંજે ૫.૩૦ વાગ્યે તેઓ અમદાવાદના જીએમડીસી હોલ ખાતે બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે.

અમદાવાદને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સિટી તરીકેનું બિરુદ મળ્યું છે. પોળ સંસ્કૃતિ એ અમદાવાદની આગવી ઓળખ બની છે ત્યારે, ગુજરાત પ્રવાસના ત્રીજા દિવસે ૨૨ રવિવારે નીતિન નવીન અમદાવાદના ખાડિયા ખાતે સવારે ૧૦.૪૫ કલાકે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમને નિહાળશે. ૨૨ ફેબ્રુઆરીએ બપોરે સાડા બાર વાગ્યે તેઓ અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી મળ્યા બાદ નીતિન નવીનનો આ પ્રથમ ગુજરાત પ્રવાસે આવ્યા છે. ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓ તેઓને ઉત્સાહપૂર્ણ આવકાર આપ્યો હતો.

### ગુજરાતના માછીમારોને...

પાલન અને સલામતીમાં સુધારો કરશે, સાથે સાથે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં આવકમાં વધારો કરશે. તે ભારતના સીફૂડ નિકાસને પણ મજબૂત બનાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ₹૬૨,૪૦૮ કરોડની દેશની સીફૂડ નિકાસ સાથે ભારત વિશ્વના બીજા ક્રમનો સૌથી મોટો મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર ઉત્પાદક દેશ બન્યો હતો.

ગુજરાતમાં વેરાવળ એક મુખ્ય ફિશરીઝ પ્રોસેસિંગ (મત્સ્યઉદ્યોગ પ્રક્રિયા) અને નિકાસ કેન્દ્ર છે અને તેના વ્યૂહાત્મક સ્થાનના કારણે તેને એક્સેસ પાસના લોન્ચ માટે પસંદ કરવામાં આવ્યું છે. ભારત સરકારનો ઉદ્દેશ દેશભરમાં ૩૪ મત્સ્યઉદ્યોગ ઉત્પાદન અને પ્રોસેસિંગ ક્લસ્ટરોનો વિકાસ કરવાનો છે, જેમાં વેરાવળ સીફૂડ નિકાસ, મૂલ્યવર્ધન અને પ્રોસેસિંગ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ પહેલ સરકારના બ્લુ ઈકોનોમી વિઝન સાથે સુસંગત છે, જે સુનિશ્ચિત કરે છે કે ભારતના સીફૂડ નિકાસના લાભો સીધા માછીમારો અને દરિયાકાંઠાના સમુદાયોને મળે, સાથે સાથે પ્રીમિયમ વૈશ્વિક બજારોમાં પણ પ્રવેશ સુનિશ્ચિત થાય.

૧૯૮૨ના યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઑફ ધ સી હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન એ દેશના દરિયાકાંઠાથી ૨૦૦ નોટિકલ માઈલ સુધી વિસ્તરેલું દરિયાઈ ક્ષેત્ર છે. આ ઝોનમાં, દેશને દરિયાઈ સંસાધનોનું અન્વેષણ, સંરક્ષણ અને ઉપયોગ કરવાના વિશિષ્ટ અધિકારો મળે છે - જેમાં માછીમારી, ઊર્જા ઉત્પાદન અને ખનિજ નિષ્કર્ષણનો સમાવેશ થાય છે. આશરે ૨૪ લાખ ચોરસ કિમીમાં ફેલાયેલા સાથે ભારત વિશ્વના સૌથી મોટા દરિયાઈ ક્ષેત્રો ધરાવતા દેશો પૈકીનો એક છે. આ ક્ષેત્ર ટકાઉ માછીમારી વિકાસ, આજીવિકા ઉત્પાદન, ખાદ્ય સુરક્ષા અને નિકાસ વૃદ્ધિ માટે અપાર તકો પ્રદાન કરે છે.

વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્રમાં માછીમારી માટે એક્સેસ પાસની સુવિધા લોન્ચ થવાથી આ પ્રદેશ મત્સ્યઉદ્યોગ વિકાસ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

### બજેટમાં જાહેર કરાયેલી નવી યોજના...

ઓબીસી, ખેડૂતો સહિત તમામ વર્ગોને આવરી લેતું સર્વસ્પર્શી બજેટ છે.

મુખ્યમંત્રીએ એક મહત્વપૂર્ણ વહીવટી સુધારણા સૂચવતા બેઠકમાં મુખ્ય સચિવને સૂચના આપી છે કે, બજેટ વિધાનસભામાં પસાર થાય તેની રાહ જોયા વગર અત્યારથી જ વર્તમાન અને નવી બાબતોનું અમલીકરણ કરવાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ.

મુખ્યમંત્રીએ તમામ વિભાગોને સૂચના આપી છે કે, બજેટમાં રજૂ થયેલી વર્તમાન અને નવી યોજનાઓ માટેના ડ્રાફ્ટ જીઆર, ડ્રાફ્ટ ટેન્ડર અને અન્ય વહીવટી પ્રક્રિયાની અત્યારથી જ શરૂ કરી દેવી, જેથી બજેટ મંજૂર થતાની સાથે જ દરેક યોજનાનું ત્વરિત અમલીકરણ થાય અને જનતાને પણ વિવિધ યોજનાઓનો લાભ ખૂબ ઝડપથી આપી શકાય.

આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની તુલના અને સમીક્ષા કરવી અને તેમાં જો કોઈ ત્રુટી હોય તો તેને ઝડપથી દૂર કરવા મુખ્યમંત્રીએ દરેક વિભાગના સચિવોને આદેશ આપ્યા છે, જેથી વધુમાં વધુ નાગરિકોને યોજનાકીય લાભ આપી શકાય, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

### બોર્ડ-નિગમોને જમીન...

સ્થળોએ આશરે ૧,૩૬,૨૯૧ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. જ્યારે, જેટકોને રાજ્યમાં વીજ માળખું મજબૂત કરવા માટે કુલ ૭ સ્થળોએ અંદાજે ૩૧,૦૧૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાત મેરીટાઈમ બોર્ડને પણ મહુવાના કતપર ખાતે બંદર વિકાસ માટે ૨૫,૭૯૫ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે,

પાણી પુરવઠા બોર્ડને તાપી, મોરબી, ગીર સોમનાથ, છોટા ઉદેપુર, કચ્છ, વલસાડ, અમદાવાદ, રાજકોટ અને બોટાદમાં જ્યારે, જેટકોને ગીર સોમનાથ, છોટા ઉદેપુર, પોરબંદર, વલસાડ, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં જમીનની ફાળવણી કરવામાં આવી છે.

આ જમીન ફાળવણીથી રાજ્યમાં પીવાના પાણીની સુવિધા તેમજ વીજ પુરવઠાની ક્ષમતા વધશે. તદુપરાંત, રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પણ ગુજરાત નવી ઊંચાઈઓ સર કરશે. આ નિર્ણય રાજ્યના પાયાના માળખાને વધુ મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે,

### યુવકે આપઘાત...

તુ તેની વાડી બાજુ આવ તેમ જણાવ્યું હતું. જેથી હું મોટર સાયકલ લઈને વાડીએ જવા નિકળેલ હતો. દરમિયાન વનરાજભાઈનો ફરીથી ફોન આવેલ કે, તુ તારી વાડીથી આગળ ભાદરના કાંઠે આવેલ હનુમાન બાપાના ઓટા બાજુ આવજે. જેથી હું ત્યા જતા વનરાજભાઈ તથા સુભાષભાઈ ભીખાભાઈ ડવ બંને ત્યા ઉભેલ હતા. જ્યા ભાદર નદીના કાંઠે રણજીતભાઈનું મોટર સાયકલ પડેલ હતુ. ત્યારે વનરાજભાઈએ મને જણાવેલ કે, રણજીતભાઈએ અહીં ગળેફાંસો ખાઈ લીધેલ છે. બાદ મેં જોતા ભાદર નદીના કાઠે બાવળના ઝાડ સાથે દોરડુ બાંધી રણજિતભાઈએ ગળાફાસો ખાઈ લીધેલ હાલતમાં જોવા મળ્યા હતા.

જેથી બનાવ અંગે પરિજનો અને પોલિસને જાણ કરી હતી. બાદ પોલિસે ઘટનાસ્થળે દોડી જઈ પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, જે તે સમયે રણજીતભાઈના ખીસ્સામાંથી તેનો મોબાઈલ ફોન મળેલ હતો. જે મોબાઈલ ચેક કરતા રણજિતભાઈએ તા. ૧૮/૦૨/૨૦૨૬ના રોજ સાંજે પોણા સાત વાગ્યે એક વિડીયો બનાવ્યાનું ધ્યાને આવ્યું હતું. જે વિડીયોમાં મૃતકે જણાવ્યું હતું કે, 'મારી ખોટી આઈડી બનાવી, બ્લેકમેલ કરી, પૈસાની માંગણી કરીને મને બહુ હેરાન કર્યો છે, તને મારી નાખીશું એવુ મને કીધુ છે અને આજ સાંજ સુધીમાં મને ઘરેથી ઉપાડી મારી નાખવાની ધમકી આપી છે એટલે હું આવુ કરૂ છે, બીજુ કોઈ કાંઈ કરતા નહી, જે થાય ઈ ભેગા રહેજો, બધાને સાચવજો એવી મારી વિનંતી છે.'

જે બાદ મૃતકનું ઈન્સ્ટાગ્રામ આઈડી તપાસમાં તેમાં 'પૂજારાની૬૦૪૦' નામની આઈડીમાંથી તા.૧૮/૦૨/૨૦૨૬ના રોજ બપોરે ૪૧૮ થી ૪૪૮ સુધી તદ્દન ગંદી ભાષામાં 'તને ગમે ત્યાથી ગોતી લેવો છે, સાંજે તુ ઘર બહાર નિકળ, તારા ટાટીયા ભાંગી નાખવા છે, તારૂ ફુલેકુ કાઢવું છે, તારા ગામમાં વિડીયો વાયરલ કરવો છે, તારી આખી હિસ્ટ્રી નિકળી ગયેલ છે, અમે રાજકોટ વાળા' સહિતના ધમકી ભર્યા મેસેજ આવ્યાનું ધ્યાને આવ્યું હતું.

જેથી મૃતકના પિતરાઈએ ફરિયાદ આપતાં આટકોટ પોલિસે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક વિરૂદ્ધ ગુનો નોંધી ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

### પાકને નુકશાની...

તાપમાન ૧૬.૮ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૯.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૯.૪ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૯ ડિગ્રી, નલીયાનું તાપમાન ૧૫.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૧.૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૬.૪ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૨૦.૨ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૨૦.૪ ડિગ્રી નોંધાયું હતુ.

વાતાવરણમાં આવેલા પલટાથી જગતતાતમા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ખેતરોમાં ઉભા પાકને પારાવાર નુકશાન થવા પામ્યું છે. વારંવાર ત્રાટકતા કમોસમી વરસાદના કારણે ખેડુતોએ હાલાકીનો સામનો કરવો પડે છે.

## દુઃખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** સ્વ. જયેશભાઈ ભાસ્કરભાઈ ભટ્ટ તે સ્વ.નીતાબેન, સ્વ. ભાસ્કર ભાઈ ભટ્ટ ના પુત્ર, સ્વ. ભાવનાબેન ના પતિ, સિદ્ધાર્થ, પાર્થ ભટ્ટ ના પિતા, કિંજલ પાર્થ ભટ્ટ ના સસરા, કુમારી રુદ્રાશીના દાદા, ગીતાબેન, ભાવેશ ભાઈ ભટ્ટ ના ભાઈનું તા. ૧૮ ને બુધવાર ના રોજ અવસાન થયેલ છે. સદગત નું બેસણું તા. ૨૧ ને શનિવાર, સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન પર રાખેલ છે.

**ધુડશીયા:** સ્વ. ધરમશીભાઈ ડાયાભાઈ સોનછાત્રાના પત્ની, મુકતાબેન ધરમશીભાઈ સોનછાત્રા તે કિશોરભાઈ, મનસુખભાઈ, દીનેશભાઈ, ચંદુભાઈ, હિતેશભાઈ, સરોજબેન, સ્વ. રમાબેન, મધુબેનના માતા, ખેરડી નિવાસી ભીખાલાલ ઘેલાભાઈ બુધ્ધદેવ, નાનુભાઈ ઘેલાભાઈ બુધ્ધદેવના બહેનનું તા. ૧૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૧ ને શનિવારે સાંજે ૪ થી ૫ દરમિયાન ફુલેશ્વર મહાદેવ મંદિર, ધુડશીયા ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ટી-૨૦ વર્લ્ડકપ: હવે જામશે અસલી રોમાંચ: કાલથી સુપર-૮ના મુકાબલાનો પ્રારંભ

## સુપર ૮ની મેચો પૂરી થયા બાદ બંને ગ્રુપની ટોચની બે ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે: સેમિફાઈનલ મુકાબલા ૪ અને ૫ માર્ચે રમાશે, જ્યારે ફાઈનલ મેચ ૮ માર્ચે યોજાશે




કાલે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે થશે ખરાખરી પ્રથમ સુપર ૮નો જંગ

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ હવે તેના સૌથી રોમાંચક તબક્કે પહોંચી ગયો છે. ગ્રુપ સ્ટેજની રસાકસી ભરી મેચો બાદ હવે ૨૦માંથી માત્ર ૮ ટીમો જ ખિતાબની રેસમાં બાકી રહી છે. ગ્રુપ-એ માંથી ભારત અને પાકિસ્તાન, ગ્રુપ-બી માંથી શ્રીલંકા અને ઝિમ્બાબ્વે, ગ્રુપ-સી માંથી વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ, જ્યારે ગ્રુપ-ડી માંથી દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડે સુપર-૮માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

નિયમો અનુસાર, દરેક ટીમે પોતાના ગ્રુપની બાકીની ત્રણેય ટીમો સામે એક-એક મેચ (રાઉન્ડ રોબિન આધારે) રમવી પડશે.

સુપર ૮ની મેચો પૂરી થયા બાદ બંને ગ્રુપની ટોચની બે ટીમો સેમીફાઈનલ માટે ક્વોલિફાય થશે. સેમીફાઈનલ મુકાબલા ૪ અને ૫ માર્ચે રમાશે, જ્યારે ફાઈનલ મેચ ૮ માર્ચે યોજાશે. ભારતીય ટીમ ગ્રુપ-૧ માં છે અને સેમીફાઈનલ સુધી પહોંચવા માટે તેણે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમોના પડકારને પાર કરવો પડશે. ભારતનો પ્રથમ મુકાબલો ૨૨ ફેબ્રુઆરીએ અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામે થશે.

ટીમ ઈન્ડિયા ૨૬ ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં ઝિમ્બાબ્વે અને ૧ માર્ચના રોજ કોલકાતામાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. સુપર-૮ તબક્કામાં નેટ રન રેટની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. દરેક ટીમને ગ્રુપમાં માત્ર ત્રણ જ મેચ મળવાની હોવાથી, એક હાર પણ સેમીફાઈનલની રાહ મુશ્કેલ બનાવી શકે છે. ભારતીય ટીમ માટે સારી વાત એ છે કે તે ગ્રુપ સ્ટેજમાં અજેય રહી છે, પરંતુ અભિષેક શર્માનું ફોર્મ અને સ્પિન સામે મિડલ ઓર્ડરનો સંઘર્ષ એવા પડકારો છે જેના પર કેપ્ટન સૂર્યકુમાર યાદવે તાત્કાલિક ધ્યાન આપવું પડશે.

### સુપર ૮ના મુકાબલાનું શેડ્યુઅલ

| તારીખ | મેચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| ૨૧ ફેબ્રુઆરી | ન્યુઝીલેન્ડ vs પાકિસ્તાન | કોલંબો | સાંજે ૭:૦૦ |
| ૨૨ ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ vs શ્રીલંકા | કેન્ડી | બપોરે ૩:૦૦ |
| ૨૨ ફેબ્રુઆરી | ભારત vs દક્ષિણ આફ્રિકા | અમદાવાદ | સાંજે ૭:૦૦ |
| ૨૩ ફેબ્રુઆરી | ઝિમ્બાબ્વે vs વેસ્ટ ઈન્ડિઝ | મુંબઈ | સાંજે ૭:૦૦ |
| ૨૪ ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ vs પાકિસ્તાન | કેન્ડી | સાંજે ૭:૦૦ |
| ૨૬ ફેબ્રુઆરી | વેસ્ટ ઈન્ડિઝ vs દ.આફ્રિકા | અમદાવાદ | બપોરે ૩:૦૦ |
| ૨૬ ફેબ્રુઆરી | ભારત vs ઝિમ્બાબ્વે | ચેન્નાઈ | સાંજે ૭:૦૦ |
| ૨૮ ફેબ્રુઆરી | પાકિસ્તાન vs શ્રીલંકા | કેન્ડી | સાંજે ૭:૦૦ |
| ૧ માર્ચ | ઝિમ્બાબ્વે vs દક્ષિણ આફ્રિકા | દિલ્હી | બપોરે ૩:૦૦ |
| ૧ માર્ચ | ભારત vs વેસ્ટ ઈન્ડિઝ | કોલકાતા | સાંજે ૭:૦૦ |

# અંડર ડોગ પ્રત્યે દરેકને પ્રેમ જાગે છે: ઝિમ્બાબ્વે આશ્ચર્ય સર્જવા સજ્જ!



## ઓસ્ટ્રેલિયા પછી શ્રીલંકાને છ વિકેટે હરાવીને ઝિમ્બાબ્વેએ સર્જ્યો બીજો મોટો અપસેટ: શ્રીલંકાની ટીમે ૧૭૯ રનના ટાર્ગેટના જવાબમાં ઝિમ્બાબ્વેએ માત્ર ૧૯.૩ ઓવરમાં જ હાંસલ કર્યો

**અબતક, રાજકોટ**

ઓપનર બ્રાયન બેનેટની આકર્ષક અડધી સદી અને અંત ભાગમાં કેપ્ટન સિકંદર રઝાની આક્રમક બેટિંહની સહાયથી ઝિમ્બાબ્વેએ વર્તમાન ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું. અંતિમ લીગ મેચમાં સહ યજમાન શ્રીલંકાને હરાવીને દમામભેર સુપર-૮માં પ્રવેશ કરી લીધો હતો. અગાઉ ઝિમ્બાબ્વેએ જાયન્ટ ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું અને હવે ગ્રૂપની સર્વશ્રેષ્ઠ એવી શ્રીલંકન ટીમને પણ હરાવીને પોતાનું પ્રભુત્વ જમાવી દીધું હતું. આ સફળતા સાથે ઝિમ્બાબ્વે તેના ગ્રૂપમાં મોખરે પહોંચી ગયું હતું એટલું જ નહીં પરંતુ સુપર-૮ રાઉન્ડમાં તે સૌથી જોખમી ટીમ બની ગઈ છે.શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં લડાયક કહી શકાય તેવો સાત વિકેટે ૧૭૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ આ સ્કોરને ઝિમ્બાબ્વેએ નાનો બનાવી દીધો હતો અને ૧૯.૩ ઓવરમાં માત્ર ચાર વિકેટ ગુમાવીને ૧૮૨ રનના સ્કોર સાથે મેચ જીતી લીધી હતી.૧૭૯ રનના ટારગેટ સામે રમતાં ઝિમ્બાબ્વેએ આર. પ્રેમદાસા સ્ટેડિયમની અઘરી પિચ પર પણ મજબૂત બેટિંગ કરી હતી. બ્રાયન બેનેટે માત્ર ૪૮ બોલમાં અણનમ ૬૩ રન ફટકાર્યા હતા તો ઈનિંગ્સના અંત ભાગમાં સિકંદર રઝાએ આક્રમક બેટિંગ કરીને ૨૬ બોલમાં ૪૫ રન ફટકારી દીધા હતા. ઝિમ્બાબ્વે અને શ્રીલંકા બંને ટીમ અગાઉથી જ સુપર-૮ રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો અને આ મેચ ઔપચારિકતા જ હતી પરંતુ ઝિમ્બાબ્વેએ ગૂપમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું કેમ કે તે સાત પોઈન્ટ સાથે મોખરે રહ્યું હતું. આ મેચના પરિણામ સાથે બી ગ્રૂપમાં માત્ર ઝિમ્બાબ્વેની ટીમ જ અજેય રહી હતી. શ્રીલંકાએ તેની ચાર મેચમાંથી એકમાં પરાજય હાંસલ કર્યો હતો પરંતુ ઝિમ્બાબ્વે ત્રણ મેચ જીત્યું છે અને તેની એક મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. ઝિમ્બાબ્વેએ મક્કમ પ્રારંભ કર્યો હતો અને પાવર પ્લે પૂરો થાય ત્યાં સુધીમાં વિના વિકેટે ૫૫ રન કરી દીધા હતા. ઓપનર તાડી મારુમાનીએ ૨૬ બોલમાં ૩૪ રન ફટકાર્યા હતા. તેણે બેનેટ સાથે મળીને પહેલી વિકેટ માટે ૮.૩ ઓવરમાં ૬૯ રનની ભાગીદારી નોંધાવીને ટીમના વિજયનો પાયો રચી દીધો હતો. આ ઉપરાંત ઝિમ્બાબ્વેની બેટિંગ લય જળવાઈ રહેશે તેની ખાતરી કરાવતા રાયન બુર્લે ૧૨ બોલમાં ૨૩ રન ફટકાર્યા હતા. આ દરમિયાન શ્રીલંકન બોલર લાચાર બની ગયા હતા. કેપ્ટન દાસુન શનાકાએ બુર્લને આઉટ કર્યો ત્યારે થોડી આશા જાગી હતી પરંતુ સિકંદર રઝાએ આવીને ગૃહટીમને આશા ઉપર પાણી ફેરવી દીધું હતું. રઝાએ તેની ૪૫ રનની ઝઝાવાતી ઈનિંગ્સમાં ચાર સિક્સર ફટકારી હતી.

### બ્રાયન બેનેટ અને સિકંદર રઝાની શાનદાર ઈનિંગ

૧૭૯ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વે ટીમે બ્રાયન બેનેટ અને તાદિવાનાશે મારુમાનીની ઓપનિંગ જોડી સાથે શાનદાર શરૂઆત કરી, જેમને પહેલી વિકેટ માટે ૬૯ રનની પાર્ટનરશીપ કરી. મારુમાનીએ ૨૬ બોલમાં ૩૪ રન બનાવીને આઉટ થયો. આ દરમિયાન બ્રાયને એક છેડેથી ઈનિંગને પકડી રાખી, રાયન બર્લ સાથે બીજી વિકેટ માટે ૨૯ રનની પાર્ટનરશીપ કરી, જે ૧૨ બોલમાં ૨૩ રન બનાવીને આઉટ થયા. ત્યારબાદ કેપ્ટન સિકંદર રઝા બેટિંગ કરવા આવ્યો અને બ્રાયન બેનેટ સાથે ત્રીજી વિકેટ માટે ૬૯ રન જોડીને ઝિમ્બાબ્વેની જીત સુનિશ્ચિત કરી.

પાક. હોકી ફેડરેશન ભીખુ...?

# ઓસ્ટ્રેલિયામાં ખેલાડીઓએ રોડ પર વાસણ માંજવા પડતા અધ્યક્ષનું રાજીનામુ, કેપ્ટ્ન પર પ્રતિબંધ

## એક સમયે વિશ્વ હોકીમાં દબદબો ધરાવતી પાકિસ્તાની હોકી ટીમ અત્યારે ઈતિહાસના સૌથી ખરાબ વહીવટી સંકટમાંથી પસાર થઈ રહી છે

**અબતક, રાજકોટ**

એક સમયે વિશ્વ હોકીમાં દબદબો ધરાવતી પાકિસ્તાની હોકી ટીમ અત્યારે ઈતિહાસના સૌથી ખરાબ વહીવટી સંકટમાંથી પસાર થઈ રહી છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ખેલાડીઓ સાથે થયેલા ગેરવર્તન અને અસુવિધાઓના ગંભીર આક્ષેપો બાદ પાકિસ્તાન હોકી ફેડરેશનમાં મોટો ભડકો થયો છે. ટીમની દુર્દશા અને કેપ્ટનના ચોંકાવનારા ખુલાસા બાદ ફેડરેશનના અધ્યક્ષ તારિક બુગતીએ નૈતિક જવાબદારી સ્વીકારીને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પરત ફર્યા બાદ કેપ્ટન શકીલ અમ્માદ બટે મીડિયા સમક્ષ પાકિસ્તાની હોકીની વરવી વાસ્તવિકતા રજૂ કરી હતી. શકીલે આક્ષેપ કર્યો હતો કે સિડની એરપોર્ટ પર ટીમને ૧૩-૧૪ કલાક સુધી રઝળવું પડ્યું હતું. એટલું જ નહીં, હોટેલનું પેમેન્ટ ન થયું હોવાને કારણે ખેલાડીઓને રહેવા માટે ભટકવું પડ્યું હતું. સૌથી શરમજનક બાબત એ હતી કે મેચ પહેલા ખેલાડીઓએ પોતે કિચન સાફ કરવું પડ્યું હતું અને વાસણો પણ માંજવા પડ્યા હતા. કેપ્ટને સવાલ ઉઠાવ્યો હતો કે આવી સ્થિતિમાં ખેલાડીઓ મેદાન પર કેવું પ્રદર્શન કરી શકે?રાજીનામું આપ્યા બાદ તારિક બુગતીએ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ આસીમ મુનીરને આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની અપીલ કરી છે. બીજી તરફ, પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ એ પોતાનો પક્ષ રાખતા જણાવ્યું છે કે તેમણે હોટેલ અને અન્ય વ્યવસ્થાઓ માટે ફેડરેશનને ૧ કરોડ પાકિસ્તાની રૂપિયાથી વધુની રકમ ફાળવી હતી. છતાં ખેલાડીઓને હાલાકી કેમ ભોગવવી પડી, તે હવે તપાસનો વિષય બન્યો છે.વહીવટી અંધાધૂંધીની સીધી અસર ટીમના પ્રદર્શન પર પણ જોવા મળી હતી. આ પ્રવાસ દરમિયાન પાકિસ્તાનને ઓસ્ટ્રેલિયા અને જર્મની જેવી ટીમો સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ખેલાડીઓને મીડિયા સાથે વાત ન કરવા માટે પણ ધમકાવવામાં આવ્યા હોવાના આક્ષેપો છે. હવે જ્યારે વડાપ્રધાને તપાસના આદેશ આપ્યા છે, ત્યારે જોવાનું એ રહેશે કે શું દોષિત અધિકારીઓ સામે કાર્યવાહી થશે અને શું પાકિસ્તાની હોકી ફરી ક્યારેય પોતાનું ખોવાયેલું ગૌરવ પાછું મેળવી શકશે?

# સાવધાન! ઈન્સ્ટાગ્રામ-યુટ્યુબ બાળકોને વળગણ કરાવી રહ્યા છે

## સોશિયલ મીડિયા કંપનીઓએ બાળકોને પ્લેટફોર્મ પર જકડી રાખવા માટે મનોવૈજ્ઞાનિક ટ્રિગર્સ અને એડિક્ટિવ ડિઝાઈનનો કર્યો છે ઉપયોગ

### ભારતીય દિવસના ૩ કલાક સોશિયલ મીડિયા પર વિતાવે છે

ભારત હાલમાં વિશ્વના સૌથી મોટા સોશિયલ મીડિયા માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે. તાજેતરના આંકડાઓ અનુસાર, ભારતમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ૫૦ કરોડને પાર કરી ગઈ છે. દેશમાં ૧ અબજથી વધુ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ હોવાથી, ખાસ કરીને યુવા પેઢી માટે સોશિયલ મીડિયા એ ઓનલાઈન દુનિયામાં પ્રવેશવાનું મુખ્ય માધ્યમ બની ગયું છે. ભારતીયોમાં સોશિયલ મીડિયાનું વળગણ એટલું વધી ગયું છે કે સરેરાશ એક વ્યક્તિ દિવસના ત્રણ કલાક આ એપ્સ પાછળ વિતાવે છે. આ વપરાશ દર વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મના ફિલ્ટર્સ યુવાનોમાં અવાસ્તવિક સુંદરતાના માપદંડો ઉભા કરી રહ્યા છે, જેનાથી બોડી ડિસ્મોર્ફિયા અને માનસિક તણાવનું જોખમ વધી રહ્યું છે.

**અબતક રાજકોટ**

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન નથી રહ્યું, પણ બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે એક ગંભીર પડકાર બની ગયું છે. અમેરિકાની એક કોર્ટમાં હાલમાં ચાલી રહેલી ઐતિહાસિક ટ્રાયલે આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ફેસબુક-ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની 'મેટા'ના સીઈઓ માર્ક ઝુકરબર્ગ અને ઈન્સ્ટાગ્રામ હેડ આદમ મોસેરી પર એવો ગંભીર આક્ષેપ લાગ્યો છે કે તેમણે તેમના પ્લેટફોર્મ્સને જાણીજોઈને એવા 'એડિક્ટિવ' બનાવ્યા છે કે બાળકો તેમાંથી બહાર જ ન આવી શકે.

આ કેસની શરૂઆત 'KGM' તરીકે ઓળખાતી ૨૦ વર્ષની યુવતીની ફરિયાદથી થઈ છે. તેણે આક્ષેપ કર્યો છે કે બાળપણમાં ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબના સતત વળગણને કારણે તે ડિપ્રેશન, ચિંતા અને આત્મહત્યા જેવા વિચારોનો શિકાર બની હતી. વકીલોની દલીલ છે કે આ કંપનીઓએ સ્લોટ મશીન જેવી ટેકનિક વાપરીને બાળકોના મગજ સાથે રમત રમી છે, જેથી તેઓ કલાકો સુધી સ્ક્રીન સામે બેસી રહે અને કંપનીને એડવર્ટાઈઝિંગ દ્વારા નફો થાય.

તાજેતરમાં જ માર્ક ઝુકરબર્ગે જૂરી સામે જુબાની આપી હતી. તેમણે દલીલ કરી હતી કે કંપનીએ બાળકોની સુરક્ષા માટે ઘણા પગલાં લીધા છે. જોકે, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈન્સ્ટાગ્રામ એડિક્ટિવ છે, ત્યારે તેમણે સીધો જવાબ આપવાને બદલે કહ્યું કે, ''જો કોઈ વસ્તુ ઉપયોગી હોય, તો લોકો તેનો વધુ ઉપયોગ કરે છે.''

બીજી તરફ, ઈન્સ્ટાગ્રામ ચીફ આદમ મોસેરીએ એવો વિચિત્ર તર્ક આપ્યો હતો કે સોશિયલ મીડિયાનું 'એડિક્શન' એ કોઈ મેડિકલ બીમારી નથી, પણ માત્ર 'પ્રોબ્લેમેટિક યુઝ' (સમસ્યાજનક ઉપયોગ) છે. તેમણે સ્વીકાર્યું કે લોકો જરૂર કરતા વધુ સમય વિતાવે છે, પરંતુ તેને વળગણ માનવા તેઓ તૈયાર નથી.

### કેવી રીતે બાળકોને 'ટ્રેપ' કરવામાં આવે છે?

ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબમાં રીલમાં કન્ટેન્ટ ક્યારેય પૂરું જ ન થાય, એટલે બાળકને ક્યાં અટકવું તેની ખબર પડતી નથી.

'લાઈક' કે 'કોમેન્ટ'નું દર થોડી વારે આવતું નોટિફિકેશન મગજમાં ડોપામાઈનનું સ્તર વધારે છે, જે વધુ જોવાની લાલચ જગાડે છે.

પ્લેટફોર્મમાં આપેલા બ્યુટી ફિલ્ટર્સ દેખાવ બદલી નાખે છે, જે કિશોરીઓમાં પોતાના શરીર પ્રત્યે નફરત કે હીનભાવના પેદા કરી શકે છે.

### યુવાનોમાં સોશિયલ મીડિયાનું વધતું વળગણ: દર ત્રણમાંથી એક વિદ્યાર્થી પ્રોબ્લેમેટિક વપરાશનો શિકાર

ભારતના વિવિધ રાજ્યોમાં થયેલા સંશોધનો મુજબ, ૨૦ ટકા થી ૩૩ ટકા વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયાના ઉપયોગની બાબતમાં 'પ્રોબ્લેમેટિક' અથવા વ્યસનકારી પેટર્ન દર્શાવે છે. એટલે કે, તેઓ ઈચ્છવા છતાં પણ સોશિયલ મીડિયાનો વપરાશ ઘટાડી શકતા નથી. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોટાભાગના વિદ્યાર્થીઓ મોડી રાત સુધી સોશિયલ મીડિયા પર વ્યસ્ત રહે છે. આના કારણે તેમની ઊંઘની ગુણવત્તા બગડે છે અને તેની સીધી અસર તેમના અભ્યાસ અને એકાગ્રતા પર પડી રહી છે. અતિશય વપરાશ કરનારા યુવાનોમાં એન્ઝાયટી (ચિંતા), તણાવ અને ડિપ્રેશનના લક્ષણો અન્ય કરતા વધુ જોવા મળે છે.

**બ્યુટી ફિલ્ટર્સ અને એડિટેડ ફોટાના કારણે કિશોરીઓમાં માનસિક તણાવ અને પોતાના શરીર પ્રત્યે નકારાત્મકતામાં વધારો થયો છે**

# ૧૫ વર્ષથી નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધીત કરવા મેક્રોનની મોદીને સલાહ

## જેમ શાળાનો અભ્યાસક્રમ વિચારીને નક્કી થાય, તેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ બાળકો માટે સુરક્ષિત હોવું જોઈએ : નરેન્દ્ર મોદી

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે એક સુરક્ષિત 'ઢાલ' બનાવવાની વાત કરી છે. ટેકનોલોજી જેટલી ઉપયોગી છે, તેટલી જ બાળકો માટે જોખમી પણ બની શકે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિએ ભારતને પણ એવા દેશોની યાદીમાં જોડાવા આમંત્રણ આપ્યું છે જે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવા જઈ રહ્યા છે.

બીજી તરફ, પીએમ મોદીએ ભાર મૂક્યો કે જેમ શાળાનો અભ્યાસક્રમ વિચારીને નક્કી થાય છે, તેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ બાળકો માટે સુરક્ષિત હોવું જોઈએ. સોશિયલ મીડિયા અને AIની નકારાત્મક અસરથી બાળકોને બચાવવા હવે વૈશ્વિક સ્તરે ચર્ચા થઈ રહી છે. ભારતમાં



પણ ટૂંક સમયમાં બાળકો માટે સોશિયલ મીડિયાના વપરાશ અંગે કડક કાયદા આવી શકે છે. ભારત અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓ ટેકનોલોજીને માનવતાવાદી અને સુરક્ષિત બનાવવા માટે એકસાથે આવી છે. જો ૧૫ વર્ષથી નીચેના બાળકો પર પ્રતિબંધ આવશે, તો તેઓ ઓનલાઈન છેતરપિંડી અને અશ્લીલ સામગ્રીથી બચી શકશે.AI અને ઈન્ટરનેટ હવે 'ફેમિલી-ગાઈડેડ' બનશે, એટલે કે વડીલોની દેખરેખ હેઠળ જ બાળકો ટેકનોલોજીનો ઉપયોગ કરી શકશે. ભારત પોતાની 'સોવરિન AI' (પોતાની સુરક્ષિત ટેકનોલોજી) વિકસાવીને દુનિયાને નવી દિશા બતાવશે. ઈન્ટરનેટની દુનિયા હવે જંગલ જેવી નહીં, પણ એક સુરક્ષિત બગીચા જેવી બનાવવાની કોશિશ થઈ રહી છે, જ્યાં બાળકો સુરક્ષિત રહી શકે.

# ભારતની પ્રથમ ઈ - એર ટેક્સી ચેન્નાઈથી ઉડશે

## ચેન્નાઈની એક સ્ટાર્ટઅપ કંપની, 'ધ ઈ-પ્લેન કંપની' ઈલેક્ટ્રિક એર ટેક્સી e200x તૈયાર કરી રહી છે

**અબતક, રાજકોટ**

ભારતના શહેરોમાં વધતા જતા ટ્રાફિક અને પ્રદૂષણની સમસ્યા વચ્ચે, હવે મુસાફરીનો એક નવો રસ્તો 'આકાશ' માં ખૂલવા જઈ રહ્યો છે. ચેન્નાઈ સ્થિત સ્ટાર્ટઅપ 'ધ ઈ-પ્લેન કંપની' ભારતનું પ્રથમ ઈલેક્ટ્રિક એર ટેક્સી મોડેલ e200x તૈયાર કરીને પરિવહન ક્ષેત્રે એક મોટી ક્રાંતિ લાવવા જઈ રહી છે. આ માત્ર એક વાહન નથી, પરંતુ આધુનિક ટેકનોલોજી અને એન્જિનિયરિંગનો એવો સંગમ છે જે ભવિષ્યમાં શહેરી મુસાફરીની વ્યાખ્યા બદલી નાખશે.

ચેન્નાઈની એક સ્ટાર્ટઅપ કંપની, 'ધ ઈ-પ્લેન કંપની' ભારતનું સૌપ્રથમ ઈલેક્ટ્રિક એર ટેક્સી ૫૨૦૦૬



તૈયાર કરી રહી છે. આ કામમાં તેમને દુનિયાની દિગ્ગજ ટેક કંપની ગદશમશફ સાથ આપી રહી છે. એન્જિનિયરોએ કોમ્પ્યુટર પર આ ટેક્સીની આબેહૂબ નકલ તૈયાર કરી છે. અસલી ટેક્સી હવામાં ઉડે તે પહેલાં, તેને કોમ્પ્યુટરની દુનિયામાં લાખો કિલોમીટર ઉડાડીને ટેસ્ટ કરવામાં આવી રહી છે. કોમ્પ્યુટર પ્રોગ્રામ દ્વારા એ જોવામાં આવે છે કે ખરાબ હવામાન કે ઈમરજન્સીમાં ટેક્સી કેવું કામ કરશે. આ ટેક્સીમાં ખાસ કેમેરા અને રડાર હશે, જે રિયલ-ટાઈમમાં સાચા નિર્ણયો લેવામાં મદદ કરશે.



# દ્વારકાઃ ફુલડોલ ઉત્સવ માટે તંત્ર સજ્જ

## ૩ માર્ચે લાખો કૃષ્ણભક્તોના આગમન પહેલાં પ્રાંત કચેરીમાં સંકલન બેઠકઃ સુરક્ષા અને સુવિધાઓ પર ભાર



### ફૂડ અને અન્ય સુવિધાઓ

ફૂડ વિભાગ દ્વારા ખાણીપીણીના સ્ટોલ્સની ગુણવત્તા અને સ્વચ્છતાની ચકાસણી કરવામાં આવશે. યાત્રાળુઓને સ્વચ્છ અને સુરક્ષિત ખોરાક ઉપલબ્ધ રહે તે માટે ખાસ દેખરેખ રાખવામાં આવશે.પ્રાંત અધિકારીએ તમામ વિભાગોને સંકલન સાથે સમયસર પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવાની સૂચના આપી હતી, જેથી ઉત્સવ દરમ્યાન આવનારા દર્શનાર્થીઓને સુવિધાસભર અને સુરક્ષિત વાતાવરણ મળી રહે. ફલડોલ ઉત્સવ દ્વારકાની ધાર્મિક પરંપરાનો અગત્યનો ભાગ છે, અને તંત્ર દ્વારા કરવામાં આવતું આ આયોજન ભક્તોને શાંતિપૂર્ણ અને સુખદ અનુભવ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકામાં આવનારા ૩ માર્ચના ફુલડોલ ઉત્સવને ધ્યાનમાં રાખી યાત્રાળુઓ માટે સુરક્ષિત, શિસ્તબદ્ધ અને સુચારૂ આયોજન સુનિશ્ચિત કરવા આજરોજ દ્વારકા પ્રાંત કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખો કૃષ્ણભક્તો પગપાળા તેમજ રોડ અને રેલમાર્ગે દ્વારકા ખાતે દર્શનાર્થે પહોંચવાના અનુમાનને પગલે તંત્રએ અગાઉથી જ સજ્જ થવા કવાયત હાથ ધરી છે.પ્રાંત અધિકારી અમોલ આવતેની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મંદિર પ્રશાસન, પોલીસ વિભાગ, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારી, નગરપાલિકા, આરોગ્ય વિભાગ, પીજીવીસીએલ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા વિભાગ તથા ફૂડ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વચ્છતા, પાણી અને વિજ પુરવઠો

નગરપાલિકા દ્વારા ઉત્સવ દરમિયાન વિશેષ સફાઈ અભિયાન હાથ ધરાશે. જાહેર શૌચાલયોની સુવિધા, કચરો ઉપાડવાની સતત કામગીરી અને પીવાના શુદ્ધ પાણીની પૂરતી વ્યવસ્થા ગોઠવાશે. પીજીવીસીએલ દ્વારા અવિરત વિજ પુરવઠો તથા જરૂરી લાઈટીંગ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે, જેથી ખાસ કરીને સાંજના સમયે યાત્રાળુઓને કોઈ મુશ્કેલી ન પડે.

### આરોગ્ય અને તાત્કાલિક સેવા સજ્જ

યાત્રાળુઓની સુરક્ષા હેતુ આરોગ્ય વિભાગ દ્વારા સ્ટેન્ડબાય ૧૦૮ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ રહેશે. મુખ્ય સ્થળોએ પ્રાથમિક સારવાર કેમ્પ ગોઠવાશે. કોઈ તાત્કાલિક પરિસ્થિતિ સર્જાય તો ઝડપી સારવાર મળી રહે તે માટે તબીબી ટીમોને સજ્જ રાખવામાં આવશે. ફાયર બ્રિગેડ અને ક્વિક રિસ્પોન્સ ટીમને પણ એલર્ટ પર રાખવાની સૂચના આપવામાં આવી છે.

### કાયદો અને વ્યવસ્થા માટે પૂરતો બંદોબસ્ત

ઉત્સવ દરમિયાન ભીડ નિયંત્રણ અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો. ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે તે માટે અગાઉથી ટ્રાફિક નિયંત્રણ યોજના તૈયાર કરવામાં આવશે તેમજ અલગ-અલગ પાર્કિંગ ઝોન નિર્ધારિત કરવામાં આવશે.મુખ્ય માર્ગો પર માર્ગદર્શન બોર્ડ, પોલીસ પેટ્રોલિંગ અને જરૂરી સ્થળોએ નજર રાખવા માટે મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવાશે.

### દ્વારકા તથા ડાકોર જતાં દર્શનાર્થીઓ માટે એસ.ટી.વિભાગ વધારાની ૪૫૦ બસો દોડાવાશે



હોળી અને ધૂળેટીના તહેવારો દરમ્યાન નાગરિકો પોતાના પરિવાર સાથે વતનમાં તહેવાર ઉજવી શકે તે માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે. ૯ઊં(ડ અને ધૂળેટીના તહેવારો દરમ્યાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા, જુનાગઢ, મુસાફરો માટે વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. હોળીના તહેવારોમાં ફુલડોલ ઉત્સવ તથા દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ જનારા દ્વારકામાં પણ લાખો ભાવિકભક્તો દર્શનાર્થે જતા હોય છે. ભક્તોને પરિવહનમાં કોઈપણ અગવડ ન પડે તે હેતુથી દ્વારકા અને ડાકોર જનારા દર્શનાર્થીઓ માટે ૪૫૦ બસો દ્વારા ૩૫૦૦ ટ્રીપો ફાળવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિશેષ સેવાઓ તા.૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ ૨૦૨૬ દરમ્યાન કાર્યરત રહેશે. મુસાફરોની સુવિધા અને ભીડને ટાળવા માટે નિગમ દ્વારા ઓનલાઈન બુકીંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

# હાલારમાં બુધવારે પીજીવીસીએલની મેગા ડ્રાઈવ

## જામનગર અને દેવભૂમિ દ્વારકાના ૩૬ સબ ડિવિઝનના ૩૬૦ કર્મચારીઓની ટીમ ત્રાટકશેઃ સ્થળ પર પેમેન્ટ સ્વીકારાશે નહીં

જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિત સમગ્ર હાલાર પંથકમાં વીજ બિલ ભરવામાં આળસ કે દાંડાઈ કરતા ગ્રાહકો સામે પીજીવીસીએલ તંત્રએ હવે આકરા પાણીએ નિર્ણય લીધો છે. તંત્ર દ્વારા વારંવાર અનુરોધ અને સૂચનાઓ આપવા છતાં લાંબા સમયથી બિલ ભરપાઈ ન કરનારા બાકીદારો સામે આગામી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સમગ્ર હાલારમાં મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશને પગલે વીજચોરી અને બિલ બાકી રાખતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

પીજીવીસીએલના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મેગા ડ્રાઈવ દરમિયાન તમામ સબ ડિવિઝન ઓફિસો હેઠળ આવતા ડિફોલ્ટર ગ્રાહકોના વીજ જોડાણો કોઈપણ પૂર્વ સૂચના વગર સીધા જ કાપી નાખવામાં આવશે. તંત્રએ કડક શબ્દોમાં સ્પષ્ટતા કરી છે કે, જ્યારે ટીમ વીજ જોડાણ કાપવા પહોંચશે ત્યારે સ્થળ પર કોઈ પણ પ્રકારના વીજ બિલના નાણાં સ્વીકારવામાં આવશે નહીં. ગ્રાહકોએ ફરજિયાતપણે જે-તે સબ ડિવિઝન કચેરીએ જઈને જ પૂરેપૂરી રકમ જમા કરાવવી પડશે. આટલું જ નહીં, જોડાણ કપાયા બાદ નિયમ મુજબ રી-કનેક્શન ચાર્જ ભર્યા પછી જ ફરીથી વીજ પુરવઠો કાર્યરત કરવામાં આવશે.

આ ભગીરથ કાર્યવાહી માટે હાલારના ૩૬ સબ ડિવિઝન હેઠળ ખાસ રણનીતિ ઘડવામાં આવી છે. દરેક સબ ડિવિઝન દીઠ ૧૦ ટીમો બનાવવામાં આવી છે, જેમાં અંદાજે ૩૬૦ જેટલા ટેકનિકલ અને વહીવટી સ્ટાફના કર્મચારીઓ મેદાને ઉતરશે. ૨૫ તારીખ પહેલા બિલ ભરપાઈ ન કરનારા લોકો સામે વીજતંત્ર હવે રીતસરની તવાઈ બોલાવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

પીજીવીસીએલ દ્વારા ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે, છેલ્લી ઘડીની દોડાદોડી અને વીજ જોડાણ કપાવાની ક્ષોભજનક સ્થિતિથી બચવા માટે તાત્કાલિક ધોરણે બિલની ચુકવણી કરી દેવી. ગ્રાહકોની સુવિધા માટે તંત્રએ ઓનલાઈન પેમેન્ટના વિવિધ વિકલ્પો પણ આપ્યા છે. ગ્રાહકો કંપનીની વેબસાઈટ, ડેબિટ કે ક્રેડિટ કાર્ડ, યુપીઆઈ (**Google Pay, PhonePe**), ઈ-વોલેટ, એટીએમ મશીન કે આરટીજીએસ અને એનઈએફટી દ્વારા ઘરે બેઠા કેશલેસ ચુકવણી કરી શકે છે. જો ૨૫ ફેબ્રુઆરી સુધીમાં લેણાં ચૂકવવામાં નહીં આવે તો તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવશે.

# ITRA દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે ૨૫૦૦ વિદ્યાર્થીઓએ માણ્યો 3D સાયન્સ ફિલ્મ શો

## સરકારી શાળાના બાળકો માટે નિઃશુલ્ક આયોજનઃ સી.વી. રમણની યાદમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ જગાડવાનો ITRA અને વિજ્ઞાન કેન્દ્રનો સ્તુત્ય પ્રયાસ



જામનગરની વિશ્વવિખ્યાત આયુર્વેદ સંસ્થા ITRA દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૨૬' ની પૂર્વ તૈયારી રૂપે સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ ૩ઉ સાયન્સ ફિલ્મ શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહાન ભારતીય ભૌતિકશાસ્ત્રી સર સી. વી. રમણ દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ કરવામાં આવેલી ઐતિહાસિક 'રમણ ઈફેક્ટ'ની શોધની યાદમાં દર વર્ષે વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. આ શોધ બદલ તેઓ નોબેલ પુરસ્કારથી સન્માનિત થયા હતા, અને તેમના આ પ્રદાનથી નવી પેઢી પ્રેરિત થાય તેવા શુભ હેતુ સાથે આ કાર્યક્રમ યોજાયો છે.

જામનગરના ડી.કે.વી. સર્કલ નજીક આવેલા ધન્વંતરી મંદિરના રાજમાતા ગુલાબકુનવરબા ઓડિટોરિયમ ખાતે આ ત્રણ દિવસીય કાર્યક્રમ તા. ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ રહ્યો છે. આ પ્રદર્શન અંતર્ગત જામનગર મહાનગરપાલિકા સંચાલિત વિવિધ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૦ ના અંદાજે ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને વિજ્ઞાનની અજાયબીઓ દર્શાવતી ૩ઉ ફિલ્મ નિહાળવાની તક મળી રહી છે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અને મનોરંજન સાથે શિક્ષણ આપવાના આ પ્રયાસને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ સમગ્ર આયોજન ITRA દ્વારા નિઃશુલ્ક કરવામાં આવ્યું છે, જેમાં એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (ધ્રોલ)નો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે. ઉપરાંત, જામનગર મહાનગરપાલિકાની શૈક્ષણિક સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને શાળાએથી કાર્યક્રમ સ્થળ સુધી લાવવા અને પરત સુરક્ષિત પહોંચાડવા માટે પરિવહનની ખાસ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી

# ગુજરાતનું બજેટ ચૂંટણીલક્ષી અને છેતરામણી જાહેરાતોનો પટારોઃ કોંગ્રેસ

જામનગર શહેર કોંગ્રેસ મહામંત્રી ભરતભાઈ વાળાએ ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટને 'ચૂંટણીલક્ષી' ગણાવી તેની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું હતું કે, આ બજેટમાં ગરીબો, યુવાનો અને ખેડૂતો માટે માત્ર પોકળ જાહેરાતો જ છે, પરંતુ મોંઘવારી કે બેરોજગારી ઘટાડવા માટે કોઈ નક્કર આયોજન નથી. ગાંધીનગરમાં નમો સેન્ટ્રલ લાઈબ્રેરી બનાવવાના નિર્ણય પર સવાલ ઉઠાવતા તેમણે ઉમેર્યું કે, ગામડાનો વિદ્યાર્થી ગાંધીનગર સુધી ભણવા જઈ શકશે નહીં; ખરેખર તો આવી સુવિધા દરેક તાલુકામાં હોવી જોઈએ. પછાત વર્ગના વિદ્યાર્થીઓની સહાયમાં કરાયેલા નજીવા વધારાને હાસ્યાસ્પદ ગણાવી, તેમણે આ બજેટને આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કરાયેલી જાહેરાતોની ભરમાર ગણાવી હતી.

# હજ યાત્રીઓ માટે રસીકરણ અને મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો


સાઉદી અરેબિયાના મક્કા અને મદીના ખાતેની પવિત્ર હજ યાત્રાએ જનારા જામનગરના યાત્રિકો માટે રસીકરણ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય પ્રવાસના નિયમો અને સાઉદી સરકારની સ્વાસ્થ્ય માર્ગદર્શિકા અનુસાર, દરેક યાત્રિક માટે જરૂરી રસી લેવી ફરજિયાત હોય છે, જેના ભાગરૂપે આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જામનગરની જી.જી. હોસ્પિટલના ડોક્ટર પ્રસાદ અને તેમની મેડિકલ ટીમે ખડેપગે રહીને સેવાઓ આપી હતી. રસીકરણની સાથે સાથે તબીબો દ્વારા તમામ યાત્રિકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી અને યાત્રા દરમિયાન રાખવાની થતી તબીબી સાવચેતીઓ તેમજ સ્વાસ્થ્ય સંબંધિત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

હજ કમિટી વતી વકીલ હાજી દાઉદભાઈ સમા, વકીલ હમીદભાઈ દેદા તેમજ નિવૃત્ત પોલીસ એએસઆઈ હાજી મહમદરફીક કે. સમાએ ઉપસ્થિત રહીને વ્યવસ્થાઓ સંભાળી હતી. પવિત્ર યાત્રાએ જવા માટેના આ પ્રથમ અને મહત્વના તબક્કાને લઈ યાત્રિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહજીનો જન્મદિન નવાનગર રાજ્યના ઐતિહાસિક 'રાષ્ટ્રગીત' અને 'ઝંડા ગીત'ના સંસ્મરણોની પ્રસ્તુતિ

## બીજા વિશ્વયુદ્ધ સમયે પોલેન્ડના શરણાર્થીઓ અને હાલારના બાળકો જે ગીત ગુંજાવતા, તે નવાનગરના અમર વારસાની ઝાંખી



૧૯ ફેબ્રુઆરી તિથિ મુજબ અને ૨૦ ફેબ્રુઆરી એટલે આજે તારીખ મુજબ નવાનગર સ્ટેટના નેક નામદાર મહારાજ જામસાહેબ શત્રુશલ્યસિંહજીનો જન્મદિવસ છે. આ મંગલ અવસરે જામનગરના ભવ્ય અને ગૌરવશાળી ઈતિહાસના એક અતૂટ હિસ્સા સમાન નવાનગર રાજ્યના 'રાષ્ટ્રગીત' અને 'ઝંડા ગીત'ના સોનેરી સંસ્મરણો તાજા થયા છે, જે હાલારની ધરતી અને રાજવી પરિવાર પ્રત્યેની અતૂટ આસ્થાનું પ્રતીક છે.

આ ગીતોનો ઈતિહાસ સને ૧૯૪૩ના બીજા વિશ્વયુદ્ધના સમયગાળા સાથે જોડાયેલો છે. જ્યારે જામસાહેબ દિગ્વીજયસિંહજીએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી પોલેન્ડના બાળકો અને સ્ત્રીઓને બાલાચડીના ગ્રીષ્મ મહેલમાં આશરો આપ્યો હતો, ત્યારે ત્યાં બ્રિટિશ અને પોલેન્ડના ગીતોની સાથે નવાનગર રાજ્યનું રાષ્ટ્રગીત પણ ગૌરવભેર ગુંજતું હતું. આ ઐતિહાસિક ગીતોની ગ્રામોફોન રેકોર્ડ (ઈ.ખ.ટ. નં. ૧૫૩૮૧-ઘખક ૧૭૪૫/૪૬) તે સમયે પ્રસિદ્ધ થઈ હતી, જેમાં એક તરફ 'જામનગર ફ્લેગ સેલ્યુટેશન' અને બીજી તરફ 'જામનગર નેશનલ એન્થમ' અંકિત હતા.

આ ગીતોની રચના તે સમયના રાજ્યના રેવન્યુ સેક્રેટરી સૂરસિંહજી શિવસિંહજી જાડેજા દ્વારા કરવામાં આવી હતી. તેમણે ૧૯૪૧ની સુપ્રસિદ્ધ ફિલ્મ 'સિકંદર'ના ગીત ''ઝીંદગી હૈ પ્યાર સે...'' ની મધુર ધૂન પર આ રચનાઓ તૈયાર કરી હતી, જેમાં રાજ્યના મિલિટરી બેન્ડના સૂર રેલાવવામાં આવ્યા હતા. જામનગરના વરિષ્ઠ ઈતિહાસવિદ શ્રી હરિવદન શાંતિલાલ જોશીએ આ અમૂલ્ય રેકોર્ડ અને તેની વિગતોનો સંગ્રહ કરીને આ વારસાને જીવંત રાખ્યો છે. ૧૯૪૦ના દાયકામાં આ ગીતો બાળપોથીના પાઠ્યપુસ્તકમાં પણ સામેલ હતા, જેના કારણે તે સમયના બાળકો અત્યંત ગૌરવ અને પ્રેમ સાથે ''જામ હમારા પ્રાણ હૈ, જામનગર કી શાન હૈ'' ગાઈને જામસાહેબ પ્રત્યેનો પોતાનો આદર વ્યક્ત કરતા હતા. આજે જામસાહેબના જન્મદિવસના અવસરે આ ગીતોનું સ્મરણ એ માત્ર ઈતિહાસની યાદ નથી, પરંતુ હાલારની પ્રજા અને રાજવી પરિવાર વચ્ચેના અતૂટ પ્રેમ અને વિશ્વાસના સંબંધોની અભિવ્યક્તિ છે.

# ધ્રોલના વોર્ડ નં.૪ની શાળામાં સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત ધ્રોલ નગરપાલિકા દ્વારા જનજાગૃતિ ફેલાવવાના હેતુથી વોર્ડ નં. ૪ માં આવેલી તાલુકા શાળા ખાતે સ્વચ્છતા અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષક ગણને સ્વચ્છતા જાળવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધ્રોલ નગરપાલિકાના ઉપપ્રમુખ રંજનબેન ગોવિંદભાઈ દલસાણીયા, કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઈ ગોસાઈ, સભ્ય દિનેશસિંહ ગોહિલ, રણછોડભાઈ પરમાર તેમજ ફિરોઝભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પોતાના ઘર, શાળા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા માટે પ્રેરિત કર્યા હતા અને સ્વચ્છતાના વિવિધ પાસાઓ વિશે માહિતગાર કર્યા હતા.આ તકે નગરપાલિકાના SBM (સ્વચ્છ ભારત મિશન) સ્ટાફ તેમજ તાલુકા શાળાના પ્રિન્સીપાલ અને શિક્ષક ગણે કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સ્વચ્છતાના નિયમોનું પાલન કરવાની અને શહેરને સુંદર બનાવવાની નગરપાલિકાની આ ઝુંબેશમાં જોડાવાની ઉત્સાહભેર ખાતરી આપી હતી.

# ખંભાળિયાઃ આર.એન.વારોતરીયા કોલેજ ખાતે મહિલાઓની જાતીય સતામણી અંગે જાગૃતિ સેમિનાર યોજાયો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, દેવભૂમિ દ્વારકા દ્વારા મહિલાઓના કાનૂની હક્કો વિશે જાગૃત કરવા અને સુરક્ષિત કાર્યસ્થળ માટે માર્ગદર્શન પુરૂ પાડવાના હેતુથી ડો.આર.એન. વારોતરીયા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જામ ખંભાળીયા ખાતે કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને ફરીયાદ નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.ચંદ્રેશકુમાર ભાંભી દ્વારા જાતીય સતામણી અંગેની વિવિધ કાયદાકીય જોગવાઈઓ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં એઆઈના માધ્યમથી થતી જાતીય સતામણી અંગે તેના દુષ્પરિણામો અંગે ઉડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવેલ. જિલ્લા કાનુની સેવા સતામંડળમાંથી પધારેલા વકીલ ગોપીબેન મુન્દ્રા દ્વારા કાયદાની વિવિધ કલમો અને જોગવાઈઓ તથા મહિલાઓને મળતી મફત કાનુની સહાય વિશે માહિતી પુરી પાડવામાં આવેલ. દહેજ પ્રતિબંધક અને સહરક્ષણ અધિકારી પ્રફુલ પી. જાદવ તથા ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમનના ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર દિવ્યાબેન બારડ દ્વારા મહિલા અને બાળવિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપેલ.

# જામજોધપુરમાં એવીડીએસ આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં વર્કશોપ યોજાયો

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

એ વી ડી એસ કોલેજ જામજોધપુરના કોલેજ હોલમાં વિધાર્થીઓને બજેટ વિશે માહિતગાર કરવા માટે વર્કશોપ યોજાયો. જેમાં કોલેજના જ અર્થશાસ્ત્રના પ્રો. સમીરભાઈ માણેક સાહેબ દ્વારા નવા બજેટ વિશેની માહિતી આપી હતી. જેમાં બજેટનું વર્ષ ક્યારથી શરૂ થાય અને તેનો ફાયદો શું ? અને તેની અસરો પર સરસ વ્યાખ્યાન આપ્યું. અતિથિ વિશેષ તરીકે આ વર્કશોપમાં મિતેષભાઈ શાહ સાહેબે પણ બજેટ વિશે વ્યાખ્યાન આપ્યું. જેમાં આપણા દેશનું પ્રથમ બજેટ થી લઈને આજ સુધીના બજેટનું મહત્વ સમજાવ્યું.આ વર્કશોપનું સંચાલન ડો. ભરતભાઈ ભાલીયા સાહેબે કર્યું હતું.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન ત્રણ દિવસ ગુજરાતના મહેમાનઃ સાંસદ-ધારાસભ્યો સાથે બેઠક



## રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ પ્રથમ વખત ગુજરાતના આંગણે આવેલા નીતિન નવીનનું એરપોર્ટ પર ભાજપના કાર્યકરો દ્વારા ઉષ્માભેર સ્વાગતઃ કાલે સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજાશે

**અબતક, રાજકોટ**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ આજે નીતિન નવીન પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓ ત્રણ દિવસ સુધી ગુજરાતના મહેમાન બન્યા છે. વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. અમદાવાદ અને ગાંધીનગરમાં પક્ષ આયોજીત કાર્યક્રમોમાં સામેલ થશે. ભાજપના સંગઠનના હોદ્દેદારો અને સાંસદ-ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાશે.

ભારતીય જનતા પાર્ટીએ વિચારધારાને સમર્પિત કાર્યકર્તાઓની પાર્ટી છે. ભારતીય જનતા પાર્ટીમાં બુથનો કાર્યકર્તા અને સામાન્ય બેકગ્રાઉન્ડમાંથી આવતો કાર્યકર્તા પણ સર્વોચ્ચ સ્થાને પહોંચી શકે છે. જેના અનેક ઉદાહરણો આપણી સમક્ષ છે. ચાહે તે મહેસાણામાં વડનગરમાં ગરીબ પરિવારમાં જન્મ લઈ દેશના પ્રધાનમંત્રી થયેલા નરેન્દ્રભાઈ મોદી હોય કે પછી અમદાવાદના નારણપુરા ખાતે બુથ એજન્ટ તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને દેશના ગૃહ અને સહકાર મંત્રી સુધીની જવાબદારી મેળવનારા અમિતભાઈ શાહ હોય, આવા તો ભાજપમાં અનેક દાખલા છે કે, જેઓના જાહેર જીવનની શરૂઆત એક સામાન્ય કાર્યકર્તા તરીકે થઈ હોય, વોલ પેઈન્ટિંગ કર્યું હોય, ઝંડા લગાવ્યા હોય અને સમય સાથે તેઓએ પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરે મહત્વની જવાબદારીઓ નિભાવી નાગરિકોના હૃદયમાં સ્થાન બનાવ્યું હોય. ભાજપાનો આ ગુણ જ તેને 'પાર્ટી વિથ ડિફેન્સ' બનાવે છે.

તાજેતરમાં જ ભાજપના શીર્ષસ્થ નેતૃત્વ દ્વારા ભાજપાની વિચારધારાને સમર્પિત, યુવાવસ્થાથી જ ભાજપમાં સક્રિય ભૂમિકા ભજવનાર, બિહાર પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ, રાષ્ટ્રીય યુવા મોરચા મહામંત્રી, છત્તીસગઢ અને સિક્કિમના પ્રભારી ધારાસભ્ય અને બિહાર સરકારમાં મંત્રી તરીકેની સફળ જવાબદારીઓ નિભાવનાર નીતિન નવીનજીને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની કમાન સોંપવામાં આવી છે. ૪૫ વર્ષની આયુ ધરાવતા નીતિન નવીનજી ભારતીય જનતા પાર્ટીના અત્યાર સુધીના સૌથી નાની વયના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્તિ પામ્યા છે.

તેઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ આજે પ્રથમ વખત ગુજરાત પ્રવાસે આવી રહ્યાં છે. તેઓના ત્રિ-દિવસીય ગુજરાત પ્રવાસ અંતર્ગત ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન તેઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

નીતિન નવીનનું આજે શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે અમદાવાદ ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર આગમન થયું હતું. જ્યાં ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમના આયોજન સાથે ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓ તેઓને ગુજરાતની પવિત્ર ધરા પર આવકાર્યા હતા.

(અનુ. આઠમા પાને)

### ત્રણ દિવસના કાર્યક્રમો

આજે અમદાવાદ ખાતે સંસદસભ્યો અને ધારાસભ્યો સાથે સંવાદ, ગાંધીનગર ખાતે પ્રબુદ્ધ નાગરિકો સાથે 'બજેટ મીટ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

કાલે ગુજરાતની આગવી ઓળખ એવા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરશે તેમજ પ્રાચીન, પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરશે.

કાલે 'શ્રી કમલમ' ખાતે પ્રદેશ પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો, સિનિયર આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. ગિફ્ટ સિટી ખાતે યંગ વોઈસ સમિટમાં યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ ફાઉંડર્સને સંબોધિત કરશે.

અમદાવાદના જીએમડીસી હોલ ખાતે બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે. રવિવારે અમદાવાદના ખાડિયા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમને નિહાળશે.

# ગુજરાતના માછીમારોને હવે ઉંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારીની સત્તાવાર પરવાનગી

## વેરાવળ ખાતે એકસકલુઝિવ ઈકોનોમિક ઝોનમાં માછીમારો માટે એક્સસ પાસનું લોન્ચીંગ કરતા કેન્દ્રીય રાજયમંત્રી

**અબતક, રાજકોટ**

ભારતના એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન નિયમોને અમલમાં મૂકવા અને ઊંડા સમુદ્રમાં માછીમારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી એક સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી અને પંચાયતી રાજ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ આજ વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્રમાં માછીમારી માટે એક્સેસ પાસ ફ્રેમવર્ક લોન્ચ કરશે. આ નવું માળખું માછીમારોને ઊંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારી માટે સત્તાવાર પરવાનગી મેળવવાનું સરળ બનાવશે.

ભારત ૧૧,૦૯૯ કિમીનો દરિયાકિનારો ધરાવે છે અને ૨૪ લાખ ચોરસ કિમીમાં ઈઈઝેડ ધરાવે છે. પુષ્કળ દરિયાઈ સંપત્તિથી સમૃદ્ધ હોવા છતાં મોટાભાગની માછીમારી પ્રવૃત્તિઓ ૪૦-૫૦ નોટિકલ માઈલ સુધી મર્યાદિત રહે છે. ઈઈઝેડ રૂલ્સ, ૨૦૨૫માં માછીમારીના ટકાઉ ઉપયોગને ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટેરિટોરિયલ વોટર્સ, કોન્ટિનેન્ટલ શેલ્ફ, એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન અને અન્ય મેરીટાઈમ ઝોન્સ એક્ટ, ૧૯૭૬ હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા.આ માળખું દેખરેખ,

(અનુ. આઠમા પાને)



# બજેટમાં જાહેર કરાયેલી નવી યોજના માટે ડ્રાફ્ટ જીઆર, ટેન્ડર અને વહીવટી પ્રક્રિયા શરૂ કરી દેવા સીએમની સુચના

## કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની તુલના અને સમીક્ષા કરી ત્રુટીઓ દુર કરવા પણ તાકીદ

**અબતક, રાજકોટ**

ગુજરાતના નવા નાણાકીય વર્ષના બજેટમાં જાહેર કરવામાં આવેલી યોજનાઓનો ડ્રાફ્ટ જીઆઈ, ડ્રાફ્ટ ટેન્ડર અને વહિવટી પ્રક્રિયા અત્યારથી જ શરૂ કરી દેવા મુખ્યમંત્રી દ્વારા મુખ્ય સચિવને સુચના આપી દેવામાં આવી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીમંડળના સભ્યો અને સચિવો દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ નાણા મંત્રી કનુભાઈ દેસાઈને ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું અને ઐતિહાસિક બજેટ રજૂ કરવા બદલ વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

કેબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવકતા મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં અપાયેલી રાહતોને કારણે સામાન્ય જનતાને રાહત મળી છે. જીએસટીમાં રાહત બાદ રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થવાની સંભાવના હોવા છતાં, ગુજરાત સરકારે પોતાની વહીવટી કાર્યક્ષમતાના જોરે બજેટમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે.

અર્થશાસ્ત્રીઓ અને વિદ્વાનો દ્વારા પણ આ બજેટની સરાહના કરવામાં આવી છે. આ બજેટ આદિજાતિ, અનુસૂચિત જાતિ,

(અનુ. આઠમા પાને)

# બોર્ડ-નિગમોને જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને સીએમની મંજુરી

## પાણી પુરવઠા બોર્ડ, જેટકો, ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને ગુજરાત પાવર કોર્પોરેશનને વિવિધ પ્રોજેક્ટ્સ માટે ૧.૨૨ કરોડ ચો. મીટરથી વધુ જમીનની ફાળવણી

**અબતક, રાજકોટ**

રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાણી પુરવઠા, ઊર્જા અને બંદર વિકાસ માટે મુખ્યમંત્રીએ જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને મંજૂરી આપી છે.

આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પાણી પુરવઠા બોર્ડ, જેટકો , ગુજરાત પાવર કોર્પોરેશન અને મેરીટાઈમ બોર્ડ જેવા સંસ્થાનોને વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ માટે કુલ ૧,૨૨,૫૩,૦૯૬ ચો. મીટર જમીન ફાળવવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવાનો છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જે તે સંસ્થાઓને ફાળવવામાં આવેલી આ જમીનો પર આગામી સમયમાં મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ કાર્યરત થશે, જેનો સીધો લાભ સ્થાનિક જનતાને મળશે. સૌથી વધુ ગુજરાત પાવર કોર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે અંદાજે ૧,૨૦,૬૦,૦૦૦ ચો.મી. જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત ગુજરાત પાણી પુરવઠા બોર્ડને વિવિધ ૧૪

(અનુ. આઠમા પાને)

# ઘરેથી ઉપાડી જાનથી મારી નાખવો છેઃ ઈન્સ્ટામાં સતત ધમકીઓ મળતા યુવકે આપઘાત કર્યો

## ગોંડલના કરમાળ કોટડા ગામના યુવાનને 'પૂજારાનીક૦૪૦' નામના ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારકે તારા ટાંટિયા ભાંગી નાખવા છે, ગામમાં ફૂલેકું કાઢવું છે સહિતના મેસેજ મોકલી બ્લેકમેલ કરાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના કરમાળ કોટડા ગામના યુવકને ઈન્સ્ટાગ્રામમાં બેફામ ધમકી આપી, બ્લેકમેલ કરવામાં આવ્યો હતો. જે ધમકીઓથી કંટાળી યુવકે ભાદર નદીના કાંઠે બાવળના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી હતી. યુવકે આપઘાત કરતા પૂર્વે વિડીયો બનાવી આપવીતી વર્ણવતા પોલિસે ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારક વિરુદ્ધ મરવા મજબુર કર્યાનો ગુનો નોંધી એકાઉન્ટ હોલ્ડરની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ મામલે ગોંડલના કરમાળ કોટડા ગામે ઉદયપુરપરા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય ખેડૂત ભરતભાઈ ઉર્ફે લાલો ભાનુભાઈ ડાંગરે આરોપી તરીકે 'પૂજારાનીક૦૪૦' નામના ઈન્સ્ટાગ્રામ આઈડી ધારકનું નામ આપતાં આટકોટ પોલિસે બીએનએસની કલમ ૧૦૮, ૩૦૮(૪), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદી યુવાને જણાવ્યું હતું કે, ગઈ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યે હું મારૂ મોટર સાયકલ લઈને મારી વાડીએ ગયેલ હતો. જયા મારો પિતરાઈ ભાઈ રણજીતભાઈ દાનાભાઈ ડાંગર પણ હાજર હતા. અમે બંને ત્યા આશરે ૨૦ મિનીટ સાથે બેસેલ હતા અને ખેતીકામ અંગેની ચર્ચા કરેલ હતી. બાદ આશરે ચાર વાગ્યે હું વાડીએથી મારા ઘરે જતો રહેલ હતો. બાદ રાત્રીના આશરે સાડા નવ વાગ્યે મારા કુટુંબી ભાઈ વનરાજભાઈ રામભાઈ ડાંગરનો મને ફોન આવેલ કે, રણજીતભાઈ હજુ સુધી વાડીએથી ઘરે આવેલ નથી. અને અમે તેની શોધમાં વાડી બાજુ જઈએ છીએ,

(અનુ. આઠમા પાને)

**ધમકીઓથી કંટાળી રણજિત ડાંગરે મોબાઈલમાં વિડીયો બનાવી ભાદર નદી કાંઠે ગળાફાંસો ખાઈ લીધો'તો આટકોટ પોલિસે મરવા મજબુર કર્યાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી**

# લગ્ન નોંધણી માટે આજે નવા નિયમોની કરાશે જાહેરાત

## માતા-પિતાની સહમતી ફરજિયાત કરાશેઃ ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ગૃહમાં ચર્ચા બાદ નિયમો જાહેર કરશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં લગ્ન નોંધણી માટે આજે રાજય સરકાર દ્વારા નવા નિયમોની જાહેરાત કરવામા આવશે. વિધાનસભામા ચાલી રહેલા બજેટ સત્રમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ચર્ચા કર્યા બાદ નવા નિયમોની સતાવાર જાહેરાત કરશે. રાજયમાં લવ જેહાદના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે કેટલાક સમાજો દ્વારા લગ્ન નોંધણીમાં માતા-પિતાની સહમતી સહિતના આકરા નિયમો અમલમાં મૂકવાની માંગણી છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી છે. જેને ધ્યાનમાં રાખી રાજય સરકાર દ્વારા પણ લગ્ન નોંધણીના નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જાહેર અગત્યની બાબતોનાં નિયમ ૪૪ પર વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ લગ્ન નોંધણી માટેના નવા નિયમોની જાહેરાત કરવામાં આવશે. મેરેજ રજીસ્ટ્રેશન માટે પ્રવર્તમાન નિયમોમાં માતા-પિતાના સહમતીની કોઈજ આવશ્યકતા નથી. નવા નિયમોમાં લગ્ન નોધણી સમયે દીકરીના માતા-પિતાની પરવાનગી ફરજીયાત કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય કેટલાક આકરા નિયમો પણ લાદવામાં આવશે. સંભવતઃ આજે જ નવા નિયમો જાહેર કરી દેવામા આવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આજે લગ્ન નોંધણીમાં સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં મૂક્યુ હતું. જેની સામે વાંધા સૂચનો રજૂ કરવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. ૩૦ દિવસ સુધી વાંધા સૂચનો લઈ તેનો સ્વીકાર કર્યા બાદ આ નવું સુધારા વિધાયક રાજ્યમાં લાગુ કરી દેવામાં આવશે. વિધાનસભા ગૃહમાં મોટાભાગના ધારાસભ્યોએ આ બિલની સરાહના કરી હતી. બીલ રજૂ કરતી વખતે હર્ષ સંઘવી જણાવ્યું હતું કે લગ્ન એક પવિત્ર બંધન છે જેમાં કોઈપણ જાતની છેતરપિંડી થવી જોઈએ નહીં તેવો રાજય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે.



# ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ 'માવઠું': પાકને નુકશાનીની ભીતિ

## સુરત, વડોદરા, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ સહિતના વિસ્તારોમાં મધરાતે કમોસમી વરસાદ પડયોઃ જગતાતમાં ચિંતાનું મોજુ

**અબતક,રાજકોટ**

શિયાળાની સિઝન હવે વિદાય લેવા તરફ આગળ વધી રહી છે. ઉનાળાના પગરવ થઈ રહ્યા છે. ત્યારે પાડોશી રાજય રાજસ્થાનમાં સર્જાયેલા સાયકલોનીક સરકયુલેશનની અસરના કારણે વધુ એકવખત ગુજરાતના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ગત મધરાતે કેટલીક જગ્યાએ કમોસમી વરસાદ પડયો હતો. ખેતરોમાં તૈયાર થઈને ઉભેલા પાકને પારાવાર નુકશાની થવાની પણ ભીતિ ઉભી થવા પામી છે. આગામી એકથી બે દિવસ હજી વાદળછાયું વાતાવરણ રહેશે રાજયમાં કેટલાક વિસ્તારોમા કમોસમી વરસાદ પડો તેવી આગાહી આપવામાં આવી છે. આવતા સપ્તાહથી રાજયમાં મહતમ તાપમાનનો પારો બે થી ત્રણ ડિગ્રી સુધી ઉંચકાશે.

રાજયમાં એક સાથે ત્રણ ત્રણ સિસ્ટમ સક્રિય થવાના કારણે ફરી એકવાર વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગત મધરાત્રે દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, ગોધરા, વડોદરા, હાંસોટ પંથકમાં માવઠા વરસી રહ્યા છે.જેના કારણે મકાઈ, તુવેર અને ઘઉં સહિતના પાકને નુકશાની થવાની ભીતિ રહેલી છે. માવઠાથી વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી જવા પામી છે.એક તરફ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. ત્યારે કમોસમી વરસાદથી લગ્ન પ્રસંગવાળા પરિવારમાં ચિંતા પ્રસરી જવા પામી છે. ભરૂચમં પણ વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

આગામી બે દિવસ સુધી વાતાવરણ પલટાયેલું રહેશે આજે લઘુતમ તાપમાનનો પારો થોડો નીચો પટકાયો હતો. થોડી ઠંડકનો અનુભવ થતો હતો. આજે અમદાવાદનું લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૧૭.૨ ડિગ્રી, બરોડાનું તાપમાન ૨૧.૪ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૨૨.૪ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૮.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૧૮.૨ ડિગ્રી, દિવનું

(અનુ. આઠમા પાને)

# 'સ્વાસ્થ્ય વર્ધક' ક્રેઝઃ ન્યુટ્રાસ્યુટિકલ દવાઓના વેચાણમાં ૪ વર્ષમાં ૪૨% નો ઉછાળો

## એક સર્વે મુજબ ૫૩% લોકો દર મહિને આ સપ્લીમેન્ટ્સ પાછળ રૂ. ૨ હજારથી વધુ ખર્ચ કરે છે

આજના ભાગદોડભર્યા અને આધુનિક યુગમાં માનવીની જીવનશૈલીમાં ધરખમ પરિવર્તન આવ્યું છે. એક સમયે 'સ્વાસ્થ્ય' એટલે માત્ર બીમારીનો અભાવ ગણવામાં આવતો હતો, પરંતુ આજે સ્વાસ્થ્યની વ્યાખ્યા બદલાઈને 'સંપૂર્ણ સુખાકારી' સુધી પહોંચી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ખાસ કરીને કોરોનાકાળ પછી, લોકોની વિચારધારામાં એક મોટો વળાંક આવ્યો છે ''બીમાર પડ્યા પછી ઈલાજ કરવા કરતાં, બીમાર ન પડાય તેવી જીવનશૈલી અપનાવવી.

ગુજરાત, જે હંમેશા આર્થિક અને સામાજિક રીતે પ્રગતિશીલ રહ્યું છે, ત્યાં હવે એક નવી 'હેલ્થ વેવ' જોવા મળી રહી છે. આ લહેર એટલે ન્યુટ્રાસ્યુટિકલ્સ અને પ્રિવેન્ટિવ હેલ્થકેરની છે. ડાયાબિટીસ, હાયપરટેન્શન અને હૃદયરોગ જેવા જીવનશૈલી સાથે જોડાયેલા રોગોના વધતા જોખમોને જોતા, હવે માત્ર દવાઓ પર નિર્ભર રહેવાને બદલે લોકો પોષણયુક્ત આહાર અને પૂરક તત્વો તરફ વળ્યા છે.

માત્ર 'પેટ ભરવા માટે જમવું' એ ખ્યાલ હવે જૂનો થઈ રહ્યો છે. તેની જગ્યાએ હવે શરીરમાં વિટામિન્સ, મિનરલ્સ અને અન્ય સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ ન સર્જાય તે માટે ગુજરાતીઓ જાગૃત બન્યા છે. આ જાગૃતિને કારણે જ આજે ન્યુટ્રાસ્યુટિકલ્સનું બજાર ગુજરાતમાં અભૂતપૂર્વ ગતિએ આગળ વધી રહ્યું છે. આ આંકડાઓ માત્ર વેચાણ નથી દર્શાવતા, પરંતુ એ હકીકત સાબિત કરે છે કે હવે સામાન્ય નાગરિક પોતાના સ્વાસ્થ્યને એક 'ખર્ચ' નહીં પણ 'લાંબા ગાળાનું રોકાણ' ગણી રહ્યો છે.

જયારે સમાજમાં હોસ્પિટલના બિલો ભરવાને બદલે હેલ્થ સપ્લીમેન્ટ્સ પાછળ ખર્ચ કરવાની તૈયારી વધે, ત્યારે સમજવું કે સ્વાસ્થ્ય પ્રત્યેની સમજણ હવે પરિપકવ થઈ રહી છે.

પ્રસ્તુત અહેવાલ ગુજરાતમાં કેવી રીતે ન્યુટ્રાસ્યુટિકલ્સનો ક્રેઝ વધી રહ્યો છે અને લોકો કેવી રીતે પોતાની તંદુરસ્તી માટે સજાગ બન્યા છે તેની વિસ્તૃત વિગતો રજૂ કરે છે. આ જ કારણ છે કે વિટામિન્સ અને ન્યુટ્રાસ્યુટિકલ્સ (પોષક તત્વો) હવે લોકોના રસોડાનો અને મંથલી બજેટનો કાયમી હિસ્સો બની ગયા છે.

અમદાવાદના પ્રોડકટ ડિઝાઈનર ચાર્વી સલીલ જેવા અનેક લોકો માને છે કે હેલ્થ એ 'લાંબા ગાળાનું રોકાણ' છે. વાર્ષિક બોડી ચેકઅપ કરાવીને પ્રોટીન, ઓમેગા-૩ અને મલ્ટી-વિટામિન્સ લેવા એ હવે લક્ઝરી નહીં પણ જરૂરિયાત બની ગઈ છે. ૬૭% લોકો માને છે કે આજના સમયમાં સ્વસ્થ રહેવા માટે આ ચીજો અનિવાર્ય છે.

### ગુજરાતમાં સપ્લીમેન્ટ્સનો ઉછાળો (આંકડા – કરોડમાં)

| કેટેગરી (વિગત) | જાન્યુઆરી ૨૦૨૨ (કરોડમાં) | જાન્યુઆરી ૨૦૨૬ (કરોડમાં) |
|---|---|---|
| વિટામિન્સ | ૩૨૬.૩ | ૪૨૨.૩ |
| ન્યુટ્રાસ્યુટિકલ્સ | ૧૯૨.૨ | ૨૭૪.૩ |
| કેલ્શિયમ પ્રોડક્ટ્સ | ૧૧૩.૪ | ૧૫૪.૯ |
| મિનરલ સપ્લીમેન્ટ્સ | ૧૭.૫. | ૩૧.૫ |
| બાયોટિન અને કોમ્બિનેશન | ૧૬.૬ | ૨૧.૨ |
| ભૂખ લગાડનાર | ૧૨.૧ | ૯.૯ |
| ખનિજ તત્વો | ૦.૬ | ૦.૮ |
| પોષક તત્વો | ૧.૪ | ૦.૬ |
| કેલરી સોલ્યુશન્સ | ૦.૧ | ૦.૧ |

એક સર્વે મુજબ, ૫૩% લોકો દર મહિને આ સપ્લીમેન્ટ્સ પાછળ રૂ. ૨,૦૦૦ થી વધુ ખર્ચ કરે છે.

ડોક્ટરની સલાહ વગર કે જોયા વગર ગમે તે વિટામિન્સ લેવા જોખમી બની શકે છે. ડો. આર.સી. દામાણી અને ડો. ધીરેન મહેતા જણાવે છે કે પોષક તત્વો સીધા ખોરાકમાંથી મળે તે સૌથી શ્રેષ્ઠ છે. શરીરમાં ખરેખર કયા વિટામિનની ઉણપ છે તે બ્લડ ટેસ્ટ દ્વારા જાણીને જ ચોક્કસ ટેબ્લેટ લેવી જોઈએ. ગુજરાતમાં હવે હેલ્થ પ્રત્યેની જાગૃતિ ઈલાજથી હટીને અટકાવ તરફ વળી છે. લોકો હવે ઘરડા થયા પછી નહીં, પણ યુવાનીથી જ 'એજિંગ મેનેજમેન્ટ' કરી રહ્યા છે.